શ્રી.

વાઘેશ્વરી માતાજીનો

ગરબો.

છપાવી પ્રસીદ્ધ કરનાર.

શા. મંગળદાસ બાપુજી.

ઠે. ડુમરાલ બજાર મુ. નડીઆદ.

આવૃતી પહેલી. પ્રત ૨૦૦૦ સને ૧૯૨૧

અમદાવાદ—પીરમશાના રોજા પાસે "શ્રી સત્યસાગર"
પ્રિન્ટીંગ પ્રેસમાં પટેલ પોચાભાઈ ચતુરભાઈએ છાપી.

મુલ્ય. ૦—૯—૦

શ્રી વાઘેશ્વરી માતાજીનો

ગરબો.

રચનાર.

પટેલ નારણદાસ દ્વારકાંદાસ.

ઠે. લખાવાડ મુ. નડીઆદ.

છપાવી પ્રસીદ્ધ કરનાર.

શા. મંગળદાશ બાપુજી.

ઠે. હુમરાલ બજાર મુ. નડીઆદ.

આવૃતી પહેલી. પ્રત ૨૦૦૦ સંવત ૧૯૬૭

શ્રી સત્યસાગર પ્રીન્ટીંગ પ્રેસમાં પીરમશાના રોઝા પાસે પટેલ પીચાભાઇ ચકુભાઇએ છાપ્યું.

મુલ્ય. ૦-૮-૦

अंबा, सांमळवी, चंद्रमौळी, रमळांम, वरळा, उमा, पारवती, काळीहैयमवती, शीवात्री नयनी कात्यायनी भैरवी शावीत्री वनेयु वनाम शुभ करी शाम्राज लक्ष्मी-पराम चीद्रुपी परदेवताम भगवती मामयातु वीश्वेस्वरी.

વાઘેશ્વરીનો ગરબો

મા બ્રહ્મ તનીઆને વિનવું — વાઘેશ્વરીરે.
ગણપતિને લાગુ પાય — આરાસુર રાણીરે.
મા સેવક જાણી તાહરો — વા૦
કરજો મુજપર મહેર — આ૦
મા ગાંડો ઘેલો તાહરો — વા૦
અમી દ્રષ્ટે જોજો માત — આરા૦
મા નીચ મતીનો હું પ્રાણીઓ — વા૦
મુજપર ના કરશો રોશ — આરા૦

મા બાળક બુદ્ધિ શું કરૂં — વાગ્ગેશ્વરી૦
રૂદીઆમાં વસજો માત — આરા૦
મા ગુણ ગંભીર છે તાહરો — વા૦
કહેતાં ના આવે પાર — આરા૦
મા સત્યુગના મધ્ય ભાગમાં — વા૦
દૈત્યો એ દીધું દુઃખ — આરા૦
મા ગૌ બ્રાહ્મણ ખરભળ્યાં — વા૦
ખરભળીઓ મોરૂધ્વજરાય — આરા૦
મા મોરૂધ્વજે તે તપ આદર્યું — વા૦
હીમગીરીએ ભોળોનાથ — આરા૦
મા ભોળાનાથ પ્રસન્ન થયા — વા૦
સાંભળ સતવાદિરાય — આરા૦
મા આદ્ય શક્તિને વિનવો — વા૦
તેથી સરશે તારૂં કાજ — આરા૦
મા મેરૂના દક્ષિણ ભાગમાં — વા૦
જેનું માન સરોવર નામ — આરા૦
મા સુરીનર મુનીવર સ્નાન કરે — વા૦
તાં આવે જુગની માત — આરા૦
મા ગૌર વરણ ભુજ અષ્ટાદશ — વા૦
હોય કેસરી વાઘેરવાર — આરા૦
મા બીજુ સ્વરૂપ રાય ઓળખજે — વા૦
જેનું ગૌર રકત સ્વરૂપ — આરા૦
મા અષ્ટ ભુજા કુખ અંબીકા — વા૦

બટ વાઘે હુશે સ્વાર આરાસુર રાણીરે૦
મા જગત જનુની દુઃખ ભંજની વા૦
તેને જાચ્યો સતવાદી રાય આરા૦
મા મોરૂધ્વજે તપ આરંભીયું વા૦
જમણે પગે તોળી કાય, આરા૦
મા છ માસ જ્યારે પુરા થયા વા૦
ત્યારે રાયનો સુણી પોકાર આરા૦
મા માન સરોવરથી પરવર્યાં વા૦
લીધું ખડગ ખપર ત્રીશુળ આરા૦
મા. વાઘ ચઢી ખડગ ધારી, વા૦
જ્યાં તપ આરંભ્યું રાય, આરા૦
મા જગદંબા મુખ બોલીયાં વા૦
તારા દુઃખનો લાવું અંત આરા૦
મા રાજા મુખથી બોલીઓ વા૦
મારે નગર પધારો માત આરા૦
મા દેત્યો દુઃખ દે છે ઘણું વા૦
દુઃખ ટાળી આપો સુખ આરા૦
મા તે દીવસથી ત્યાં રહ્યાં વા૦
દૈત્યોનાં કાઢયાં મુળ આરા૦
મા. નીરભય ત્યાં રાજા થયો વા૦
કરે રામ સરીખું રાજ આરા૦
મા દ્વાપર જુગના અંતમાં વા૦
થયું હેડંબા કેરૂ વન આરા૦

મા કળીયુગનાં સહુસ્ત્ર વરસ થયાં   વાઘેશ્વરી૦
ત્યારે પ્રગટયો રાઠોડ રાય   આરા૦
મા રાજ્ય સ્થાપ્યું એ લોમમાં   વા૦
જયાં વાઘ વાહનીનો ઠામ   આરા૦
મા ક્ષત્રી કુળમાં ઊંચ છે   વા૦
જેનું નામ છે રાણો રાયમલ્લ   આરા૦
મા રામ સરીખું રાજ છે   વા૦
ત્યાં વસે અઢારે વરણ   આરા૦
મા ત્રણ ગાઉના તર ભેટમાં   વા૦
વસ્યું ગોળ આકારે ગામ   આરા૦
મા ક્ષત્રી કુળ છત્રીસ વસે   વા૦
વસે બ્રાહ્મણ વૈસ્ય અપાર   આરા૦
મા ભાટ ચારણ ગાંધ્રવ વસે   વા૦
હળપતિ તણો નહિ પાર   આરા૦
મા ધનવંતા ઘણા વસે   વા૦
તેમાં ઘણા વસે સોનાર   આરા૦
મા સોળસેં સાત વરસ પુરાં થયાં   વા૦
તારે પ્રગટયો પ્રાગમલ ભુપ   આરા૦
મા સોળ વરસ દીન છત્રીસ થયા   વા૦
રૂડો શનીવારનો દીન   આરા૦
મા તે દિને રાજા આસન બેઠો.   વા૦
તેનો પ્રધાન જવરાજ ચોહાણ   આરા૦
મા રાજ ચલાવે શુભ રીતથી   વા૦

તેણે રાજ કર્યું વરસ અગીઆર આરાસુર રાણીરે૦
મા આસો શુદી સપ્તમી વા૦
આવ્યો જ્યાં માજીનો ગોખ આરા૦
મા સરખી મળી સાહેલડી વા૦
માનાં દરસન કરવા કાજ આરા૦
મા નારી જોઇ રાય ભ્રષ્ટ થયો વા૦
એને કામ વ્યાપો અપાર આરા૦
મા બુદ્ધિ હીણો રાજા થયો વા૦
કોપ્યાં ચાર જુગની માત આરા૦
મા પ્રધાને રાજા નવ વારીયો વા૦
ના સહેવાયું જુગ માત આરા૦
મા અંતરીક્ષથી ગર્જના ઉઠી વા૦
જાણે લુંટાયું રાઠોડ પુર ગામ આરા૦
મા રાજા પ્રધાન વારે ચઢયા વા૦
સજી સઘળાં આયુધ અપાર આરા૦
મા મારો મારો કરતા ફરે વા૦
ફર્યાં નગ્ર તણી ચોપાસ આરા૦
મા ચો તરફ ફરી કરી વા૦
આવ્યો જ્યાં છે ઘોડા સાર આરા૦
મા ઉગમણી ઘોડા સાર છે વા૦
આથમણી સોનીની પોર આરા૦
મા ઉત્તરમાં કાળા અહુ છે વા૦
દક્ષિણમાં સરોવર પાળ આરા૦

મા ચાર ખુંટના મધ્ય ભાગમાં વાઘેશ્વરી૦
ત્યાં બીરાજે વાઘેશ્વરી માત આરા૦
મા મધુપાન કરી રાય આવીઓ વા૦
રાજા પ્રધાન થયા ચકચુર આરા૦
મા સેવક પત્ની માંના વાસણમાં જે વા૦
તે પર રાયે નાંખ્યો તોખાર આરા૦
મા ફાળ પડી સતી નારને વા૦
તેણુ પાડી કારમી રાઢ આરા૦
મા મારી વારે ચઢો વા૦
અહીં કેમ કરી રહેસે લાજ આરા૦
મા ભક્ત તણી વારે ચઢયાં વા૦
લીધું ખડગ ખપ્પર હાથ આરા૦
મા મોટી ગર્જના આપે કીધી વા૦
આવી ચોસઠ જોગણી સાથ આરા૦
મા વીર વઇતાલ ભુત પલીતડાં વા૦
આવ સાકણી ડાકણીની સાથ આરા૦
મા ગામ લુંટાયું ત્રણ દીનમાં વા૦
પડી પુરમાંહી હડતાલ આરા૦
મા રાય ખપ્પરમાં ભળ્યો વા૦
તેણુ છોડયો પોતાનો દેહ આરા૦
મા પ્રધાન ત્યાંથી પરવર્યો વા૦
તે તો ઉગમણો પળાય. આરા૦
મા પુંઠે માજી પરવર્યાં વા૦

જયાં છે અરજનપુરનો કોટ આરાસુર રાણીરે૦
મા ત્રણ પુત્ર પ્રધાન તણા વા૦
પ્રાંણ લીધા પલકની માંહ્ય આરા૦
મા પ્રધાંન થર થર કંપીઓ વા૦
મુજ ઉપર કોપ્યાં માત આરા૦
મા દશ દીશા ખાલી પડી વા૦
હેઠે ધરતી ઉપર આભ આરા૦
મા એક પુરૂષ નજરે પડયો વા૦
જેનું ફકીર સરખુ રૂપ આરા૦
મા તે દીશાએ ઘોડો હાંકીઓ વા૦
જઇ પડયો ફકીરને પાય આરા૦
મા ફકીરે તે મનમાં વીચારીયું વા૦
હવે શો કરવો વિચાર આરા૦
મા શરણે આવ્યો કેમ કાઢીએ વા૦
પણ છે ભગવતીનો ચોર આરા૦
મા ઓલીઓ તો વીચાર કરે વા૦
એટલે આવી ઉભાં માત આરા૦
મા ક્રોધે ચઢેલી દીઠી ભેરવી વા૦
જાણે કાળ તણા એ કાળ આરા૦
મા ઓલીઓ ત્યાં અરજ કરે વા૦
લળી લળીને લાગે પાય આરા૦
મા જગદંબા પરસન થયાં વા૦
માગ માગ ઓલીયા રાય આરા૦

મા ફકીર મુખથી બોલીઓ વાઘેશ્વરીરે.
તારૂં વચન ચઢાવું શીશ આરા૦
મા પ્રધાન રાજા રાઠોડ તણો વા૦
તેને અમી દ્રષ્ટે જુઓ માત આરા૦
મા ભ્રષ્ટહીણ પ્રધાન રાઠોડ તણો વા૦
તારી વંશ વાધસે અપાર આરા૦
મા લક્ષ્મી તણા સાંસા પડે વા૦
એવો દીધો માએ શ્રાપ આરા૦
મા ફકીરને વરદાંન આપીયું વા૦
તારૂં રહેશે જુગો જુગ નામ આરા૦
મા રાજ તણી મહેસુલમાં વા૦
તુને સઘળા કરશે સલામ આરા૦
મા એટલું કહી અદ્રસ થયાં વા૦
તે આવ્યાં પોતાને મંદીર આરા૦
મા નગરી સો ઉજડ થઇ વા૦
નવ રહ્યું ક્ષત્રીનું મુળ આરા૦
મા આ ભોમે જેવશે વા૦
બસે વરસે થાસે ઉજડ આરા૦
મા લક્ષ્મી તણા સાંસા પડે વા૦
ખાય એટલું નહી મળે અન્ન આરા૦
મા એવું મુખે ઓચર્યાં વા૦
પછી આવ્યાં ચાચર ચોક આરા૦
મા આઠશોને ચારમાં વા૦

માયે નગરીનું કાઢયું મુળ આરાસુર રાણીરે.
મા નાહું તે જીવતુ રહ્યું વા૦
તે વસીયું પાટણ શહેર આરા૦
મા બાર દરવાજા શોભતા વા૦
તે મધ્યે પારસનાથ આરા૦
મા રાઠોડપુર ખંડેરમાં વા૦
ત્યાં શી ઉપની છે પેર આરા૦
મા વિશામ શહેર ભાગી ગયું વા૦
હું તેનો કહું વીસ્તાર આરા૦
મા પુરવ દીશામાં કેટલે વા૦
તે સાંભળો નરને નાર આરા૦
મા મહિસા સુરીને બળવીર વસે વા૦
રૂડા સરોવર કેરી પાળ આરા૦
મા પશ્ચિમમાં રાણી મોલ છે વા૦
ધન ટેકરી જેનું નામ આરા૦
મા બીજો જોરાવર વીર છે વા૦
ત્યાં બ્રહ્માએ કીધો જગન આરા૦
મા અંબર ગંગા આવીયાં વા૦
તેનો દક્ષિણીઓ આરો નામ આરા૦
મા ઉતરમાં ખોડીઆર વસે વા૦
ઇશાને કાળી માત આરા૦
મા સોમનાથ વસે ઇશાનમાં વા૦
ત્યાં શીવ તણો નહિ પાર આરા૦

મા જ્યાં મોરૂધ્વજને વહુરીઓ વાઘેશ્વરીરે.
ત્યાં છે નીલકંઠ મહાદેવ આ૦રા૦
મા ચાર ખુટના મધ્ય ભાગમાં વા૦
તે વચમાં રાહોડપુર ઠાંમ આ૦રા૦
મા એવું શહેર ઉજડ કર્યું વા૦
પળમાં ન લાગી વાર આ૦રા૦
મા પુર્વથી મુગલ આવીયો વા૦
જ્યાં છે માજીનું મંદીર આ૦રા૦
મા દેવળ ઘેર્યું ચો દીસથી વા૦
તેમાં ઘેરાયો સેવક માંય આ૦રા૦
મા ખડગ લીધું માને ગોખથી વા૦
તુટી પડીયો મુગલમાંય આ૦રા૦
મા ખડગે બેઠી વાઘ વાહની વા૦
માર્યા મુગલ બસોને તેર આ૦રા૦
મા દૈવ જોગ આવી મળ્યો વા૦
રોળાયો બ્રહ્મ કુંમાર આ૦રા૦
મા હાંક સુણી બ્રાહ્મણ પત્ની વા૦
ત્યારે પડી પેટમાં ફાળ આ૦રા૦
મા આકુળ વ્યાકુળ સતી આવીયાં વા૦
જ્યાં લોમ પડીયો ભરથાર આ૦રા૦
મા પ્રાણ તજવા સતી ઉભી થઇ વા૦
થઇ રહયો છે હાહાકાર આ૦રા૦
મા મંમાયે ત્યાં હુકમ કર્યો વા૦

ભરે ખરપર કાળી માત આરાસુર રાણીરે.
મા કાગ સુકરને કુતરાં વા૦
ત્યાં ગીધ્ર તણા નહિ પાર આરા૦
મા બાળાએ સબ ઉઠાવીયું વા૦
સગવન કરવાને કાજ આરા૦
મા પતિ કેરૂ સબ ખોળે લઇ વા૦
અંબે અંબે કરતી પોકાર આરા૦
મા જગદેવી પોતે આવીયાં વા૦
માગ માગ સતી નાર આરા૦
મા બાળા મુખથી બોલીયાં વા૦
મારા મનની જાણો પેર આરા૦
મા ખમા ખમા મુખ ઓચરાં વા૦
સજીવન કીધો છે બાળ આરા૦
મા સ્ત્રી પુરૂષ આનંદ કરે વા૦
માની સેવા કરે અપાર આરા૦
મા ચંદીપાઠ ત્રીકાળ કરે વા૦
માને લાડ લડાવે અપાર આરા૦
મા ઇંદ્ર તણું સુખ ભોગવે વા૦
જેના સુખ તણો નહિ પાર આરા૦
મા આઠસોને બારમાં વા૦
રૂડા ચઈતર માસ આરા૦
મા વચન આપીને સુખ ઓચર્યાં વા૦
હવે હું થાઉં છું ગુપત આરા૦

મા એવું સેવકે સાંભળ્યું વાઘેશ્વરીરે
તારે પડી પેટમાં ફાળ આરા૦
મા ઓચીંતો આભ તુટી પડયો વા૦
એવું પ્રગટયું દુઃખ અપાર આરા૦
મા સ્ત્રી પુરૂષ ગભરાઈ ગયાં વા૦
દેહની શુધ નથી લગાર આરા૦
મા પ્રાણ તજવા ઉભા થયાં વા૦
હવે નથી કોઇનો આધાર આરા૦
મા નગરીમાં કોઇ નથી વા૦
હવે મરવું નિશ્ચે આજ આરા૦
મા સેવક દુઃખીયો જાણીઓ વા૦
ચુંવાળ ચોકે થયું જાણ આરા૦
મા બાળા શકિત વારે ચઢી વા૦
આવ્યાં વાઘ વાહનીની પાસ આરા૦
મા આ શો કોપ તારા ચોકમાં વા૦
એ બ્રહ્મ હત્યાઓ થાય આરા૦
મા દેવી મુખથી બોલીયાં વા૦
હવે થાવું છે ગુપત આરા૦
મા ગુપત તમો કયાં સુધી રહો વા૦
તે કહોને મુખથી આજ આરા૦
મા બગીઆરસે વરસ જ્યારે થશે વા૦
તે ઉપર વરશ એકવીશ આરા૦
મા પડશે આપી પ્રગટ થઈશ વા૦

ત્યાં સુધી રહીશ અકળ — આશાપુર શણીરે.
મા નરનારી બેઉ સોંપીયાં — વા૦
ત્યાં સુધી લેજો સંભાળ — આશા૦
મા તારૂં કહ્યું મસ્તક ધર્યું — વા૦
જાઓ લઈશ એમની સંભાળ — આશા૦
મા પ્રચંડ રૂપ માએ ધર્યું — વા૦
ત્યાં કીધી છે ગરજનાય — આશા૦
મા પહેલી હાકે પૃથવી ફાટી — વા૦
સમાયાં જગની માત — આશા૦
મા નરનારી વીસમે થયાં — વા૦
થર થર કંપે કાય — આશા૦
મા ધાડે સ્વરે રૂદન કરે — વા૦
ત્યાં થયો છે હાહાકાર — આશા૦
મા બાળીએ મન જાણીયું — વા૦
સેવકના જાસે પ્રાણ — આશા૦
મા ખેતરપાળ રથ લાવીયો — વા૦
બેસાડયાં નરને નાર — આશા૦
મા રામક્ષેત્ર રળીઆમણું — વા૦
માએ વીસરામ આપ્યો ત્યાંય — આશા૦
મા રામક્ષેત્રના કુંડમાં — વા૦
બેઉને સ્નાન કરાવ્યું ત્યાંય — આશા૦
મા તે બોમે સેવક રાખીયો — વા૦
માએ સમજાવી બહુ રીત — આશા૦

મા અહીંથી હું થોડે દુર છું — વાઘેશ્વરીરે
તને બતાવીસ મારો ઠામ — આરા૦
મા આશા એ બેઉ ત્યાં રહ્યાં — વા૦
નર નારી કેરી જોડ — આરા૦
મા આસો સુદી પડવો — વા૦
રૂડો નવરાત્રીનો દીન — આરા૦
મા અપવાસ ત્યાં આરંભીયા — વા૦
માનો શોધી કહાડ્યો ગોખ — આરા૦
મા કુલડીએ કટક જમાડીયાં — વા૦
સોટીએ માર્યો મહીસ — આરા૦
મા એ જગ્યાએ આસન વાળ્યું — વા૦
ચડી પાઠ કરવા કાજ — આ૦
મા નારી પવિત્ર એહની — વા૦
પુષ્પ પુજાપો કરે હાજર — આરા૦
મા એવી રીતે પુરા થયા નવ દીન — વા૦
આવ્યો દસેરાનો દીન — આરા૦
મા પાવેથી કાળી આવીયાં — વા૦
સાથે જોગણી કેરો સાથ — આરા૦
મા મનસા દેહનું માનવી — વા૦
આનું સું કરીએ વખાણ — આરા૦
મા સરવ શક્તિ ટોળે મળી — વા૦
વરદાન આપે છે ત્યાંય — આરા૦
મા સેવક તું ભગવતી તણા — વા૦

સાંભળજો બેઉ નર નાર આશાસુર રાણીરે૦
મા દેવીઆયના રાખસે વા૦
જોગણીઓ રાખસે માન આશા૦
મા ઓગણીસો તેતરીસમાં વા૦
રૂડો ચઈતર માસ પાવન આશા૦
મા અગીઆરસો એકત્રીસ વરસ પુરાં થશે વા૦
ચઈતર માસ નવમી મધ્યાન આશા૦
મા તે સમે માજી પ્રગટસે વા૦
ત્યારે થાસે જેજેકાર આશા૦
મા ત્યાં સુધી તમો અહીં રહો વા૦
રૂડા ચુંવાળ સરખો ચોક આશા૦
મા કાયા ધરસોને કાયા પાડસો વા૦
ત્રીપુરાને રહેજો શરણ આશા૦
મા એવું કહીને અદ્રષ્ટ થયાં વા૦
સેવક લળી લળી લાગે પાય આશા૦
મા સેવક ત્યાંથી પરવર્યો વા૦
આવ્યો રામક્ષેત્રની માંય આશા૦
મા સ્ત્રી પુરૂષ ત્યાં રહ્યાં વા૦
રૂડો પાળે પોતાનો ધર્મ આશા૦
મા ચંડી પાઠ નિત્યે કરે વા૦
જ્યાં છે વરખડીયો ગોખ આશા૦
મા એવી પુજા બહુ કરી વા૦
સ્ત્રીએ છોડી કાય આશા૦

મા એવા જન્મ ત્રણ વીત્યા ચાચરીચરી૦
કહું તેનો વિસ્તાર આ.રા૦
મા પહેલે અવતાર અવતર્યા વા૦
રજપુત તણો અવતાર આરા૦
મા નોકરી બજાવે પાટણરાયની વા૦
શુખેથી પોશાણ થાય આરા૦
મા પાટણથી બાર ગાઉ છે વા૦
માનો વરખડીયો ગોખ આરા૦
મા કોઇ સમાના જોગમાં વા૦
આવી પડ્યું સંકટ અપાર આરા૦
મા ચાવડો અટારો રાજવી વા૦
કોપ્યો છે વારંવાર આરા૦
મા સુખ શાન જતી રહિ વા૦
અણ ચેતુ આવ્યું દુઃખ આરા૦
મા નરનારી વીચાર કરે વા૦
પર હાથે આવ્યું મરણ આરા૦
મા સ્ત્રાએ કટાર માગીયો વા૦
પલકમાં કાઢું મારા પ્રાણ આરા૦
મા આ શંકરની વીપતડી વા૦
માએ સાંભળી ચુંવાળ ચોક આરા૦
મા ખડગ ખપર હાથે ધર્યાં વા૦
ચાલ્યાં છે પાટણમાંય આરા૦
મા રાજ ઘડીમાં પરવર્યાં વા૦

રાજા પોઢયો છે ત્યાંય આરાસુર રાણીરે૦
મા આક્રમ વીક્રમ રાજા થયો વા૦
છાતીએ બેઠી કોણનાર આવા૦
મા ગભરાયો રાજા અતી ઘણો વા૦
એની થરથર કંપે કાય આરા૦
મા કરગરતો રાય બોલીઓ વા૦
મારો શો થયો અપરાધ આરા૦
મા વળતાં માજી બોલીયાં વા૦
મારા સેવકને કેમ દેઉ દુઃખ આરા૦
મા રાજા વળતી બોલીયો વા૦
તમ સેવક ના ઓળખું માત આરા૦
મા ચાંડો ઘેલો તાયરો વા૦
તમ કહો તે કરૂં માત આરા૦
મા બાળા ત્યાં વાણી વદે વા૦
મુખથી વરસે કુમ કુમ ફુલ આરા૦
મા રાજાએ મન વચાર્યું વા૦
આતો આદ્ય ભવાની માત આરા૦
મા રૂદિયેથી હેઠાં ઉતરો વા૦
તમે કહો તે કરૂં માંત આરા૦
મા રાજા બેઉ કર જોડીને વા૦
લળી લળીને લાગે પાય આરા૦
મા સેવક તમારો ઓળખ્યો વા૦
જે વાઘેલા ઠાકોર આરા૦

મા મુજ ઉપર તમે મહેર કરો — વાઘેશ્વરી૦
આપુ કાલરી ગાંમ — આરા૦
મા તાંબા પત્રે લેખ કરૂં — વા૦
મારા સહી સીકાની સાથ — આરા૦
મા રૃદયેથી ત્યારે ઉતર્યાં — વા૦
માજી થયાં છે અદ્રષ્ટ — આરા૦
મા પ્રાતશકાળ જયારે થયો — વા૦
ત્યારે છોડયા છે અસ્વાર — આરા૦
મા અનુચર ત્યાંથી પરવર્યાં — વા૦
જયાં સેવકનું ભોવન — આરા૦
મા વાઘેલે આવતાં ઓળખ્યા — વા૦
રાય તણા તોખાર — આરા૦
મા ઠાકોર સ્ત્રીને કહે — વા૦
હવે મારી નવ રાખશો આશ — આરા૦
મા અનુચ્ચર વાણી ઉચરે — વા૦
ઠાકોર બોલાવે છે રાજન — આરા૦
મા ઠાકોર થર થર કંપીયો — વા૦
આરાધે જગની માત — આરા૦
મા ઠાકોર સતીને કહે — વા૦
સાચવજો તમારૂ સત — આરા૦
મા એટલું કહી ઘોડે ચડયો — વા૦
ગયો રાજ ભોવનની પાસ — આરા૦
મા પુજાપાની થાળ લઇ — વા૦

રાણી ઉભી ચોકની માંય આરાસુર રાણીરે૦
મા રાણીયે વધાવીયો વા૦
રૂડો વાઘેલો રાજન આરા૦
મા ઠાકોર ત્યાં વિસમે થયો વા૦
ઠાકોરને આવી હામ આરા૦
મા રાણી ત્યાં પ્રદક્ષણા કરે વા૦
વીરા રાખજો મારી લાજ આરા૦
મા સેવક તું આદ્ય શક્તિ તણો વા૦
નવ ઓળખ્યો વીરા આજ આરા૦
મા રાજા બેઉ કર જોડીને વા૦
આપે શ્રીફળની જોડ આરા૦
મા નીજ આસને લઇ ચાલીયો વા૦
બેસાડયો વાઘેલો રાજ આરા૦
મા તાંબા કેરૂ પત્ર કર્યું વા૦
રાઉ દેખતાં આપ્યું ત્યાંય આરા૦
મા કરજોડી રાજા બોલીયો વા૦
મારો મહેલ કરો પાવન આરા૦
મા રાજ ઘડીમાં ફેરવી વા૦
સભામાં આવ્યા રાય આરા૦
મા કરજોડીને વિનવે વા૦
તમો નોધારાના આધાર આરા૦
મા આધ્ય ભવાની અંબીકા વા૦
તમ ઉપર ચારે હાથ આરા૦

મા રાત્રે મા જી પધારીયાં વાઘેશ્વરીરે૦
તારી આપુ કાલરી ગાંમ આરા૦
મા કાલરિ પુંઠે આઠ ગામડાં વા૦
તમને સોંપ્યાં વાઘેલારાય આરા૦
મા એવું કહીને પત્ર આપીયું વા૦
તમે કરો તમારૂ રાજ આરા૦
મા માંન આપી વળાવીયાં વા૦
આવ્યા કાલરીની માંય આરા૦
મા રૂડો દીવસ અખાત્રીજનો વા૦
સારો શનીવારનો દીન આરા૦
મા તે દીવસે રાજ ધારણ કર્યું વા૦
સુખેથી રહ્યા કાલરીમાંય આરા૦
મા વરખડીઓ ગોખ માતા તણો વા૦
પગ પાળે જતો રાય આરા૦
મા બહુદીન વીતી ગયા વા૦
ગરભ ધારણ થઇ નાર આરા૦
મા પુરા માસ જયારે થયા વા૦
ત્યારે પ્રગટી દેવકન્યાય આરા૦
મા સેવા તેની બહુ કરે વા૦
દિન દિન વૃદ્ધિ થાય આરા૦
મા નવ વરસની કન્યા થઈ વા૦
લગનની કરતો શોધ આરા૦
મા વર ખોળવા નીકર્યો વા૦

તે તો રાજવરે પળાય આર.સુર રાણીરે૦
મા પંચ પણુ કંઇ ન દિઠું વા૦
વસતિ પાછો વળીઓ વાઘેલ અ.રા૦
મા મધ રાતરે બાળા આવીયાં વા૦
જયાં પોઢીયાં નરને નાર આરા૦
મા અક્ષર વાણી માએ કરી વા૦
નવ ચીંતા કરસો નર ને નાર આરા૦
મા ઓચીંતો વાઘેલ જાગીયો વા૦
નવ દીઠું કોઇ જન આરા૦
મા ગભરઇ રાજા વ્યાકુળ થયો વા૦
ત્યારે દરસન દીધું માત આ!૦
મા ત્રીપુરારી મુખ ઓચર્યાં વા૦
જા પુરવ દિશાની માંય આરા૦
મા કોકર વાડ ગામ છે વા૦
તેમાં વસે સોળંકી એક આરા૦
મા બાળક છે બત્રીસ લક્ષણો વા૦
એના રૂપ તણો નહિ પાર આરા૦
મા પરણાવો એ બાળકી વા૦
જેથી પહોંચસે મનના કોડ આરા૦
મા તેર વરસ રાજ સુખે કરો વા૦
પછી જમાત્રને સોંપજે રાજ અ.રા૦
મા રાજનીતિ સીખવાડજો વા૦
એમાં ગુણ છે અપરંપાર આરા૦

મા ચૌદ વરસ દીન નવ જસે વાઘેશ્વરીરે૦
પત્નીનો પડસે દેહ આરા૦
મા ત્યાર પછી માસ નવમાં વા૦
તારો દેહ થસે પતન આરા૦
મા રાય ચેતાવી અદ્રષ્ટ થયાં વા૦
ચીંતામાં પડીયો રાય આરા૦
મા વાઘેલો મન ચેતી ગયો વા૦
માનું વચન ચઢાવ્યું શીશ આરા૦
મા તેર વરસ પુરા થયાં વા૦
જમાત્રને સોપ્યું રાજ આરા૦
મા સ્ત્રી પુરૂષે વિચારીયું વા૦
હવે ચાલો સીધપુરમાંય આરા૦
મા તીરથ ક્ષેત્ર રળીઆમણું વા૦
દાન કરવા કેરો દામ આરા૦
મા એક વરસ દિન નવ થયા વા૦
રાણીનો પડીયો દેહ આરા૦
મા ઉત્તર ક્રીયા સરવે કીધી વા૦
ચીંતામાં પડીયો રાય આરા૦
મા રાજા ત્યાંથી ચાલીયો વા૦
આવ્યો દીકરી કેરી પાસ આરા૦
મા સરવસ તેને સોંપીયું વા૦
સંસારનો કીધો ત્યાગ આરા૦
મા આરાસુરમા અંબીકા વા૦

જ્યાં છે ગબ્બર ગોખ   આરાસુર રાણીરે૦
મા છ માસ ત્યાં તપ કીધુ   વા૦
સુરજ પગલાં છે ત્યાંય   આરા૦
મા વળતી અંતરિક્ષ વાચક થયું   વા૦
રાય જા તારે ભોવન   આરા૦
મા નવ માસમાં ત્રણ દીન હશે   વા૦
ત્યારે પડશે તારો દેહ   આરા૦
મા આ દેહ પુરો થયો   વા૦
સંવત અગીઆરશે અઢારની સાલ   આરા૦
મા સ્ત્રીનું પહેલું મૃત્યુ   થયું   વા૦
થયો ચારણ ઘેર અવતાર   આરા૦
મા રાજાનું મૃત્યુ મોડુ થયું   વા૦
અવતરીયો વણીક ભોવન   આરા૦
મા વછુટાં પડીયાં જોડલાં   વા૦
માજીએ જાણી પેર   આરા૦
મા નારી થઇ નવ વરસની   વા૦
રૂડો નવરાત્રી કેરો દીન   આરા૦
મા ગાંમ ગુંદશાને તોડલે   વા૦
રૂડુ ખોડીયારમાનું ધામ   આરા૦
મા ગરબો રમવા કારણે   વા૦
સરખી સાહેલી સાથ   આરા૦
મા તાળી પાડી શઉ ગાયછે   વા૦
એટલે ભારે થયું વંધન   આરા૦

મા નળ છે પખાળ તણો વાઘેશ્વરીરે૦
ત્યાંથી નીકળીયો ભોરંગ આર૦
મા ધઇને પુઠે પડીયો વા૦
ચારણ પુત્રીને ડશીઓ ત્યાંય આર૦
મા તરત નારીએ પ્રાંણ તજ્યા વા૦
થઈ રહયો છે શોર બકોર આર૦
મા શેઠને વરસ તેર થયાં છે વા૦
તે ઉપર દીન અઢાર આર૦
મા ધાડ પડી ગાંમ ગુંદરે વા૦
મરાયો તે તો ત્યાંય આર૦
મા અગીઆરશો બાસઠની સાલમાં વા૦
શેવક અવતરીઓ શીવ પુરમાય આર૦
મા બ્રાહ્મણ કુળમાં ઉંચ છે વા૦
એના ગુણ તણો નહિ પાર આર૦
મા શાસ્ત્ર પુરાણ ભણી રહ્યો વા૦
જીભ અગ્રે ચંડી પાઠ આર૦
મા શ્રી અગીઆરસો બોતેરમાં વા૦
એ જનમી નરોડા માંય આર૦
મા ચંદ્ર વધે શુકલ પક્ષનો વા૦
તેમ દિન વૃદ્ધિ થાય આર૦
મા બ્રાહ્મણ હતો નીરધન વા૦
કન્યા થઇ વરસ અગીઆર આર૦
મા કન્યાં કાળ વીતી જાય છે વા૦

માએ જાણી સઘળી પેર આરામુર રાણીરે૦
મા બ્રાહ્મણુ આવ્યો સીત્રપુરમાં વા૦
શોધવા કન્યાની જોડ આરા૦
મા શોધતાં બ્રાહ્મણુ પુત્ર મળ્યો વા૦
તે તો ચઉદ ગુણુ ભંડાર આરા૦
મા કન્યા છે વરસ અગીઆરની વા૦
પણુ નથી ખરચવાનો દામ આરા૦
મા જે કન્યા લે માયરી વા૦
તેની અંબા પુરે આસ આરા૦
મા સેવક મનમાં હરખીયો વા૦
પણુ મનમાં કર્યો વિચાર આરા૦
મા અત્યારથી અનાથીઓ વા૦
એ લગ્ન કર્યું કેમ જાય આરા૦
મા પાછુ હઠયું મન સેવક તણું વા૦
હવે કરશો તેનો ઉપાય આરા૦
મા સાંજ પડીને રવી આથમ્યો વા૦
મધ્ય રાત્રી ગઈ છે ત્યાંય આરા૦
મા બાળા આવ્યા મધ્ય રાત્રે વા૦
ઉઠ ઉઠ બ્રાહ્મણુના બાળ આરા૦
મા ભર ઉંઘે સેવક જાગીયો વા૦
જોઇ અદભુત રૂપ વિશાળ આરા૦
મા ગભરાયો સ્વરૂપ જોઇને વા૦
આ કોણુ ગતિ કહેવાય આરા૦

મા એટલે માજી બોલીયાં વાઘેશ્વરીરે૦
બાળક સાંભળ મારી વાત આરા૦
મા તુજ પાસે બ્રાહ્મણ આવીયો વા૦
લગન કરવા તારી સાથ આરા૦
મા સેવક મુખથી ઓચર્યો વા૦
મા નીરધનીયો છે એહ આરા૦
મા બીજી ખોડ છે એહની વા૦
એ ભાઈ વીનાની નાર આરા૦
મા શાસ્ત્રની રૂડી નથી વા૦
મારે ના પરણુ એ નાર આરા૦
મા શાસ્ત્રમાં એ શાખ છે વા૦
કેમ રહેસે મારૂ સત આરા૦
મા આપ કહ્યા તે પળસું વા૦
વચન પાળો મોરી માત આરા૦
મા ભગવતી મુખે ઓચર્યા વા૦
શ્રીકૃષ્ણ લેજે બ્રહ્મ કુમાર આરા૦
મા સેવકને ઘણો આનંદ થયો વા૦
માનું વચન ચઢાવ્યું શીશ આરા૦
મા પ્રાતસકાળે ઉઠીયો વા૦
લીધું શ્રીકૃષ્ણ આનંદ ભેર આરા૦
મા લગન કર્યુ થોડા દીનમાં વા૦
એને હઇડે હરખ ન માય આરા૦
મા આનંદમાં જીવ જાય છે વા૦

પાળે પોતાનો ધર્મ આરાસુર રાણીરે૦
મા દેસ રટણ બ્રાહ્મણ કરે વા૦
કરતો નવ ચંડીના હોમ આરા૦
મા એક સમાના જોગમાં વા૦
દેસ રટણ ચાલ્યો બ્રહ્મ આરા૦
મા એ વખતે સુ નીપજ્યું વા૦
આવ્યું મુગલ કેરૂં સૈન્ય આરા૦
મા ગુજરખંડ રળીઆમણો વા૦
તોડયાં દેવ દેરાં અપાર આરા૦
મા દેવળમાં દેવ મુરતી વા૦
કરતો સસ્ત્ર તણો પ્રહાર આરા૦
મા ફરતો મુગલ આવીયો વા૦
આવ્યો સીધપુર કેરી માંય આરા૦
મા શાહેરને ઘેરો ઘાલીયો વા૦
પકડયા છે બ્રાહ્મણ અપાર આરા૦
મા દેવ બતાવો બ્રાહ્મણો વા૦
જોવા નીકળયો હું સત આરા૦
મા એવું કહી માર મારતો વા૦
ના ખમી શકાયો માર આરા૦
મા દેવળ છે લીલકંઠનું વા૦
મારને મોઢે બતાવ્યું તેહ આરા૦
મા અજા મારીને મુકીયા વા૦
શીવ જળાધારીની માંય આરા૦

મા શીવ દ્વારે તાળાં દીધાં — વાઘેશ્વરીરે૦
બ્રાહ્મણને કીધા કેદ — આરા૦
મા દેવ હશે સતવાદીયા — વા૦
તો અજા સજીવન થાય — આરા૦
બ્રાહ્મણ દેશ રટણે ગયો — વા૦
પહોર રાત્રે આવ્યો ત્યાંય — આરા૦
મ આવતે। બ્રાહ્મણ ઓળખ્યો — વા૦
મુગલોએ પકડયો ત્યાંય — આરા૦
મા હરીમાં તાળાં દીધાં — વા૦
સેવકને ઘાલ્યો જાંજરામાય — આરા૦
મા અશુચમાં સેવક પડયો — વા૦
મુખ જપતો અંબે માત — આરા૦
મા જાજરૂએ સાંકળ દીધી — વા૦
હવે શો કરવો ઉપાય — આરા૦
મા ચંડી પાઠ કરવા માંડયો — વા૦
એણે પાઠ કીધા છે નવ — આરા૦
મા નવ ચંડી પુરણ થઇ — વા૦
ત્યારે આવ્યાં જુગની માત — આરા૦
મા સેવકનું દુખ જોઇને — વા૦
બોલ્યાં જુગની માત — આરા૦
મા ડરેશ નહી સેવક માયરા — વા૦
મુજને બતાવજે પશ્ચિમમાંય — આરા૦
મા બાર ગાઉ અહીંથી વસુ — વા૦

જયાં છે વરખડીયું વન આરાસુર વાળીરે૦
મા એવું કહીને અદ્રષ્ટ થયાં વા૦
ત્યારે થયો પ્રાતસ કાળ આરા૦
મા દિવસ ઉગે મુગલ આવીયો વા૦
ત્યારે ઉઘાડયાં છે દ્વાર આરા૦
મા અજ મુવેલો દેખીયો વા૦
મુગલાને ચઢીયો કોપ આરા૦
મા દેવળ તોડો પલકમાં વા૦
બ્રાહ્મણ વટાળો આજ આરા૦
મા બ્રાહ્મણ થર થર કંપીયા વા૦
હવે શો કરવો ઉપાય આરા૦
મા સેવક મુખથી બોલીયે વા૦
નવ વટાળશો હમને આજ આરા૦
મા મુગલ તણા મારથી વા૦
વતલાવ્યા લીલકંઠ આજ આરા૦
મા દેવ વસે પશ્ચિમમાં વા૦
તે તો હીં તણો દાતાર આરા૦
મા લાજ રાખજો હીંદુ તણી વા૦
વારે ચઢજો સેવકની માત આરા૦
મા દેવ તણું દુખ ભાગવા વા૦
લીધું ખડગ ખપર ત્રીશુળ આરા૦
મા મહિસાસુર શીર છેદીયાં વા૦
૨૬ બીજના લીધા પ્રાણ આરા૦

મા શુંભ નિશુંભ રણ રોળીયા વાઘેશ્વરીરે૦
તેને હણતાં ના લાગી વાર આરા૦
મા ચંડ મુંડને મારવા વા૦
મા સીહે થયા સ્વાર આરા૦
મા આવાં કામ તમે બહુ કર્યાં વા૦
મા પુરજો અમારી આસ આરા૦
મા મુગલ ભ્રષ્ટ હમને કરે વા૦
વારે ચઢજો કાળી માત આરા૦
મા મુગલે હુકમ કર્યો વા૦
સાંગો બાંધી લો બ્રહ્મ આરા૦
મા છસો બાંણું ત્યાં દોરીયા વા૦
સેવકને બાંધ્યો માત આરા૦
મા માર મારે પાપી મુગલા વા૦
ત્યારે બ્રાહ્મણ કરે પોકાર આરા૦
મા મુગલ ત્યાંથી પરવર્યો વા૦
લીધી આથમણી વાટ આરા૦
મા ચાલતાં ચાલતાં સાંજ પડી વા૦
સુરજ અસ્ત પાંમ્યો છે ત્યાંય આરા૦
મા મુગલ ત્યાં ક્રોધે ચઢયો વા૦
તારા સાચા દેવ બતાવ આરા૦
મા સેવક ત્યાં વાણી વદે વા૦
પ્રાતસકાળે બતાવીસ માત આરા૦
મા વૃધ બ્રાહ્મણ વરસ પચાસ થયાં વા૦

નથી સુજતુ મુગલનાથ અરાસુર રાણીરે૦
મા બ્રાહ્મણ સામુ માયે જોયું વા૦
કીધો છાવણી કેરો હુકમ આરા૦
મા ઠાર ઠાર તંબુ ઠોકીયા વા૦
પાલ તણો નહિ પાર આરા૦
મા રસોઇ કરવા તતપર થયા વા૦
ચુલા ચેતાવ્યા ત્યાંય આરા૦
મા કાષ્ટ લેવા મુગલ નીકળ્યા વા૦
ત્યારે મુરઘો દિઠો ત્યાંય આરા૦
મા તે મુરઘાને ઝાલવા વા૦
મુગલ કરે નાશા નાસ આરા૦
મા જે જાગામાં મુરઘો પેસે વા૦
તે જાગેથી નીકળે ચાર આરા૦
મા જાગે જાગે એમ થયું વા૦
મુરઘાંનો નવ રહયો પાર આરા૦
મા મુગલ ત્યાં હરખે ઘણું વા૦
મુરઘા પકડે અપાર આરા૦
મા મુરઘા પકડી મારીયા વા૦
મુગલાંએ કીધો અહાર આરા૦
મા ખાઇ ખાઇ સઉ સુઇ ગયા વા૦
સેવકને ચીંતા થાય આરા૦
મા લાજ રાખજો ભકત તણી વા૦
બ્રાહ્મણનો આવ્યો કાળ આરા૦

મા કાળી ત્યાં કોપી રહયાં વાઘેશ્વરીરે૦
બાળા વારે છે ત્યાંય આરા૦
મા બ્રાહ્મણનાં દુખડાં ટાળવા વા૦
હું બીજો કરૂ ઉપાય આરા૦
મા પહોર નીશા રહી જ્યારે વા૦
માજીએ કીધી મહેર આરા૦
મા મુગલ જ્યારે જાગીયા વા૦
માયે કેવું કર્યું કાંમ આરા૦
મા અસલ ગોખ વરખડે વા૦
દેવતાએ પુજ્યો તેહ આરા૦
ભંડાસુરને મારીયો વા૦
શંખલપુર તોડા જ્યાંય આરા૦
મા દૈત્ય મારીને પરવર્યા વા૦
આવી બેઠાં પવીત્ર ઠાંમ આરા૦
મા બળી રાજાને બારણે વા૦
જાએ જગતનો નાથ આરા૦
મા બળીરાયે વચન આપીયું વા૦
માગો માગો બાળ સ્વરૂપ આરા૦
મા તમ સરખો માગણ નહી મળે વા૦
મેં ઓળખ્યા વીસંભરનાથ આરા૦
મા પ્રભુ મુખથી બોલીયા વા૦
મારે ભોમ જોઇએ ડગલાં ત્રણ આરા૦
મા આકાસ પાતાળ તાબે કર્યાં વા૦

ત્રીજુ ડગલું ખુટયું ત્યાંય આરાસુર રાણીરે૦
મા ત્રીજુ ડગલું માગીયું વા૦
રાયે વિચાર્યું ત્યાંય આરા૦
મા પૃથ્વી બ્રહ્માંડ મેં આપીયું વા૦
હુવે આપું દેહ બ્રહ્માંડ આરા૦
મા પ્રભુ કહે બાકી રહ્યું વા૦
પુરૂ કરોને સતીયારાજ આરા૦
મા રાજા વળતી બોલીયો વા૦
હજુ સોમ રહી છે અપાર આરા૦
મા દેહ મારો બ્રહ્માંડ છે. વા૦
મુકો છાતી ઉપર ચરણ આરા૦
મા પ્રભુએ બળીને ચાંપીયો વા૦
ચાંપ્યો પાતાળની માંય આરા૦
મા ચરણ પાછો ખેંચતાં વા૦
આવ્યું પાતાળ કેરૂં જળ આરા૦
મા દૈત્ય તણી દેહ અપવિત્ર છે વા૦
બ્રહ્માજી આવ્યા ત્યાંય આરા૦
મા કૈલાસથી ગંગા ઉતર્યા વા૦
ત્યાંથી તુંબ ભરીયું એક આરા૦
તે જળનું તુંબ લાવીયા વા૦
તેની કરી ચરણ પખાળ આરા૦
મા તે તેનો પ્રભાવ છે વા૦
માજી બેઠાં તેણે ઠામ આરા૦

મા એક ચરણામૃત વામન તણું વાઘેશ્વરીરે૦
બીજું માજીનું કહેવાય આરા૦
મા સુખે જગાએ ઊગ્યો વરખડો વા૦
ઘટે બોડાં જગની માત આરા૦
મા સુરધો જે માતા તણો વા૦
બોલ્યો છે વરખડા ડાળ આરા૦
મા પહેલી બાંગ મરઘડે દીધી વા૦
મુગલ પેટમાં હાલા હાલ આરા૦
મા બીજી બાંગ મુરઘે કરી વા૦
મુગલ પેટમાં બોલ્યા બોલ આરા૦
મા મુરઘો હેઠે ઉતર્યો વા૦
પેટ ફાડીને કાઢે બહાર આરા૦
મા બાદશાહ ત્યાં વિસમે થયો વા૦
આ સુ કઉતક કહેવાય આરા૦
મા મુરઘાનું જેણે ભક્ષ કર્યું વા૦
તે મુગલના ગયા પ્રાણ આરા૦
મા મુગલે હુકમ ફેરવ્યો વા૦
બ્રાહ્મણને છોડો આંય આરા૦
મા જેણે આ બતલાવીયું વા૦
તે બ્રાહ્મણને લાવો પાસ આરા૦
મા મુગલે શોધી કાઢીયો વા૦
તમને બોલાવે મહારાજ આરા૦
મા ચાલો બાદશાહના તંબુએ વા૦

લીધો સેવકને ત્યાંય આરાસુર રાણીરે૦
મા બાદશાહે દુરથી દેખીયો વા૦
ત્યારે બાદશાહે મેલી દોટ આરા૦
મા સચા દેવ વરખડીયા વા૦
એમ કહી બ્રાહ્મણને પાય આરા૦
મા બ્રાહ્મણ મુખથી ઓચર્યો વા૦
જઇ નમો વરખડીને થડ આરા૦
મા મુગલ તો વરખડે ગયો વા૦
નમી નમીને લાગે પાય આરા૦
મા કરગરતો મુગલ શીશ કુટે વા૦
ચોધારે આંસુ જાય આરા૦
મા અંબા ત્યાં પરસન થયાં વા૦
તારી દાઢી મુડાવી નાંખ આરા૦
મા બોડુ મસ્તક મુગલતણું વા૦
મુસ્તકે રાખજો વાળ આરા૦
મા મુગલે અહંકાર છોડીયો વા૦
સવંત બારસો બારની સાલ આરા૦
મા બ્રાહ્મણ ત્યાંથી પરવર્યાં વા૦
આવ્યા પોત પોતાના ઘેર આરા૦
માં બ્રાહ્મણ સઘળા ભેગા થયા વા૦
સેવક આપે માન આરા૦
મા સેવક મન વિચાર કરે વા૦
હવે સિધપુર છોડવું આજ આરા૦

મા સ્ત્રી સાથે ઉચર્યો વાઘેશ્વરીરે૦
તમો પીયર પધારો આજ આરા૦
મા પતિવ્રતા સ્ત્રી બોલીયાં વા૦
સ્વામી આ શુ બોલ્યા વણુ આરા૦
મા અંબા મારી રૂઠસે વા૦
ત્યારે થાસે તમ વિયોગ આરા૦
મા સેવક વાણી ઉચરે વા૦
ત્યારે ચાલો મારી સાથ આરા૦
મા સ્ત્રીને ત્યાં આનંદ થયો વા૦
મારો સફળ થયો અવતાર આરા૦
મા તીરથ કારણુ નીકળે વા૦
હું સેવા કરીસ અપાર આરા૦
મા કુટુમ્બ સઘળાને જાહેર કર્યું વા૦
મારે જાવું તીરથ કાજ આરા૦
મા બેઉ જણ હમો જઈશું વા૦
મારૂં સોપું છું ભોવન આરા૦
મા લાવસે તો આવસું વા૦
આ દેહનો નહિ વિશ્વાસ આરા૦
મા તેતરીસ વરસને ત્રણુ દીન વા૦
ત્યારે પડસે પત્નીનો દેહ આરા૦
મા ત્યાર પછી માસ અગીઆર પુરા થસે વા૦
તે ઉપર દીન અઢાર આરા૦
મા તે દિવસે દેહ આહરો વા૦

નકી પડસે મારા વીર   આરાસુર રાણીરે૦
મા પત્ર તણી આસા નવ રાખશો   વા૦
સત્ય માનજો બ્રાહ્મણ જન   આરા૦
મા બ્રાહ્મણ સઉ વિસમે થયા   વા૦
ભાઇ આ તો નવ મનાય   આરા૦
મા સેવક મુખથી બોલ્યા   વા૦
પત્ની ગત્યનો આવસે પત્ર   આરા૦
મા ત્યાર પછી સાચુ માનજો   વા૦
મારી ક્રીયા કરજો વિર   આરા૦
મા મારા ઘરમાં પીતરાઇ વસે   વા૦
મારી ક્રીયાનો કરનાર   આરા૦
મા સંપતિ મારી તમ આગળ ધરૂં   વા૦
બ્રાહ્મણ ભોજન કરવા કાજ   આરા૦
મા આવું કહીને સઉ સોંપીયું   વા૦
ત્યાં તો આરાધે ત્રીપુરાર   આરા૦
મા સંપુટીક પાઠ ત્યાં કરે   વા૦
આનંદમાં દિન વહી જાય   આરા૦
મા બાર વરસ ત્યાં રહ્યા   વા૦
ઝાલ્યો દક્ષિણ દેસ વિલાસ   આરા૦
મા ગોદાવરી ત્રટ રળીઆમણાં   વા૦
ત્યાં આવ્યાં નરને નાર   આરા૦
મા ગીરી ત્યાં ગાજી રહ્યો   વા૦
સીહાદ્રી તેનું નામ   આરા૦

મા રઘુવીરજી વન નીસર્યાં — વાઘેશ્વરીરે૦
સાથે જગત જનુની માત — આરા૦
મા પંચ કુટી ત્યાં બાંધીને — વા૦
વીસરામ કરીયો જુગદાધાર — આરા૦
મા ત્યાં રહ્યાં નીસ ચીંતથી — વા૦
ત્યાં રહ્યાં છે વરસ પાંચ — આરા૦
મા પંચ તીરથ ત્યાં ઘણાં કર્યાં — વા૦
સેવક ને કર્યો તીરથ કાજ — આરા૦
મા તીરથ કરતો ચાલ્યો — વા૦
આવ્યો નર્મદા કેરી તીર — આરા૦
મા નર્મદા નીર ગંભીર છે. — વા૦
કરે સ્નાન ત્રીકાળ — આરા૦
મા અનુસોયામાં અષ્ટ વરસ રહ્યાં — વા૦
સેવા કરે છે નરને નાર — આરા૦
મા સેવક ત્યાંથી ચાલીયા — વા૦
ઝાડી સુરપાંણ કેરી વાટ — આરા૦
મા ઝાડી છે રળિઆમણી — વા૦
તપસી તણું એ ધામ — આરા૦
મા રૂષી લોક તપસ્યા કરે — વા૦
અંગુઠે તોળે કાય — આરા૦
મા નર નારી બેઉ ત્યાં રહ્યાં — વા૦
ઉગ્ર તપ આરંભ્યું ત્યાંય — આરા૦
મા ઉંઘ અહાર બેઉ તજીયાં — વા૦

ત્યાંથી દક્ષિણ પંથ પળાય આરાસુર રાણીરે૦
મા ત્યાંથી આગળ ચાલીયાં વા૦
જ્યાં છે તુળજાનો ધામ આરા૦
મા હરખ ભર્યો ચરણે નમે વા૦
ત્યાં આરંભી મનની સેવ આરા૦
મા ચંડી ત્રીકાળ કરે વા૦
એણે નિયમ લીધો છે ત્યાંય આરા૦
મા ઘણી સ્તુતી મા આગળ કરે વા૦
જનમ પુરો કરવો આંય આરા૦
મા બહુ દીન એમ વહી ગયા વા૦
તુળજાની કર તો શેવ આરા૦
મા આયુસ વરસ પુરાં થયાં વા૦
તે ઉપર દીન છે ત્રણ આરા૦
મા સાયને કાળે દેહ છુટીયો વા૦
ઉતરાય ન રહે છે સુર આરા૦
મા ત્યાર પછી આયુસ પુરો થયો વા૦
પડીયો સેવકનો દેહ આરા૦
મા લખ ચોરાશી રખડતાં વા૦
આવ્યો અશ્વ તણો અવતાર આરા૦
મા ન્યારી ગાય અવતરી વા૦
પંઢર પુરની માંય આરા૦
મા ઘોડો દેવતાઈ અવતર્યો વા૦
જેના રૂપ તણો નહિ પાર આરા૦

મા રાજાને ત્યાં જાણુ થયું વાઘેશ્વરીરે૦
એક કારમો છે તોખાર આરા૦
મા રાજા ત્યાંથી ચાલીયો વા૦
અશ્વ જોવાને કાજ આરા૦
મા પગ પીઠ નીહાળીને વા૦
ફરી કરીને જુવે રાય આરા૦
મા રાજા પ્રધાન સુ વાણી વદે વા૦
આતો દેવ તણો તોખાર આરા૦
મા મનુસા દેહનું સુ ગજુ વા૦
અશ્વ ઉપર કરે પલાંણ આરા૦
મા રાજા વળતો બોલીયો વા૦
સાંભળજે તુ પ્રધાન આરા૦
મા અશ્વ આપુ વિઠલનાથને વા૦
ઉપર બેસે જગતનો તાત આરા૦
મા હસેરા સ્વારી જ્યારે ચઢે
ઉપર બીરાજસે વિઠલનાથ આરા૦
મા બીજી સ્વારી ધણી ચઢે વા૦
ત્યારે ચઢસે દિનોનાથ આરા૦
મા અશ્વ અરપીયો વિઠલનાથને વા૦
ત્યાંથી પરવર્યા દરબાર આરા૦
મા રાય શભા ભરી બેસીઓ વા૦
ઘોડાની ચાલી વાત આરા૦
મા થાયે વખાણુ અશ્વ તણું વા૦

ચાલી પંઢરપુરમાં વાત આરાસુર રાણીરે૦
મા ખવાસ છે જે રાય તણો વા૦
કરજોડી કહે છે વાત આરા૦
મા આપ તણી ગૌશાળામાં વા૦
એક જોવા જેવી ગાય આરા૦
મા રૂપ જેનું છે અતી ઘણું વા૦
જાણે કામ ધેનુ અવતાર આરા૦
મા મસ્તકે ભમરી શોભતી વા૦
બીજી ખંધ રોપી ઉપર એક આરા૦
મા રાજા મુખથી ઓચર્યો વા૦
ચાલો ગૌશાળાની માંય આરા૦
મા રાજ મંડળ સો આવીયું વા૦
ગૌશાળાની માંય આરા૦
મા પગ ખરીથી નીરખતાં વા૦
નીરખે ગાય તણું સ્વરૂપ આરા૦
મા રાજા અચરત પામીયો વા૦
હૃદડામાં હરખ ના માય આરા૦
મા રાજા મનમાં હરખીયો વા૦
આ તો અવતારીક વાત આરા૦
મો અશ્વ આપ્યો જેમ ઠાકોરને વા૦
એમ ગવરી આપો આજ આરા૦
મા બીજે દીવસે સુભ મહુરતે વા૦
ગોવરીનું કીધું દાન આરા૦

મા હરખ વાધ્યો પંઢરપુરમાં — વાઘેશ્વરીરે૦
રાયે રૂડાં કીધાં દાન — આરા૦
મા અસાડ સુદી ખટ તીથી — વા૦
રૂડો ગુરૂવાર છે સાર — આરા૦
મા ઓછવનો દિન તે દિવસે — વા૦
રાયે કર્યો છે નિરમાણ — આરા૦
મા દિવસ જાયછે આનંદમાં — વા૦
તેનો શો કહુ મહિમાય — આરા૦
મા ઘણાં વરસ વીતી ગયાં — વા૦
ગવરી પામી છે લય — આરા૦
મા ત્યાર પછી થોડા દિનમાં — વા૦
તોખારે છોડયો દેહ — આરા૦
મા ઘણાં વરસ વીતી ગયાં — વા૦
સેવક જનમ્યો ભરતપુર માંય — આરા૦
મા વણિક રૂડો વેવારીયો — વા૦
જેનો વેપાર ચાલે પરદેશ — આરા૦
મા સોળ તોતેરની સાલમાં — વા૦
રૂડો આશ્વની માસ પાવન — આરા૦
મા વિજય નગર રળિયામણું — વા૦
વણિક ઘેર જનમો બાળ — આરા૦
મા શેઠ બાળ વૃદ્ધિ પામતો — વા૦
દિન દિન મોટો થાય — આરા૦
મા વરસ ચારનો બાળક થયો — વા૦

તેને વ્યાધી થઇ અપાર આરાસુરરાણીરે.
મા શેઠ શેઠાણી બેઉ મળી વા૦
તેણુ સોંપી દીધો બાળ આરા૦
મા આ પુત્ર છે તાહરો વા૦
તમો આપસો તો લઇશું બાળ આરા૦
મા કુસ નહિ કુસની પાંખડી વા૦
તારો હુકમ હોય તે થાય આરા૦
મા એવું ત્યાં આકીન રાખ્યું વા૦
વારે ચઢજો ત્રીપુરા માત આરા૦
મા શેઠાણી મુખે ઓચરી વા૦
બાર કોસથી હીંડીસ પગપાળ આરા૦
મા બીજુ આકીન હું એ રાખું વા૦
બળતી સઘડીએ આવીસ માત આરા૦
મા સઘડી ઉતારૂ તારા ચોકમાં વા૦
ત્યારે બાધા પુરી થાય આરા૦
મા એવુ આકીન રાખીયું વા૦
ત્યારે માએ સુણી ફરિયાદ આરા૦
મા ગુજરખંડ રળિયામણો વા૦
તેમાં પાટણવાડો પ્રખ્યાત આરા૦
*મા એકસોને છોતેર ગામ છે વા૦
તેતો ચુંવાળ ચોક કહેવાય આરા૦
મા ભંડાસુર રણ રોળીને વા૦
બેઠાં સંખલપુરની માંય આરા૦

મા અરજ સુણી વણીકની વાઘેશ્વરી
માએ સાયતા કીધી ત્યાંય આરા૦
મા શેઠ પુત્ર ત્યાં સાજો થયો વા૦
પુત્ર થયો છે વરસ પાંચ આરા૦
મા સ્ત્રી કહે શેઠ સાંભળો વા૦
ચાલો બાધા કરવા કાજ આરા૦
મા વાળ ઉતારીએ બાળક તણા વા૦
બળતી સઘડી ઉતારૂ ચોક આરા૦
મા મનના મનોરથ પુરીયા વા૦
મારૂ જીવીત સુધાર્યું માત આરા૦
મા ત્રણ સ્ત્રીઓ શેઠને વા૦
તેમાં મને કીધી પાવન આરા૦
મા લાજ રાખી મા અંબીકા વા૦
તુ નોધારાની આધાર આરા૦
મા બાધા કરવા નીસંર્યાં વા૦
આવ્યાં ગુજર ખંડની માંય આરા૦
મા ત્રણ સ્વાર છે પોતા તણા વા૦
સાથે ત્રણ છે સંઘરામ આરા૦
મા એકમાં છે બાપ દીકરો વા૦
બીજામાં બેઉ છે નાર આરા૦
મા શેઠ કારભારી ત્રીજે બેઠા વા૦
એવી રીતે ચાલ્યા જાય આરા૦
મા આવ્યાં સઉ ચુંવાળમાં વા૦

માજી રહ્યાં છે કોસ બાર આરાસુરરાણીરે.
મા અબળા ત્યાંતો પુછતી વા૦
એક વટેમારગુ જાય આરા૦
મા વટેમારગુ વીરા માહરા વા૦
અહીથી માજી કેટલે દુર આરા૦
મા વટેમારગુ વાંણી ઉચર્યો વા૦
માજી વાર ગાઉ છે દુર આરા૦
મા શેઠાણી હેઠે ઉતર્યાં વા૦
સઘડી પ્રગટવા કાજ આરા૦
મા સવા ગજનો માટી નળો વા૦
અજાસીંડીએ ભર્યો ત્યાંય આરા૦
મા ધુમાતો અગ્ની મુકીયો વા૦
બઈએ મુકયો છે મુસ્તક આરા૦
મા લાજ રાખજો માત માહરી વા૦
માજી નોધારાની માત આરા૦
મા અરજ કરતી નારી ચાલતી વા૦
મુખે ભજતી અંબેમાત આરા૦
મા સાત ગઉ બઈએ કાપીયા વા૦
ચાલે પવન વેગી ત્યાંય આરા૦
મા સઘડી ત્યાં ઊની થઈ વા૦
મુસ્તક દાઝવા લાગ્યું ત્યાંય આરા૦
મા શેઠ પત્ની હીંમત ધરે વા૦
હેમણાં પોહોચ્યું ચાચર માંય આરા૦

મા એમ બે કોસ કાપીયા વાઘેશ્વરીરે.
ત્રણ કોસ રહ્યાં છે માત આશા૦
મા મુસ્તક ઊઠાંણી લાગી ઉઠી વા૦
બહુને નથી તેનું ભાંન આશા૦
મા ચીત ચોટયું બહુચરમાતમાં વા૦
પવન વેગે ચાલી જાય આશા૦
મા ઘોડા ખુંખારા કરી રહ્યા વા૦
ઘોરી મુખડાંએ ફીણ આશા૦
મા એવું સ્ત્રી હીંડતી વા૦
જેના દેહનું નથી ભાન આશા૦
મા સાહુએ અગની પ્રગટયો વા૦
મુસ્તક દાઝે ત્યાંય આશા૦
મા ઉંચુ દેરૂ મા બહુચર તણું વા૦
ઉપર ફરકે નીસાન આશા૦
મા અંબા ત્યાંથી ઉઠીયાં વા૦
માએ ખડગ લીધુ હાથ આશા૦
મા પગે ચાલીને પલકમાં વા૦
જ્યાં કાલરી છે ગામ આશા૦
મા જુવતી આવે બે ભાનમાં વા૦
તેની સનમુખ આવ્યાં માત આશા૦
મા ખમા ખમા મુખ બોલીયાં વા૦
ત્યાં તો સધડી પાડી છે ભોમ આશા૦
મા હૈયુ મુસ્તક ફુટતી વા૦

ચોધારે આંસુ જાય આરાસુર રાણીરે૦
મા મેં તારૂં શું બગાડીયું વા૦
મારી આસા કીધી ભંગ આરા૦
મા કેશ તણો ફાંસો ખાઉં વા૦
દાંતાં વચે લેઉ જીભ આરા૦
મા પ્રેમ બહુ સ્ત્રી તણો વા૦
માએ દીધાં ત્યાં દરસન આરા૦
મા ખડગ ધારીણી ત્રીશુળ છે વા૦
મુરઘા ઉપર છે સ્વાર આરા૦
મા આવું સ્વરૂપ જોઇ વિસ્મે થઇ વા૦
બઇનું ચીત ખસ્યું છે ત્યાંય આરા૦
મા માજી મનમાં હરખીયા વા૦
બઇને મુસ્તક મુકયો હાથ આરા૦
મા બાળા મુખથી બોલીયાં વા૦
માગ્ય કંઈ વરદાન આરા૦
મા શેઠ પત્ની મુખ ઉચરી વા૦
મારા સાથને દો દરસન આરા૦
મા આટલો વખત વીતી ગયો વા૦
ત્યારે આવ્યો પોતાનો નાથ આરા૦
મા સઉને દરસન દીધાં વા૦
પોચ્યા છે મનના કોડ આરા૦
મા અંબા ત્યાંથી અદ્રસ્ય થયાં . વા૦
આવ્યાં પોતાને ગોખ આરા૦

મા સઘડી જ્યાં હેઠી પડી વાઘેશ્વરીરે૦
ત્યાં સઘડી તણો મહિમાય આરા૦
મા વાળ ઉતાર્યા બાળકના વા૦
ત્યાં બ્રાહ્મણ ભોજન થાય આરા૦
મા નવ ચંડી હોમ ત્યાં કીધો વા૦
ચીર ચુંદડી હોમે ત્યાંય આરા૦
મા સાત દીવસ ત્યાં રહ્યા વા૦
વળતી ચાલ્યા પોતાને દેસ આરા૦
મા માની પ્રદક્ષણા કીધી અતિ ઘણી વા૦
દંડવત તણો નહિ પાર આરા૦
મા ભરતપુર પોતા તણું વા૦
થોડા દીનમાં આવ્યા ત્યાંય આરા૦
મા વણીક પુત્ર મોટા થાય છે વા૦
માત પીતાને હરખ ના માય આરા૦
મા વિજય નગરમાં પ્રેમદા વા૦
તેને વરસ થયાં છે નવ આરા૦
મા માત પીતા વિચાર કરે વા૦
પુત્રીનું કરવું લગન આરા૦
મા સગાં સહોદરને ખબર કહી વા૦
પુત્રી સારૂ જો જો બાળ આરા૦
મા જેવી પુત્રી માહરી વા૦
તેવો જોજો તેના ભરથાર આરા૦
મા એવો પત્ર લખી મોકલ્યો વા૦

બાઇએ મોકલ્યો પીયરમાં આરાસુર રાણીરે૦
મા ઘણા દીવસ એમ વહી ગયા વા૦
નવ થયું પોતાનું કાજ આરા૦
મા આકાસ વાણી ત્યાં થઈ વા૦
સાંભળજો નરને નાર આરા૦
મા અહીંથી જાઓ ભરતપુરમાં વા૦
હેમચંદ તણું ભોવન આરા૦
મા પુત્ર છે એ વણીકને વા૦
તેની સાથે કરજો લગન આરા૦
મા એ જોડું છે એહનું વા૦
પરણાવો તેની સાથ આરા૦
મા આ ચુંદડી જે માહરી વા૦
આપુ ચરણો ચોળી આજ આરા૦
મા લગન એનું જ્યારે કરો વા૦
વળાવો સાસરી માંય આરા૦
મા આ વસ્ત્ર પહેરાવીને વા૦
સાસરિયે કરજો વિદાય આરા૦
મા સ્ત્રી પુરૂષે સાંભળ્યું વા૦
હઇડે હરખ ના માય આરા૦
મા શેઠ મોટો વેવારીયો વા૦
તે તો ગામે ગામ ઓળખાય આરા૦
મા શુભ લગનમાં પરણાવીયાં વા૦
ત્યાં આનંદ ઓછવ થાય આરા૦

મા વર કન્યાને વળાવીયાં વાઘેશ્વરીરે.
આવ્યા ભરતપુરની માંય આરા૦
મા ઘણા દીવસ એમ વહ્યા ગયા વા૦
માત પીતાના છુટયા દેહ આરા૦
મા સ્ત્રી પુરષ રહ્યાં એકલાં વા૦
આનંદમાં દિવસ જાય આરા૦
મા ચુંવાળ કેરા ચોકમાં વા૦
માના દરસનને બહુ પ્રેમ આરા૦
મા અખંડ હેવા તન ત્રીયા તણું વા૦
તેને છોડયો છે દેહ આરા૦
મા શેઠ એકલા ત્યાં રહ્યા વા૦
તેણે મનમાં કર્યો વિચાર આરા૦
મા ધન દોલત નથી કામની વા૦
વાપરવી પોતાને હાથ આરા૦
મા જીરણુ દેવળ સુધારીયાં વા૦
કરતો પરમારથ કામ આરા૦
મા સવત સતર ચોરાશીમાં વા૦
રૂડો પોસ માસ પાવન આરા૦
મા ઉતરાયણ દીન ત્રણ ગયા વા૦
શેઠે છોડયો પોતાનો દેહ આરા૦
મા ઘણા વરસ વહી ગયા વા૦
આવ્યો મનુસ તણો અવતાર આરા૦
મા ગુજર ખંડ રળીઆમણો વા૦

૩૬ સુરત સરીખું સહેર આરાસુર રાણીરે૦
મા સુરત શહેરમાં પરાં ઘણાં વા૦
મહીપત પરૂ જેનું નામ આરા૦
મા મળાઆરા શેરી નામ છે વા૦
ત્યાં સેવકે ધર્યો અવતાર આરા૦
મા બાળ વૃદ્ધિ પામતો વા૦
તેને વરસ થયાં છે પાંચ આરા૦
મા જનોઈ ઉપવીત કરાવવું વા૦
માત પીતા કરે વિચાર આરા૦
મા અવળા સંજોગ આવી મળ્યા વા૦
બ્રાહ્મણનો પડીયો દેહ આરા૦
મા કણબી કેરો ગોર છે વા૦
કરે જીજમાંન તણું કાજ આરા૦
મા વરસ ચાર વીતી ગયાં વા૦
નવ વરસનો થયો બાળ આરા૦
મા ત્રીયા ત્યાં વિચાર કરે વા૦
કોને પુછું મનની વાત આરા૦
મા માગુ પુત્રનું આવીયું વા૦
પરણાવું મારો બાળ આરા૦
મા જવારા વાવુ હેતથી વા૦
રૂડો અવસર આવ્યો આજ આરા૦
મા મહા સુદી પચમી વા૦
લગન નીરમાણ્યું છે ત્યાંય આરા૦

મા સીધુ સામાન ત્યાં થાય છે — વાઘેશ્વરીરે૦
તેને દીવસ રહ્યા છે નવ — આરા૦
મા મૈયરમાં મારે કોઇ નથી — વા૦
મારૂં મૈયર ચુવાળ ચોક — આરા૦
મા લખુ પત્રીકા પ્રેમથી — વા૦
માજી પધારે મારે ઘેર — આરા૦
મા શંખલપુર સોહામણું — વા૦
જયાં બીરાજે બહુચર માત — આરા૦
મા કાલા વાલાજી કંકોતરી — વા૦
પુત્ર લગન કેરો દીન — આરા૦
મા વસંત પંચમી રળીઆમણી — વા૦
રૂડો રવીવાર કેરો દીન — આરા૦
મા સઉ સાથ સાથે લઇ — વા૦
સેવકના કરવા કાજ — આરા૦
મા ચોશટ જોગણીના સાથમાં — વા૦
વેગે આવજો ઘોળા ગડની માત — આરા૦
મા સર્વે શકિત તેડી લાવજો — વા૦
નવ ભુલસો મારી માત — આરા૦
મા ગાંડા ઘેલાની કંકોતરી — વા૦
શીકારજો શંખલપુર માત — આરા૦
મા પત્ર ગોર કરમાં ધર્યો — વા૦
લઇ ચાલો શંખલપુર વાટ — આરા૦
માં પત્ર મુકયો માના ગોખમાં — વા૦

બેઉ કરજોડી લાગ્યો પાય આરાસુર રાણીરે૦
મા હરખ વાધ્યો અતી ઘણો વા૦
લીધું શેઠાણીનું રૂપ આર૦
મા ફરતાં ફરતાં આવીયાં વા૦
જ્યાં બ્રાહ્મણ બેઠા છે ત્યાંય આરા૦
મા બ્રાહ્મણ સાથ વાણી વદે વા૦
રાંધી જમાડસો રૂષીરાજ આરા૦
મા સોનઇયો આપુ રસોઇ તણો વા૦
દક્ષણામાં આપું મોહોર આરા૦
મા લલચાઈ બ્રાહ્મણ રસોઇ કરે વા૦
સોનઇયા લેવા કાજ આરા૦
મા રસોઈ સર્વે તૈયાર થઈ વા૦
જમ બ્રાહ્મણને માત આરા૦
મા જમીને બ્રાહ્મણ ઉઠીયો વા૦
માયે દક્ષણા આપી ત્યાંય આરા૦
મા બ્રાહ્મણ ત્યાં આનંદ પામ્યો વા૦
આશીશ દેતો અપરંપાર વા૦
મા ગોર ત્યાંથી પરવર્યો આરા૦
આવ્યો પોતાને ધામ વા૦
મા લગન આવ્યું ઢુકડું વા૦
માજીને ચીંતા થાય આરા૦
મા સર્વે બેનો રોળે મળી વા૦
માજી સુરત પંથ પળાય આરા૦

મા સુરત શુંહરે આવીયાં — વાઘેશ્વરીરે૦
સેવકને લડાવા લાડ — આરા૦
મા એક રથ જોડાવીયો — વા૦
તેમાં બેઠા જગની માત — આરા૦
મા જોગણી સૌ ચાલતાં — વા૦
ગીતાં ગાતાં ગાતાં જાય — આરા૦
મા બટુક સાથે મોકલ્યો — વા૦
સેવકને કરો જાણ — આરા૦
મા ખબર સાંભળી આવ્યા તણી — વા૦
એના હરખ તણો નહિ પાર — આરા૦
મા કુટુંબ સૌને કહેવરાવીયું — વા૦
મામેરૂ લાવ્યાં બેન — આરા૦
મા ચાલો તેમને વધાવીયે — વા૦
કરીએ આપણો કુળાચાર — આરા૦
મા વાજતે ગાજતે સૌ ચાલીયાં — વા૦
મામેરીયાં વધાવા કાજ — આરા૦
મા કુમ કુમ પુષ્પે વધાવીયાં — વા૦
ચંદન ચોખાની સાથ — આરા૦
મા વાજતે ગાજતે ઘેર લાવીયાં — વા૦
આવ્યાં ભોવનની માંય — આરા૦
મા રસોઇ કરાવી એકાંતમાં — વા૦
જમાડયો સઘળો સાથ — આરા૦
મા જમી સૌ તતપર થયાં — વા૦

માને હૈયડે હરખ ના માય   આરાસુર રાણીરે૦
મા પુત્રને પાસે બોલાવીયો   વા૦
માએ મુસ્તક મુકયો હાથ   આરા૦
મા અચળ નામ તારૂ હજો   વા૦
મુજ સાથે તારૂ નામ   આરા૦
મા સવંત ઓગણી છત્રીસમાં   વા૦
તુજ ઉપર કોપસે માત   આરા૦
મા તે વાસ દીવસની લાંઘણ થસે   વા૦
વાઘે ચઢીને આવસે માત   અરા૦
મા અષ્ટ ભુજા મુખ ઓચર્યાં   વા૦
મારૂ થાનક કરતાં હાથ   આરા૦
મા છ જનમનો ભકત છું માહરો   વા૦
તારે હાથે બેસીસ આજ   આરા૦
મા જ્યાં બેસાડું ત્યાં હું બેસું   વા૦
ના બેશુ કોઇને હાથ   આરા૦
મા તું કહું તે હું કરૂં   વા૦
તેથી ચેતાવું છું ચેત   આરા૦
મા કાચે તારે હું બંધાઉ છું   વા૦
હું કહુ તે કરોને કામ   આરા૦
મા દેવ તણું કહ્યું ના કરૂં   વા૦
પણ તારૂં પાળીસ વેણ   આરા૦
મા એવું વચન તુજને કહેસે   બા૦
તોયં તું નવ ધરૂં કાન   આરા૦

મા ત્યારે ભગવતી રૂઠસે વાઘેશ્વરીરે.
તારા લેવા બેસસે પ્રાણ આરા૦
મા વાઘે ચઢી માજી આવસે વા૦
ક્રોધે ચઢસે હુળા હુળ આરા૦
મા પાગઠીયે ઉભા રહી વા૦
લેવા બાળકના પ્રાણ આરા૦
મા તે સમાના જોગમાં વા૦
મુજને ખબર થાસે ત્યાંય આરા૦
મા મારે આવવું પડસે એક હારમાં વા૦
તારો પ્રાણ બચાવવા કાજ આરા૦
મા હઠના લેશો બાળ માહરા વા૦
તેમાં થાસે રૂડુ કાજ આરા૦
મા અગીઆરસો વરસ પુરાં થએ વા૦
તે ઉપર વરસ એકવીસ આરા૦
મા એટલા વરસની સોપણી વા૦
ત્યારે પ્રગટ થાસે આપો આપ આરા૦
મા મોરૂધ્વજ પુરી સત્યુગે હતી વા૦
કળજુગે રાઠોડ પુર શહેર આરા૦
મા કુપ ખોદતાં પ્રગટ થસે વા૦
તું ઓળખજે જગની માત આરા૦
મા એ દેવી વાઘ વાળીની વા૦
ભુલશો નહિ બ્રહ્મ કુમાર આરા૦
મા આપ વચન તુમો પાળશું વા૦

ભુલ થાય તો કરજો સાય આશાસુર રાંણીરે.
મા ભવ હજુ બીજો આવસે વા૦
તેમાં કેમ જાણું આ વાત આ૦રા૦
મા બાળાએ વચન વાળીયું વા૦
કહ્યું તેની જાણીસ પેર આરા૦
મા એકાંતમાં સઘળું કહ્યું વા૦
તે સાંભળે બ્રાહ્મણનો બાળ આરા૦
મા લગન દીવસ વહી ગયા વા૦
માએ સાથ કર્યો વિદાય આરા૦
મા બહુચર રહ્યાં એકલાં વા૦
નર નારીને લડાવે લાડ આરા૦
મા બાળકને સમજાવતાં વા૦
મારો ભરમ ના ભાગીસ બાળ આરા૦
મા જ્યારે વાત મારી કરીસ વા૦
હમો જઇસું હમારે ગોખ આરા૦
મા સેવક મુખથી બોલીયો વા૦
જીવ જતાં ના કહું વાત આરા૦
મા તારી જનુનીયે મુજને સોપીયો વા૦
મારા બાળનું કરજો જતન આરા૦
મા એમ કરતાં દીન અઢાર થયા વા૦
ડોસીનો આવ્યો કાળ આરા૦
મા અંતસ કાળ જ્યારે થયો વા૦
માએ ચેતાવી સેવકની આંત આરા૦

મા શયન કાળ જ્યારે થસે વાઘેશ્વરીરે.

ત્યારે પડસે તારો દેહ આરા૦

મા માયા તારી છોડી દેજે વા૦

ચીંતા રાખજે હરી હરમાંય આરા૦

મા જે કહું તે સાચું જાણું વા૦

બાળક સોંપ્યો ત્રીપુરા માત આરા૦

મા સાંજ પડી રવી આથમ્યો વા૦

બ્રાહ્મણીનો પડીયો દેહ આરા૦

મા બાળક ત્યાં રૂદન કરે વા૦

માજી સમજાવે છે ત્યાંય આરા૦

મા સમજાવ્યાં સમજે નહિ વા૦

ત્યારે વચન વદે છે માત આરા૦

તું રહાસ લોચન તાહરે વા૦

મારૂં વચન પાળજે બાળ આરા૦

મા પ્રાતસ કાળ થયો ત્યારે વા૦

દહન ક્રિયા કરાવી માત આરા૦

મા ઉતર ક્રિયા કરાવા માત વા૦

મા કરાવે બાળકને હાથ આરા૦

મા બાર માસની જે ક્રિયા વા૦

તે કરાવે જગની માત આરા૦

મા પુન્ય દાન ઘણાં કીધાં વા૦

તેનું કુટુંબ રાજી થાય આરા૦

મા ઘણા દીવસ વહી ગયા વા૦

નથી ગોખે જાતાં માત આરાસુર રાંણીરે.
મા જેવી આસા જે રાખે વા૦
તેની ત્યાં રહી પુરે આસ આરા૦
મ અગીઆર વરસ પુરાં થયાં વા૦
બાળકને થયાં વીસ આરા૦
મા ધનુષ ધારી વિચાર કરે વા૦
હવે રહેવું છે ખટમાસ આરા૦
મા પાંચ માસ વીતી ગયા વા૦
ત્રીયાનું ફેરવ્યુ મન આરા૦
મા ૭ માસમાં દીન ત્રણ રહ્યા વા૦
આગળ કહ્યું તે ભુલ્યો બાળ આરા૦
મા સ્ત્રી પુરૂષ રંગ રાગે હતાં વા૦
રૂદીયાની કરતાં વાત આરા૦
મા સ્ત્રી સુખેથી ઓચરી વા૦
સાંભળજો પ્રાણ આધાર આરા૦
મા માસી આપણે ઘેર વસે વા૦
તેનો લાગે મુજને ભરમ આરા૦
મા બાળ નથી માસી પેટનો વા
હોય તો ના આવે અહીં આરા૦
મા હે વાત તન છે એમને વા૦
કદી ન કરે તેની વાત આરા૦
મા ઘર વખુ એ નથી વા૦
સમજુ ન કરતાં વાટ આરા૦

મા બ્રાહ્મણ ત્યાં ભુલી ગયો વાઘેશ્વરીરે.
હસી બોલ્યો ત્રાયાની સાથ આરા૦
મા હરખી બ્રાહ્મણ બોલીયો વા૦
નવ ઓળખું એ છે માત આરા૦
મા જગત માતા એ બહુચરા વા૦
એ શંખલપુરની રાય આરા૦
મા એટલે માજી આવીયાં વા૦
ઝબકાવ્યો સેવક ત્યાંય આરા૦
મા સેવકને મન સાંભર્યું વા૦
હું તો ભુલી ગયો બ્રમાંડ આરા૦
મા એકાંતે બ્રી મળે વા૦
તેને કહું સઘળી વાત આરા૦
મા હૈયું ફુટયું માહરૂં વા૦
મેં આ સો તોડયો ભરમ આરા૦
મા સ્ત્રી જાતી નહિ કોઈની વા૦
કરમ ઉપર મુકયો હાથ આરા૦
મા બે દીવસ વીતી ગયા વા૦
ત્રીજા દીનનો પ્રાતસકાળ આરા૦
મા પાડોસણ દંત ધાવણ કરે વા૦
જોડે આવી બેઠી નાર આરા૦
મા પડોસણ મુખ ઓચરી વા૦
માસી કયાં ગયાં છે આજ આરા૦
મા પંદ્દા ત્રીયાએ તોડીયો વા૦

કહી દીધું કહેલું ત્યાંય આરાસુર રાંણીરે.
મા સુંવાળા ચોક જે બહુચરા વા૦
માસી થઇ આવ્યાં છે અહીં આરા૦
મા પારોસણ અચરત પામી વા૦
હુ નીરખું માનુ સ્વરૂપ આરા૦
મા ત્રીયાએ સાચું માનીયું વા૦
માનું ન રખી કરૂં દરસન આરા૦
મા ભગવતી છે ભોવનમાં વા૦
બેઠયાં બાળકની સાથ આરા૦
મા સાંભળ સેવક માહરા વા૦
સોંપીને રેજો બાળ આરા૦
મા હુમો જઇએ હુમારે ગોખ વા૦
સત્ય ચુકશો નહિ બાળ આરા૦
મા એવું કહી અદ્રષ્ય થયાં વા૦
બ્રાહ્મણ પસ્તાયો છે ત્યાંય આરા૦
મા નીસવાસ મુકયો અતી ઘણો વા૦
મન મારી રાખે ધીર આરા૦
મા ત્રીયા મન સમજી ગઇ વા૦
હવે મનની કહુ વાત આરા૦
મા દીન જાય છે આનંદમાં વા૦
બેઉ પાળે પોતાનો ધર્મ આરા૦
મા બ્રાહ્મણ વિદ્યા અભ્યાસ કરે વા૦
જાણે સૌ શાસ્ત્રનો મરમ આરા૦

મા વિદ્વાનો આવે ઘણા વાઘેશ્વરીરે.
શાસ્ત્રનો લેવા સાર આરા૦
મા અન્નાદય આપે ઘણું વા૦
જે આવે પોતાને દ્વાર આરા૦
મા ઘણાં વરસ વીતી ગયાં વા૦
પ્રશ્ન થયાં છે નર નાર આરા૦
મા નવરાત્રી રળીઆમણી વા૦
આવ્યા અપવાસ કેરા દિન આરા૦
મા સેવક મન વિચાર કરે વા૦
આવે શાંખલપુરની રાજ આરા૦
મા અપવાસ છોડાવા આવસે વા૦
નહી તો પાડું મારૂ તન આરા૦
મા જે દિવસથી પરવર્યાં વા૦
ના આવ્યાં આપણે ભોવન આરા
મા દેહ પાડું કે પ્રાણ તજું વા૦
માજી એક વાર લાવું દ્વાર આ
મા ટેક લઇને બેસીયો વા૦
મારી આસા પુરજો માત આર ૦
મા એમ નવરાતર વહી ગયાં વા૦
બાળાને ચીંતા થાય આરા૦
મા નવરાતરના નવ દીવસ વા૦
તે ઉપર થયા સાત આરા૦
મા નર નારી બેઉ અપવાસી વા૦

થઇ ગયાં બેહાલ   અ.રાસુર રાકુરે૦
મા કુકડા ઉપર સ્વાર થયાં   વા૦
માજી આવ્યાં સેવકની પાસ   આરા૦
મા ખમા ખમા મુખ ઓચર્યાં   વા૦
તું કહું તે આપું આજ   આરા૦
મા બ્રાહ્મણ વાણી ઉચર્યો   વા૦
મને શરણ રાખજો માત   આરા૦
મા ચરણ કમળ રહુ તાહરે   વા૦
મારૂ જનમ મરણ નવ થાય   આરા૦
મા સ્વેતાંબરી મુખ બોલીયાં   વા૦
હું કહું તે સાંભળ આજ   આરા૦
મા અવતાર તારા બે થશે   વા૦
તે સાંભળ સેવક જન   આરા૦
મા પ્રથમ પેલો પાટીદારનો   વા૦
પ્રગટસો નીપુરની માંય   આરા૦
મા સંવત ઓગણીસો સોળની સાલમાં   વા૦
રૂડો ભાદરવો છે માસ   આરા૦
મા કૃષ્ણ પક્ષની અષ્ટમી   વા૦
સુર્ય ઉદય તે પ્રભાત   આરા૦
માં તે સમે જનમ તાહરો   વા૦
રૂડાં તુજ હાથે સાથે કાજ   આરા૦
મા વરસ સતર જ્યારે થશે   વા૦
ત્યાંરે પ્રગટસે અષ્ટ ભુજા માત   આરા૦

મા અદ્રશ્ય થયાં જે દીનથી — વાઘેશ્વરીરે૦
અગીઆરસો એકવીસ થાય — આરા૦
મા ત્યાર પછી નીપુર આવશે — વા૦
વાસો વસસે તારે ઘેર — આરા૦
મા સંવત ઓગણીસો આડતરીસમાં — વા૦
ગોખે બેસસે વાઘેશ્વરી માત — આરા૦
મા પોસ માસની અષ્ટમી — વા૦
કૃષ્ણપક્ષને શુકરવાર — આરા૦
મા તે દીવસ રળીયામણો — વા૦
ભોળી ભવાંની બેસસે ગોખ — આરા૦
મા પછી અઠાવીસ વરસ જ્યારે થસે — વા૦
અચર ગોખે બેસસે માત — આરા૦
મા તે સત્રણુ તુજ હાથે થસે — વા૦
થાસે મારા સરખુ ધામ — આરા૦
મા વહીવટ કરજો સુભ રીતથી — વા૦
સાંભળજો નરને નાર — આરા૦
મા આ ભવ પુરો થયો — વા૦
બીજાની કહું પેર — આરા૦
મા રાઠોડ રાજ્ય સ્થાપન થસે — વા૦
સોરઠ દેશની માંય — આરા૦
મા રાજ્ય જોવાને નીસરે — વા૦
ત્યારે આવસે આંણે ઠામ — આરા૦
મા ગળતહોડ રાયને થશે — વા૦

તેનું દુખ કહ્યું નવ જાય આરાસુર રાણીરે૦
મા રાજા તે ભોમ આવસે વા૦
જોશે માજીનું ધામ આરા૦
મા વીચીત્ર ભોમ રળીયામણી વા૦
ઇંદ્રપુરી સરખો ઠામ આરા૦
મા મન ચોરસે રાયનું વા૦
રાય ઘાવણી કરસે ત્યાંય આરા૦
મા વાવ કુપ રળીયામણું વા૦
રાજા રહેસે દીવસ સાત આરા૦
મા રોડ સૌ સુકાઈ જસે વા૦
ત્યારે રાજાને સ્વપનું થાય આરા૦
મા દરશન દેસે રાયને વા૦
માનું દેવળ કરસે ત્યાંય આરા૦
મા દેવળ કેરો હુકમ કરે વા૦
ત્યારે સ્વપનું આપે માત આરા૦
મા પ્રધાનને સ્વપનું કરે વા૦
મારે દેવળ ના ધરીસ હાથ આરા૦
મા મારા દેવળ કેરા કાકરો વા૦
નવ ઉખાડસો રાજકુમાર આરા૦
મો રાજ્ય કાઢીસ જડમુળથી વા૦
નહીં રાખુ ઠરવા ઠામ આરા૦
મા ચેતવું હોયતો ચેતજે વા૦
પાયા નાંખે ચારે પાસ આરા૦

મા તે ઉપર શીખર વાળજો — વાઘેશ્વરીરે૦
હું કહું તે કરજે રાય — આરા૦
મા અષ્ટ ભુજા અધર બોલીયાં — વા૦
મારો શેવક વસે છે અહીં — આરા૦
મા છ ઘડી રાત રહે છે જ્યારે — વા૦
વેલો આવે મારો બાળ — આરા૦
મા ઘણી આવે નર નારીયો — વા૦
તને એંધાણી આપુ આજ — આરા૦
મા લાલ લાખુ કુમ્મર દિસે — વા૦
તેતો ચમકારા ખાય — આરા૦
મા પત્ની એની સૌ સાથમાં — વા૦
તેમને તેડજે આંણે ઠામ — આરા૦
મા નીશાન પુંજા તે કરે — વા૦
નીશાન ચઢાવે મારો બાળ — આરા૦
મા સંવત છવીસો અગનોતેરમાં — વા૦
માનું શીખર ચઢાવશે બાળ — આરા૦
મા જય જયકાર ત્યાં થઇ રહયો — વા૦
આ બીજા ભવની વાત — આરા૦
મા રાજા ગભારો સોંપસે — વા૦
માનો વહીવટ કરવા કાજ — આરા૦
મા છ માસ વહીવટ કરો — વા૦
વળતી પડશે તારો દેહ — આરા૦
મા મુળ સ્વરૂપ તારૂ થસે — વા૦

ત્યારે તારો થાસે ઓધાર આરાસુર રાણીરે૦
મા નરનારી ભવ તરી જશે વા૦
એ અંબા તણો પરતાપ આરા૦
મા એવુ કહી મા અદ્રષ્ય થયાં વા૦
બ્રાહ્મણ થયો ભયભીત આરા૦
મા ત્રીયાએ મન વિચારીયુ વા૦
હે વાતને પડસે દેહ આરા૦
મા પુરૂષ પોતા તણો વા૦
તેની સાથે બોલી વેણ આરા૦
મા ગોર પુત્રીને તેડાવીએ વા૦
તેને આપુ મહીએરના શણગાર આરા૦
મા બીજી બોલાવો ગુરૂ બાળકી વા૦
આપુ સાસરીનો શણગાર આરા૦
મા શણગાર વસ્ત્ર જે માહરા વા૦
તેથી વધારાના જેહ આરા૦
મા ક્રીયા મારી જે કરો વા૦
તેમાં વાપરજો નાથ આરા૦૦
મા મુજ દુખ તમો ના ધારો વા૦
સુખેથી કાડજો દીન આરા૦
મા શાસ્ત્ર મુખ વાણી વદે વા૦
સ્ત્રી વિનાનું નહિ ઘર આરા૦
મા સ્ત્રી કહે દુખના ધરો સ્વામી માહરા વા૦
આંનંદમાં કાડજો દીન આરા૦

મા તેમ કરતાં દીન વહી ગયો વાધેશ્વરીરે૦
રહ્યો દીન પહોર આરા૦
મા રસોઇ છેલ્લી વારની વા૦
ભાવે જમાડું મારો નાથ આરા૦
મા રસોઇ બાઇએ તૈયાર કરી વા૦
માને ધરાવી છે થાળ આરા૦
મા કરગરી માને અરજ કરે વા૦
માજી સોંપ્યો તારો બાળ આરા૦
મા મુજ દેહ તણો વીસવાસ નથી વા૦
સયન કાળે પડસે દેહ આરા૦
મા વિશ્વંભરી દુઃખ ભંજની વા૦
તમો શરણું મારો નાથ આરા૦
મા સ્ત્રી પુરૂષ બેઉ આસન બેઠાં વા૦
ભોજન કરવાને કાજ આરા૦
મા ભોજન કરી ઉઠીયાં વા૦
સુર્યસ્ત વખત ત્યાં થાય આરા૦
મા ગૌ ગોબર સ્વહસ્ત લાવી વા૦
ગંગાજળ કાઢો કળસ આરા૦
મા ચોટલો લટ છોડીયો વા૦
માંહી ભર્યું તેલ ફુલેલ આરા૦
મા ખપર જોગણીનું રૂપ ધર્યું વા૦
એટલે થયો છે સાયનકાળ આરા૦
મા કુટુંબને જાહેર કર્યું વા૦

સૌ આવો મારે દ્વાર આરાસુર રાણીરે૦
મા આજ દિવસ રળીઆમણો વા૦
આવો ઘર કરવા પાવન આરા૦
મા એવું કહી સૌ તેડીયાં વા૦
નારીયો આવી ત્યાંય આરા૦
મા જોત પ્રગટી માના ગોખમાં વા૦
બીજી જોત પોતાની પાસ આરા૦
મા ગૌ ગોબરની ગાર કરી વા૦
ચોકો કીધો પોતાને હાથ આરા૦
મા વસ્ત્ર પોતાનાં શુધ પહેરીને વા૦
સયન કીધું ચોકાની માંય આરા૦
મા કુટુંબ સૌ અચરત પાંમીયું વા૦
મા આ સું કઉતક થાય આરા૦
મા બ્રાહ્મણ પત્ની ધ્યાંન ધરે વા૦
વારે ચઢજો મોરી માત આરા૦
મા આ વખત રળીઆમણો વા૦
દરસન આપો મુજ માત આરા૦
મા કુકડે ચઢી મા ગાજીયાં વા૦
આવ્યાં બ્રાહ્મણના ભૌવન માંય આરા૦
મા સેવક પત્ની જ્યાં પોઢી છે વા૦
માએ આવી દીધું દરસન આરા૦
મા આડ કીધી થાળ કુમ કુમથી વા૦
પ્રત્યક્ષ દેખે નરનાર આરા૦

મા આંખ મીચીને ધ્યાન ધર્યું વાઘેશ્વરીરે૦
પ્રાણ તજ્યો ન જાણે કોઇ આરા૦
મા પ્રાતઃકાળ જ્યારે થયો વા૦
કુટુંબ ભેગુ થાય આરા૦
મા સમશાને લઇ ચાલીયા વા૦
દહન ક્રિયા કરવા કાજ આરા૦
મા દહન ક્રિયા ત્યાં કરી વા૦
સો આવ્યા પોતાને ઘેર આરા૦
મા ઉત્તર ક્રીયા સઘળી કરી વા૦
પૂઠે દાન કીધાં અપાર આરા૦
મા સોળ માસ જ્યારે થયા વા૦
નીકળ્યો તીરથ કરવા બાળ આરા૦
મા દેવકી ઉનાઇના કુંડમાં વા૦
ત્યાં નાહ્યો સેવક જન આરા૦
મા ત્રણ દિવસ ત્યાં રહ્યા વા૦
વળતો ઉત્તર પંથ પળાય આરા૦
મા નર્મદા નીર ગંભીર વહે વા૦
ત્યાં આવ્યો સેવક જન આરા૦
મા નર્મદા નાહીને પાવન થયો વા૦
કુબેરને લાગ્યો પાય આરા૦
મા નંદા આનંદા બેઉ બેનો વસે વા૦
ત્યાં કીધો ચંડી હોમ આરા૦
મા બ્રહ્મ ભોજન કરાવીયાં વા૦

જાતો અનુસોયાએ જાય આરાસુર રાણીરે૦
મા મુલાં લુંડાંને આંધળાં વા૦
ત્યાં દુખીયાં તણો નહિ પાર આરા૦
મા સપ્ત દીવસ સેવક ત્યાં રહયો વા૦
દુખીયાંને પોસવા અંન આરા૦
મા ઉતરતે નીરે પરવર્યો વા૦
જ્યાં છે સુકલ તીરથ કબીરવડ આરા૦
મા વેણુ તણા ભગવાન છે વા૦
તીરથ કરતો તારો દાસ આરા૦
મા દીવસ ત્રણ ત્યાં રહયો વા૦
વળતો ઉતર પંથ પળાય આરા૦
મા મહીમાતા કુમારેશ્વરી વા૦
સ્નાન કરી થયો પાવન આરા૦
મા દુવા કંકણ કુંડ નાહિને વા૦
આવ્યો ડંકપુરની માંય આરા૦
મા નીલગીરીથી પધારીયાં વા૦
પાવન કીધું ડંકપુર શહેર આરા૦
મા ગોમતી ગંગ પવીત્ર છે વા૦
જેમાં છુપાયા દીન દયાળ આરા૦
મા પવીત્ર જળમાં સ્નાન કર્યું વા૦
પ્રભુને લળી લળી લાગે પાય આરા૦
મા સેવક ત્યાંથી ચાલીયો વા૦
ત્યાંથી ઉતર પંથ પળાય આરા૦

મા સીધપુર ક્ષેત્રમાં આવીયો વાઘેશ્વરીરે૦
પવીત્ર કુંવારીકાનું નીર આરા૦
મા પ્રાતસકાળે સ્નાન કીધું વા૦
આવ્યો બીંદુ સરોવરની માંય આરા૦
મા બીંદુ સરોવરમાં સ્નાન કર્યું વા૦
આવ્યો ગનાન વાવ્યની માંય આરા૦
મા કપીલ મુનીએ ગનાન કર્યું
નીજ માતાને વારવાર આરા૦
મા પવીત્ર ભોમી રળીઆમણી વા૦
તીરથ કરતો બ્રાહ્મણ ત્યાંય આરા૦
મા એક માસ ત્યાં રહયો વા૦
ત્યાં નવચંડી કીધી ત્રણ આરા૦
મા પ્રથમ ગનાન વાવ્યે કીધી વા૦
બીજી મહાકાળી ભોવન આરા૦
મા ત્રીજી સરસ્વતી તટે કીધી વા૦
એમ કાઢયો પુરણ માસ આરા૦
મા એક માસ દીન ત્રણ થયા વા૦
ત્યાંથી પશ્ચિમ પથ પળાય આરા૦
મા બે દીવસે આવી મલ્યો વા૦
બીરાજે સંખલપુરનાં રાય આરા૦
મા મન હરખ્યું નીજ સેવક તણું વા૦
આનંદમાં રહેવા કાજ આરા૦
મા અઢાર માસ વીતી ગયા વા૦

માની સેવા કરતાં અપાર આરાસુર રાણીરે૦
મા ત્રણ વરસ દિન તેવીસ થયા વા૦
આવ્યા નવરાત્રી કેરા દીન આરા૦
મા હાથમાં જવારા વાવીયા વા૦
અનજળ તજીયાં ત્યાંય આરા૦
મા નવરાત્રની અષ્ટમી થઇ વા૦
માને ચીંતા થઈ અપાર આરા૦
મા રાત્રી પડીને રવી આથમ્યો વા૦
નીસા ગઇ છે અડધી ત્યાંય આરા૦
મા કુરશી ઉપર બીરાજતાં વા૦
સાથે સીંધવાઇ વેરાઇ માત આરા૦
મા કાળી અને ખોડીઆર છે વા૦
આવ્યો સઉ શકિતનો સાથ આરા૦
મા બુટ ચામુંડા ચંડીકા વા૦
આવ્યો ચોસટ કેરો સાથ આરા૦
મા અષ્ટ ભૈરવ વીર બાવન છે વા૦
આવી મળ્યો સઘળો સાથ આરા૦
મા ઉંદા ઉંદા મુખ ઓચરે વા૦
થઇ રહયો છે જેજેકાર આરા૦
મા બાળા બહુચર બોલીયાં વા૦
એનો ખેલો ચાચર માંય આરા૦
મા એવું કહીને પરવર્યાં વા૦
જ્યાં બેઠા વરખડે બાળ આરા૦

મા હરખ વાધ્યો છે અતી ઘણો વાઘેશ્વરીરે૦
કીધી કુમ કુમ અરચ્યા કપોળ આરા૦
મા હાર નાંખ્યા છે કંઠમાં વા૦
પછી બોલ્યાં ત્રીપુરા માત આરા૦
મા ચોસટ જોગણી ટોળે મળી વા૦
અહીં આવસે સઘળો સાથ આરા૦
મા અદભુત સ્વરૂપ હોય કારમાં વા૦
નવ ડરેસ બ્રાહ્મણના તન આરા૦
મા સેવક ઉંચુ નવ જુવે વા૦
રૂદીયામાં ચંડી માત આરા૦
મા એક ચીતે સેવક ધ્યાંન ધરે વા૦
જેનું બાળા ઉપર મન આરા૦
મા ચામુંડા વાંણી ઉચર્યાં વા૦
ચાલો જુના ચાચર માંય આરા૦
મા સઘળો સાથ સઉ ચાલીયો વા૦
જયાં છે વરખડીયો ગોખ આરા૦
મા મેરીનો જયાં મરદ થયો વા૦
વજેસંગનો રાખ્યો વંસ આરા૦
મા કુલડીયે કટક જમાડીયું વા૦
વરખડા સોટીયે માર્યો મહીસ આરા૦
મા ચામુંડા સઉને લાવીયાં વા૦
જયાં બેઠો છે બ્રાહ્મણનો બાળ આરા૦
મા જવારા બેઉ હાથમાં વા૦

જેમ તપસ્યાયે બેઠા સીધ આરાસુર રાણીરે૦
મા દેવીયો સઉ વીચાર કરે વા૦
ધન મનુસા દેહ અવતાર આરા૦
મા આવો પુરૂષ કોણ નીપજ્યો વા૦
જેની દ્રઢતાનો નહિ પાર આરા૦
મા કોણ દેશ કોણ ગામનો વા૦
આ કોનો હસે બાળ આરા૦
મા ચામુંડા મુખે બોલીયાં વા૦
એનો સાંભળો મારી વાત આરા૦
મા મોરૂધ્વજપુર રળીઆમણું વા૦
ગુજરખંડ કેરી માંય આરા૦
મા અસુર દુખ બહુ દેતા વા૦
ત્યારે મોરૂધ્વજે જાચી માત આરા૦
મા પ્રસન થયાં માત અંબીકા વા૦
થયાં વાઘ ઉપર સ્વાર આરા૦
મા સહસ્ત્ર ભુજા રૂપે ગબર વસ્યાં વા૦
અષ્ટ ભુજા રૂપે આવ્યાં અહીં આરા૦
મા અસુર મારીને સુખ આપીયું વા૦
તે દીવસથી રહ્યાં ત્યાંય આરા૦
મા જુગ પછી શહેર ઉજડ થયું વા૦
રાજાનો ગયો વંસ આરા૦
મા ત્યાર પછી કળીયુગમાં વા૦
વસાયું શડોડપુર શહેર આરા૦

મા રાયમલ્લ રાણા રાઠોડ હતો — વાઘેશ્વરીરે૦
કરતો રામ સરીખું રાજ — આરા૦
મા તે દીવસમાં આ સેવક હતો — વા૦
માજીને લડાવે લાડ — આરા૦
પ્રસન થયાં મા આનંદથી — વા૦
પ્રત્યક્ષ કરતાં વાત — આરા૦
મા હાજરા હજુર ગુજરાતમાં — વા૦
રાણો ખરચ આપતો ત્યાંય — આરા૦
મા ઘણી પેઢી રાયની થઇ — વા૦
ત્યારે ઉગ્યું વીખનું ઝાડ — આરા૦
મા પ્રાગમલ્લ કપુત જનમીયો — વા૦
તે તો અધર્મનો હીંડનાર — આરા૦
મા સેવક જે અષ્ટ ભુજા તણો — વા૦
તેને દુખ દેતો અપાર — આરા૦
મા મદ્યપાન કરી ઘોડે ચઢે — વા૦
ત્યારે દુખ દેતો અપરંપાર — આરા૦
મા ત્રણ દીવસમાં શહેર ઉજડ કરવા — વા૦
આપણો ગયો તો સઘળો સાથ — આરા૦
મા સેવકની વારે ચઢયાં — વા૦
દંડયો નગરી કેરો ઠામ — આરા૦
મા કાળા કાગ કકળાવીને — વા૦
આપણો ગયો ધોળે ગઢ સાથ — આરા૦
મા જેની વાહાર આપણે કરી — વા૦

તે આ બેઠો છે બાળ આરાસુર રાણીરે૦
મા છઠો જનમ એનો થયો વા૦
તોય આખર એનો એજ આરા૦
મા અગીઆરસો એકવીસ સુધી વા૦
ત્રીપુરાને સોંપ્યો બાળ આરા૦
મા ત્યાં સુધી બહુચર શરણમાં વા૦
મા બહુચર લે છે સંભાળ આરા૦
મા છેલા જવારા વાવીયા વા૦
ફરી વાવવા તણી નહિ આસ આરા૦
મા બ્રાહ્મણે કારણે સાંભળ્યું વા૦
નક્કી આવ્યો ઢુકડો કાળ આરા૦
મા દેવી ગરબા ગાઇને વા૦
સઉ ગયાં પોતાને સ્થાન આરા૦
મા પાછલી છ ઘડી નીસા રહી વા૦
આવ્યાં શંખલપુરની માંય આરા૦
મા દરસન દીધાં આનંદમાં વા૦
માએ વરદાન આપ્યું ત્યાંય આરા૦
મા અમૃત વચન મુખ બોલતાં વા૦
ચેત ચેત ચેતાવું બાળ આરા૦
મા આયુસ તારો થોડો રહયો વા૦
માટે સંભાળો જનમ ભોમ આરા૦
મા પુન્ય દાન નીજ હાથે કરો વા૦
રૂડા તાપી કેરા ઘાટ આરા૦

મા ઉતર ક્રિયા જેટલું — વાઘેશ્વરીરે૦
પીતરાઇને આપજો બાળ — આરા૦
મા બીજુ બ્રાહ્મ ભોજનમાં — વા૦
વાપરજે તારે હાથ — આરા૦
મા બે માસ દીન અઢાર છે — વા૦
બારસને ચઢતે પહોર — આરા૦
મા તે સમે કાયા છાંડજે — વા૦
હમો દઇસું દરસન ત્યાંય — આરા૦
મા કાળી સહિત બીરાજશુ — વા૦
હમો બેસીસું રથની માંય — આરા૦
મા ભોવન તારે હું રહી — વા૦
તમોએ પાડોસણને કીધી પેર — આરા૦
મા તેમાં તીરસ્કાર મેં કીધો — વા૦
તે તારો છુટયો આજ — આરા૦
મા સાતમો ભવ તારો થસે — વા૦
ત્યારે જાણીશ સઘળીપેર — આરા૦
મા કોણ હતો ને કોણછું — વા૦
સઘળું જાણીશ મારા બાળ — આવા૦
મા ઓગણીશ વરસની વયથશે — વા૦
ત્યારે આવજે મારે દ્વાર — આરા૦
મા અંતર પડદો ત્યારે ખોલસે — વા૦
થઈ ના કહેશો કોઇને વાત — આરા૦
મા ત્રીયાને તેમ નહી થાય — વા૦

તે તોડી નાંખશે મરમ આરાસુર રાણીરે૦
મા અલોપ અદ્રષ્ટ થઈ ગયાં વા૦
એમ દીન ઉપર દીનજાય આરા૦
મા કહુયા પરમાંણુનો દીન આવીયો વા૦
દીન ત્રણ રહુયો મંદવાડ આરા૦
મા કહુયા પરમાંણુ મા પધારીયાં વા૦
દરસન કરતો વારં વાર આરા૦
મા તન છોડયું પલક એકમાં વા૦
વરત્યો છે જે જેકાર આરા૦
મા સંવત ઓગણીશો તેતરીસ વા૦
રૂડો ચેતર માસ પાવન આરા૦
મા સુક્લપક્ષની નવમી વા૦
તે લગને પ્રગટયાં માત આરા૦
મા નવતમ ઉછવ દીન થયો વા૦
થઇ રહુયો છે જય જયકાર આરા૦
મા શેવકને મન ભાવીયા. વા૦
રૂદીયામાં હરખ ના માય આરા૦
મા અંધ્વર નોબતો ગરગડી વા૦
ચંદનના વરસ્યા મેહ આરા૦
મા બુદ્ધી હીણ હું તારો બાળકો વા૦
નીકળી શકયો તારીપેર આરા૦
મા અમીદ્રષ્ટી તમે કરી વા૦
રૂદીયામાં વસીયાં માત આરા૦

મા અંતર પડદો ખોલીયો વાઘેશ્વરીરે૦
થયું સ્નાન કરવા કેરૂ મન આરા૦
મા કોરો કુંભ સેવક લઇ વા૦
પશ્ચિમ નદી ભણી પળાય આરા૦
મા કોરો કુંભ નદી જળ ભર્યો વા૦
આવ્યો કુપ ખોદે છે ત્યાંય આરા૦
મા ભાવ ભેર નવરાવીયાં વા૦
કીધી કુમ કુમ કેરી આડ આરા૦
મા અગનીમાં ઘી હોમતો વા૦
ઉચરતો જય જય માત આરા૦
મા દિવસ ગયો આનંદમાં વા૦
સાંજે ગયા પોતાને ઘેર આરા૦
મા રાત્રે નોકર મોકલ્યા વા૦
સાચવવા હથીયાર આરા૦
મા પહોર નીસા જ્યારે ગઇ વા૦
માએ સ્વરૂપ કીધું ધારણ આરા૦
મા ચાંદી કેરા થાળમાં વા૦
ચો મુખી જળ હળ જોત આરા૦
મા એવું સ્વરૂપ નીહાળીયું વા૦
થર થર કંપી ત્યાં કાય આરા૦
મા જગત જનુની બોલીયાં વા૦
નવ ડરશો તમે આજ આરા૦
મા એટલે નોકર બોલીયો વા૦

એક કરજોડી લાગે પાય આરાસુર રાણીરે૦
મા વચનવાળો મોરી માવડી વા૦
મેં ઓળખ્યાં જગની માત આરા૦
મા એક હાથમાં દીવો જળ હળે વા૦
પવને હાલે નહિ લગાર આરા૦
મા બીજા કરમાં ખડગ છે વા૦
જાણે વીજળીનો ચળકાટ આરા૦
મા એવો પરછો આપીયો વા૦
વતતાં બોલ્યાં વાઘેશ્વરી માત આરા૦
મા નોકર તમો પાટીદારના વા૦
ચાલ્યા જાઓ તેમને દ્વાર આરા૦
મા નોકર ત્યાંથી પરવર્યા વા૦
આવ્યા ગાંમની માંય આરા૦
મા થયું તે સઘળું કહ્યું વા૦
નવ માને સઘળા લોક આરા૦
મા નીસા ત્યાં વીતી ગઈ વા૦
થયો છે પ્રાતસકાળ આરા૦
મા શેવક ત્યાંથી પરવર્યો વા૦
સાથે ચાકર લીધો એક આરા૦
મા કુવા કામે બીજા ગયા વા૦
શેવક ગયો બીજે ઠામ આરા૦
મા નદી તીરે ખેતર હતું વા૦
વેણુ સાંઠી કાપતાં ત્યાંય આરા૦

મા કુવે માંડવો ઘાલવા વાઘેશ્વરીરે.
 સાંઠી ઉપર નાંખવા કાજ આરા૦
મા કાપતાં ત્યાં મધ્યાન થયા વા૦
 ત્યારે ત્યાં સી ઉપની પેર આરા૦
મા કુંભ ભરેલો જળ તણો વા૦
 કાગ રૂપીએ ઢોળ્યો ત્યાંય આરા૦
મા તરસા લાગી અતી ઘણી વા૦
 સેવક જળ ભરવા જાય આરા૦
મા શોધી ગંગમાં નાહીને વા૦
 પછી વળતો પંથ પળાય આરા૦
મા પુછડી નામ ચરા તણું વા૦
 ત્યાં થઇ આવે બાળી આરા૦
મા મધ્ય ચરા વચ્ચે આવીયો વા૦
 એક કઉતક જેવી વાત આરા૦
મા બોર ઘુંગાં માંહી અતી ઘણાં વા૦
 તેમાં સાંમાં મળીયાં માત આરા૦
મા બે સ્વરૂપ વીકરાળ છે વા૦
 તે તો રૂપ કળ્યું નવ કળાય આરા૦
મા હાથમાં થાળ કુમ કુમ ભર્યો વા૦
 બીજા કરમાં ચળકે ખડગ આરા૦
મા અદભુત રૂપે દ્રષ્ટે જોયું વા૦
 સેવક ડરીયો તેણી વાર આરા૦
મા ફાળ ભર્યો ત્યાંથી નાસતો વા૦

આવ્યો ચાકર કેરી પાસ આરાસુર રાંણીરે.
મા ચાકર તો ધારણુ હળ્યો વા૦
નીંદ્રા વસ થયો છે ત્યાંય આરા૦
મા સેવક પુંઠ તપાસતો વા૦
ચરામાં થઈલી પેર આરા૦
મા પીપર થડે પુઠ દઈને વા૦
બેઠા છે સેવક જન આરા૦
મા બેઠો ત્યાં તો ઢળી પડયો વા૦
એટલામાં આવ્યાં માત આરા૦
મા કુમ કુમ આડ કપાળે કીધી વા૦
કંઠમાં ફુલનો હાર આરા૦
મા ઠંડો કર કપાળે અડયો વા૦
હ્રદય ભાગ્રીત થાય આરા૦
મા કોણ છે કોણ છે પોકાર કરે વા૦
મા નેત્ર ના ઉઘડે ત્યાંય આરા૦
મા એટલે માજી બોલીયાં વા૦
સાંભળજે સેવક જન આરા૦
મા કુપ ખોદાવો છો જે ભોમમાં વા૦
ત્યાં પ્રગટી હું સાક્ષાત આરા૦
મા રાઠોડપુરની ટેકરી વા૦
મારૂ નામ વાઘેશ્વરી માત આરા૦
મા ચરામધ્યે સાંમાં મળ્યાં વા૦
મારી સાથે ચામુંડા માત આરા૦

મા દરીને નાસી છુટયો વાઘેશ્વરીરે.
હવે કેમ છોડુ તુમ બાળ આરા૦
મા છ જનમનો શેવક માહરો વા૦
આ તારો સાતમો અવતાર આરા૦
મા આ અવતારે તુજ હાથથી વા૦
હું બેસીશ સ્થીર સ્થાન આરા૦
મા ગબર ગોખે અંબીકા વા૦
ચુંવાળ ચોકે બહુચર ગવાય આરા૦
મા એમ નટપુર તોડલે હું બેશુ વા૦
મને બેશારજે સેવક જન આરા૦
મા નવજોડએ મારે ઓરડો વા૦
નવ જોડએ દેરૂ વીસાળ આરા૦
મા સાત ઈટનો ગોખ કરિ વા૦
કોરે કોડીએ પ્રગટજે જોત આરા૦
પાંચ ચાંદલા કુમ કુમ તણા વા૦
સેવક કરજે તારે હાથ આરા૦
મા પુષ્પ ચોખે વધાવીને વા૦
નવ માગું બીજું કાંઇ આરા૦
મા તુજ વંસને પ્રસનહું વા૦
મારે ચેતાવું હું ચેત આરા૦
મા જાગ્ય જાગ્ય સેવક માહારા વા૦
એટલામાં ઉઘડી આંખ આરા૦
મા ધીક રૂપ સોહામણું વા૦

માના તેજ તણો નહિપાર આરાસુર રાંણીરે.
મા અષ્ટ ભુજા રૂપ ધારણ કર્યાં વા૦
માજી વાઘે થયાં સ્વાર આરા૦
મા અડધે ખેતર દ્રષ્ટે પડયાં વા૦
પછી થઇ ગયાં અલોપ આરા૦
મા સેવક મન વીચાર કરે વા૦
હવે મારી શી ગત થાય આરા૦
મા મારૂં કંઇ ચલણ નથી વા૦
હવે શો કરવો ઉપાય આરા૦
મા ચાકર ઝબકી જાગીયો વા૦
કરતો સેવક સાથે વાત આરા૦
મા સાચુ કહો સમ માતા તણા વા૦
કોની સાથે કીધી વાત આરા૦
મા સેવક પોતે ઉચર્યો વા૦
કાંઇ દીઠું આળ પંપાળ આરા૦
મા સ્વપ્ન થયું છે કારમું વા૦
પણ કેમ સાચુ મનાય આરા૦
મા અભેસંગ મુખથી બોલીયો વા૦
એતો જુઠું નહિ લગાર આરા૦
મા હવે જે માતા આવતાં વા૦
તે બેઉ આવ્યાંતાં અહીં આરા૦
મા તમને જે માએ કહ્યું વા૦
તે માંડીને કહું વાત આરા૦

મા માએ સેવકને કહ્યું વાઘેશ્વરીરે૦
અભેસંગ કરે વીસ્તાર આરા૦
મા સેવક ત્યાં વાણી વદે વા૦
બોલ કેવાં હતાં માત આરા૦
મા પેલે દહાડે જોયાં હતાં વા૦
ત્યારે ક્રોધ તણો નહિ પાર આરા૦
મા બીજે દિવસે શાંન્તી હતી વા૦
સમજાવી મોકલ્યા ઘેર આરા૦
મા શાંન્તી રૂપમાં નીરખ્યાં વા૦
તે તો બેઉનું એકજ રૂપ આરા૦
મા તે દીન કશુ નહતું વા૦
આજ વાઘ દીઠો વીકરાળ આરા૦
મા ખેતર વચ્ચે પીપળો વા૦
ત્યાં શુધી જોયા માત આરા૦
મા પ્રત્યક્ષ માતા પધારીયાં વા૦
તમોને કોણે કીધી આડ આરા૦
મા હાર કોટે ફુલાં તણો વા૦
તમને કોણે ઘાલ્યો કંઠ આરા૦
મા પ્રત્યક્ષ ડાખલો માતા તણો વા૦
સાચુ બોલો અન્નદાતાર આરા૦
મા હશી શેવક બોલીયો વા૦
જેમ સમજાય તેમ સમજ આરા૦
મા દેવી તે ચાર જુગની વા૦

પણ ઘેર નવ કરસો વાત   આશાસુર રાણીરે૦
મા આડ કપાળથી ધોઇ નાંખુ   વા૦
હાર ઘાલું પીપળાપોલ   આશા૦
મા આંપણ બેઉ જાંણીએ   વા૦
ત્રીજો નવ જાંણુપેર   આશા૦
મા શંપીને ઘેર આવીયા   વા૦
સઘળું રાખીયું રૂદિયામાંય   આશા૦
મા ત્રણ દિવસ થઇ ગયા   વા૦
નીશા થઇ છે ત્યાંય   આશા૦
મા મંદીરછે ઠાકોર તણું   વા૦
ત્યાં બેઠા સઘળો સાથ   આશા૦
મા પાટીદાર હરીભાઇ હતો   વા૦
તેને આવે ચોથીયો તાવ   આશા૦
મા પાંચ વરસ તાવને થયાં   વા૦
તેનું બાળી મુકયું હાડ   આશા૦
મા કાયર થયો દુખ ઘણું પડે   વા૦
કોણ દેવની રાખું આસ   આશા૦
મા અભેસંગ મુખ બોલીયો   વા૦
હું કહું તે સાંભળો આજ   આશા૦
મા વામાં જે માતા હતાં   વા૦
તે તો આદ્ય શક્તિ અંબાય   આશા૦
મા બે દિવસ અમે પ્રગટ જોયાં   વાં૦
એકાઢે તમારો વાત   આશા૦

મા આકીન રાખો તમે તેમનું વાઘેશ્વરિરે૦
બાધા રાખીને બંધાવ આરા૦
મા તોરણ પાંચ નાળીએરનું વા૦
વધેરવાનું છઠું એક આરા૦
મા ચંદરવો મસરૂ તણો વા૦
જમાડું બ્રાહ્મણ પાંચ આરા૦
મા એવી બાધા તેણે રાખી વા૦
મધ્ય રાત્રે સમણું થાય આરા૦
મા ભાંણેજ તારો નડીઆદનો વા૦
તેને કંઠે મેં નાંખ્યો હાર આરા૦
મા છુપાવ્યો એક પીપળે વા૦
તે લવડાવો તેની પાસ આરા૦
મા એનું ફુલ એક ખાઇ જજે વા૦
તારો જાસે સમુળો તાવ આરા૦
મા શ્યામ સ્વરૂપ તારૂં થયું વા૦
તે મટી થાસે ગૌર આરા૦
મા ના કહે તારો ભાંણેજ વા૦
તો ચાકર પુરસે શાખ આરા૦
મા પ્રાતસકાળ જ્યારે થયો વા૦
દુખીયારો આવ્યો ત્યાંય આરા૦
મા બેઉ કર જોડી વાંણી વદે વા૦
જીવવાનું તારે હાથ આરા૦
મા પીપળે હાર સંતાડીયો વા૦

તે લાવો મારે કાજ આરાસુર રાણીરે૦
મા બાળક બુદ્ધિ સેવક તણી વા૦
નવ માને વારંવાર આરા૦
મા એક હઠ બાળે કરી વા૦
ત્યારે બોલાવ્યો ચાકર ત્યાંય આરા૦
મા છુપાવ્યું જે તમતણું વા૦
પણ નહીં રહે ઢાંકી વાત આરા૦
મા ચાકરને ત્યાંતો કહ્યું વા૦
તું જાણું તો જા લઇ આવ આરા૦
મા ચાકર ત્યાંથી પરવર્યો વા૦
ગયો હાર લેવા કાજ આરા૦
મા હાર લઇ ઘેર આવીયો વા૦
નવીન જોવા જેવી વાત આરા૦
મા ત્રણ દીવસ ત્યાં વીતી ગયા વા૦
હાર હતો એવો ત્યાંય આરા૦
મા ચૈતર માસ ઉનાળો તપે વા૦
આથમણો છે પોલ આરા૦
મા ત્રીસ હાથ ઉંચો વધ્યો વા૦
ત્યાં સુધી નહિં એક ડાળ આરા૦
મા તે હાર લીધો આંણીયો વા૦
માળી છાબથી કાઢયો જેમ આરા૦
મા આ પડછો જોયો ગાંમમાં વા૦
લોકો જોવા ભેગા થાય આરા૦

મા હાર લાવી સેવકને સોંપ્યો વાઘેશ્વરિરે૦
ફુલ ખવરાવવા કાજ આરા૦
મા ફુલ દરદીયાને આપીયું વા૦
તે દીનથી ગયો તાપ આરા૦
મા દુખીયો મટી સુખીયો થયો વા૦
તેતો વાઘવાહીનીનો પરતાપ આરા૦
મા એક ફુલ ખવરાવીયું વા૦
એક વંઝા હુતી નાર આરા૦
મા તેની આશા પુરણમઈ વા૦
નવમાસે પ્રગટયો બાળ આરા૦
મા બીજો પડછો આપીયો વા૦
શંવત ઓગણીશો પાંત્રીશની સાલ આરા૦
મા ફાગણ શુકલ પક્ષમાં વા૦
તુવેર વાઢ વાકેરી રત્ય આરા૦
મા વલવ પરૂ નજીક છે વા૦
ત્યાંનો પારણ વાડીઓ ભીલ આરા૦
મા શીકારે ચઢયો બંદુક કર ધરી વા૦
આવ્યો ગોચર ચરાની માંય વા૦
મા હરણ ટોળા ઘણાં ઘણાં ફરે વા૦
તે તે નસાડયાં વગડાં માંય આરા૦
મા હરણ નાઠાં જીવ લઈને વા૦
આવ્યાં માના ગોખની પાસ આરા૦
મા વરખડો જ્યાં લેકી રહયો વા૦

જેની સોંરે પખરાઇ ડાળ | આરસુર રાણીરે
મા તે વરખડાની છાયા તમે | વા૦
આવી પેઠાં સઘળાં હરણ | આરા૦
મા પુઠે ચઢી ભીલ આવીયો | વા૦
દીઠાં વરખડા હેઠે હરણ | આરા૦
મા બંદુકે ગોળી ભરી | વા૦
નીસાંન માંડી થયો સજ | આરા૦
મા એટલામાં કઉતક દીઠું | વા૦
સાંમી ઉભી દીઠી નાર | આરા૦
મા બંધુક છોડતો બંધ રહ્યો | વા૦
ચિંતામાં પેઠો ભીલ | આરા૦
મા બંધ રાખી પાસે ગયો | વા૦
નવ દીઠું માણુસ કોઇ | આરા૦
મા ભીલ ગયો નજીકમાં | વા૦
એટલે નાસી છુટયાં હરણ | આરા૦
મા હરણ ત્યાં વીખરાઇ ગયાં | વા૦
વળતો હરણ પુઠે પળાય | આરા૦
મા પાગઠીએ થઈ ફરી વાળ્યો | વા૦
કોતરમાં આંતરે હરણ | આરા૦
મા હરણાં ત્યાંથી પાછાં ફર્યાં | વા૦
આવ્યાં વરખડા કેરી છાંય | આરા૦
મા ફરી સીકારી આવીયો | વા૦
સાંમુ માંડયું છે નીસાન | આરા૦

મા નીસાનમાં નક્કી થયું વાલેશ્વરીરે૦
વચ્ચે ઉભાં જુગની માત આરા૦
મા ઝોળી છોડવી બંધ પાડી વા૦
દોટ મેલી વરખડા પાસ આરા૦
મા એટલે વરખડા પાસ આવી જુવે વા૦
ત્યારે હરણ નાઠાં જાય આરા૦
મા પારધી અકળાઈ રીસે ચઢયો વા૦
સઘળાંને મારૂં આજ આરા૦
મા ઘણી નારી નજરે ભાળુ વા૦
ખાલી જાવા દેઉં કેમ બાર આરા૦
મા ત્રીજી વાર પુંઠે પડયો વા૦
વગડે કરતો નાસા નાસ આરા૦
મા ઘણો વખત વીતી ગયો વા૦
ભીલ અકળાયો અપાર આરા૦
મા પોતન ત્યાં ઘણું કર્યું વા૦
હરણ આવ્યાં હતાં ત્યાંય આરા૦
મા ભીલ હરણ ઉપર કોપીયો વા૦
છરા ભરીયા બંદુક માંય આરા૦
મા આવ્યો વરખડી નજીકમાં વા૦
નીસાન માંડવા કાજ આરા૦
મા નીસાન તાકી નીશ્ચય કર્યું વા૦
એટલે આવી ઉભાં માત આરા૦
મા કેસરી ચુંદડી ઓઢી છે વા૦

માથે છુટા મેહ્યા કેસ આરાસુર રાંણીરે.
મા એવું માથે દેખાડીયું વા૦
તોય નવ ચેત્યો ગુમાર આરા૦
મા બંદુક છોડી ગુસ્સો કરી વા૦
એટલે ફાટી કોઠી ત્યાંય આરા૦
મા બંદુક ફાટી હાથ ટુટીયો વા૦
પડીયો પ્રથ્વી ઉપર ભીલ આરા૦
મા હરણુ સઉ નાસી ગયાં વા૦
ભીલને રૂધીર તણો નહિ પાર આરા૦
મા તુવેર તણું ખેતર હતું વા૦
ત્યાંથી આવ્યા ખેતીકાર આરા૦
મા પડછો દીઠો માતા તણો વા૦
હૈયામાં હરખ ના માય આરા૦
મા ઠપકો દીધો ભીલને વા૦
નહોતો જાણતો હૈયાફુટ આરા૦
મા સ્થાંનક છે માતા તણું વા૦
નવ સુજ્યું પાપી જન આરા૦
મા રૂદન કરતો ભીલ બોલીયો વા૦
મેં જાણી સઘળી વાત આરા૦
મા ત્રણ વાર મેં દ્રષ્ટે જોયાં વા૦
પણ હું હૈયા ફુટેલ આરા૦
મા મારે હાથે હું મુવો વા૦
મારાં પાપ થયાં આગળ આરા૦

મા નસીઅહાર દરશન કરે વાઘેશ્વરીરે.
હું ભુલ્યો જાતનો નીચ આરા૦
મા આવો પરતાવો ત્યાં કરી વા૦
વળતો ગયો પોતાને ઘેર આરા૦
મા તે સમાના જોગમાં વા૦
ફેરતાં ગાંમમાં પ્રસિદ્ધ થાય આરા૦
મા બાધા રાખે માજી તણિ વા૦
તેની માજી પુરે આશ આરા૦
મા તોતેર રૂપીયા રોકડા વા૦
ચંદરવા ગંઠો એક આરા૦
મા એટલું ગોખે ભેગુ થયું વા૦
ત્યારે સ્વપનું આપે માત આરા૦
મા ગોખ મારો રાંડ પુરનો વા૦
તપાશજે શેવકજન આરા૦
મા આસો સુદી અષ્ટમી વા૦
હોમ કરજો શેવક જન આરા૦
મા વાંણીથઇ અંતરીક્ષથી વા૦
તારે હાથે કરજે બાગ આરા૦
મા જે પૈસા ગોખે હતા વા૦
ગણી લીધા શેવકજન આરા૦
મા હવન શામાન સરવે લીધો વા૦
એટલે આવ્યો આઠમનો દીન આરા૦
મા સાહિત લઇ પરવર્યો વા૦

આવ્યો રાઠોડપુરને ગામ આરાસુર રાણીરે૦
મા કુંડ રચ્યો વગરા વિશે વા૦
ત્યાં સોભા નવતમ થાય આરા૦
મા વાજીંત્ર ગાંમ ભેગુ થયું વા૦
આવ્યું વાગતે ગાજતે ત્યાંય આરા૦
મા ઢોલ ભુગળને રણસીંગડાં વા૦
થઇ રહ્યો છે જેજેકાર આરા૦
મા હવન ત્યાં ચાલતો કર્યો વા૦
સ્વાહા કેરી ચાલી ધુન્ય આરા૦
મા કવચ જ્યારે પુરાં થયાં વા૦
ત્યારે પ્રગટ્યાં જુગની માત આરા૦
મા સેવક અંગે પ્રવેશ કર્યો વા૦
હાક ઉપર મારે હાક આરા૦
મા અગ્નિ કુંડમાં પ્રવેસ કર્યો વા૦
માજી ઉતર્યા આઠે અંગ આરા૦
મા અમૃત વાચક મુખે બોલતાં વા૦
તમે સાંભળો ગાંમાના લોક આરા૦
મા પ્રથમ રાઠોડપુર નગરી હતી વા૦
તેમાં રાણો રાયમલ કરતો રાજ આરા૦
મા તેના કુળમાં દુષ્ટ પેદા થયો વા૦
ભ્રષ્ટ બુદ્ધિનો પ્રાગમલ ભુપ આરા૦
મા કોપ કીધો ત્યારે અતી ઘણો વા૦
ત્રણ દિનમાં ઉજાડ્યું ગામ આરા૦

મા બત્રીસ કુળ સંહારીયાં — વાઘેશ્વરીરે૦
સોધી સોધીને કાઢયુ મુળ — આરા૦
મા વસ્તી સઉ નાસી છુટી — વા૦
રહી તેના કાઢયા પ્રાણ — આરા૦
મા કોઇ નવ રહ્યું આ ભોમમાં — વા૦
ત્યારે હું થઇ અદૃષ્ટ — આરા૦
મા અગીઆરસો એકવીસ વરસ — વા૦
ગુપ્ત રહી હું આણે ઠામ — આરા૦
મા કુપ ખોદયો આ ભોમમાં — વા૦
હું પ્રગટ થઈ આંણે ઠામ — આરા૦
મા ભારે નગરી વિસાળ હતી — વા૦
મારૂં નામ વાઘેશ્વરી માત — આરા૦
મા કુળ દેવી હું સોની તણી — વા૦
ચોહીસનાં આપુ એધાણ — આરા૦
મા પુરવમાં ઘોડાસાર છે — વા૦
દક્ષિણમાં સરોવર પાળ — આરા૦
મા ઉત્તરમાં કાળા અહુ છે — વા૦
રાયના કેદી રહેતા ત્યાંય — આરા૦
મા આથમણી સોનીની પોળ છે — વા૦
સોની વાળુ ભોમનું નામ — આરા૦
મા એવાં વચન બોલતાં — વા૦
મા ચઢીયાં આઠે અંગ — આરા૦
મા લોક સ્વાલ પુછે ઘણા — વા૦

તેનો ઉત્તર દેતાં માત આનંદપુર રાણીરે૦
મા બે કલાક વીતી ગયા વા૦
ત્રીજે કલાકે જાસે પ્રાણ આરા૦
મા હાથી બંધાય રાઠોડ રાયના વા૦
ત્યાં વસીયું હાથજ ગામ આરા૦
મા તે ગામનો એક બ્રાહ્મણ હતો વા૦
નટપુર ગયો હતો તે આરા૦
મા તેને રહદે પ્રવેસ કર્યો વા૦
શેવકને બચાવવા કાજ આરા૦
મા છરી નામનું હથીઆર લીધું વા૦
જવા નીકળ્યો પોતાને ગામ આરા૦
મા ખેતર સામો આવીયો વા૦
ત્યાં તો ઢમક વાગે ઢોલ આરા૦
મા તે જોવાને આવીયો વા૦
તે તો બ્રાહ્મણ કેરો બાળ આરા૦
મા ચોરીમાં નીહાળતો વા૦
ત્યારે પુરૂષ દીઠો એક આરા૦
મા બ્રાહ્મણ મુખથી બોલીયો વા૦
આ વેદીમાં કોણ છે બાળ આરા૦
મા ગામ નડીઆદનો એહ છે વા૦
એ છે મારો ભાણેજ આરા૦
મા હવન કરવા એ આવીયો વા૦
એને અંગે ઉતરી માત આરા૦

મા બ્રાહ્મણ જોઈ વિસ્મે થયો વાઘેશ્વરીરે૦
પ્રગટી આદ્યશક્તિ કોઇ માત આરા૦
મા જડ બુદ્ધિ આ લોકની વા૦
નીચ્ચે ખોસે બાળકના પ્રાણ આરા૦
મા ચેતાવ્યા સઉ લોકને વા૦
ત્યારે લોક થયા ભયભીત આરા૦
મા પ્રાણ જસે બાળક તણા વા૦
સું બતાવીસું સઘળા સુખ આરા૦
મા બ્રાહ્મણ ચંડી ભણેલ છે વા૦
એણે મન કર્યો વિચાર આરા૦
મા આરાધુ આદ્ય ઇશ્વરી વા૦
બાળકનો કરવો બચાવ આરા૦
મા સનમુખ ઉભો અરજ કરે વા૦
મા અઘટિત થાય છે કામ આરા૦
મા બાળ બચાવવો તુજ હાથમાં વા૦
અમો રાખીએ મોટી આસ આરા૦
મા કરગરતો બ્રાહ્મણ જોયો વા૦
ત્યારે બોલ્યાં વાઘેશ્વરી માત આરા૦
મા એક હાક મારે કરી વા૦
કુમ કુમ નીકળ્યું અપાર આરા૦
મા બ્રાહ્મણને કહે ચેતજે વા૦
તારૂં હથીઆર કર તૈયાર આરા૦
મા બ્રાહ્મણે હથીઆર સજ કર્યું વા૦

કરમાં લઇ ઉભો ત્યાંય આરાસુર રાણીરે૦
મા ચેત ચેત બે વાર કહ્યું વા૦
ત્રીજીવાર બોલ્યાં માત આરા૦
મા ટચલી આંગળીનું ટેરવું વા૦
કાપીને આપ્યો ભોગ આરા૦
મા ભોગ લઇને માજી વળ્યાં વા૦
થઇ રહ્યો છે જય જયકાર આરા૦
મા પડછો આપી પ્રગટ થયાં વા૦
ભગતનાં કરવા કાજ આરા૦
મા જામીત થયો સેવક જાહુરે વા૦
ગયો પોતાને મોસાળ આરા૦
મા બ્રાહ્મણ જમ્યા આનંદથી વા૦
દક્ષણા આપે સેવક જન આરા૦
મા રજની ગઇને રવી ઉગીયો વા૦
સેવક ચાલ્યો પોતાને ઘેર આરા૦
મા ગોખ જે વરખડા તણો વા૦
ત્યાં આવ્યો સેવક જન આરા૦
મા પ્રદક્ષણા પાંચ ત્યાં કીધી વા૦
માને પધારાવ્યા કુવામાંય આરા૦
મા નટપુર સેવક આવીયો વા૦
તેની કોઇ નવ જાણે પેર આરા૦
મા આઠ દીવસ થયા જાહુરે વા૦
માજી નીકળ્યાં કુવા બહાર આરા૦

મા સ્વપ્નું આપે સેવકને વાઘેરીશ્વરે૦
સાંભળ બાળક બુદ્ધિ જન આરા૦
મા આદ્યશક્તિ વાંણી વદે વા૦
તે નાંખી કુપની માંય આરા૦
મા ત્રીશુળ ચુંદડીયો નાંખી હતી વા૦
તે સઉ હમો નીકળ્યાં બહાર આરા૦
મા આવું સ્વપ્નું મધ્યરાત્રે થયું વા૦
સેવકને ચીંતા થાય આરા૦
મા નિશ્ચે દીપક કરાવસે વા૦
મુજ પુંઠે પડીયાં માત આરા૦
મા વીચાર કરી સેવક હીંમત ધરે વા૦
નવ કરૂં દીપક મુજ હાથ આરા૦
મા સ્વપને સેવક બોલતો વા૦
જ્યાં નીકળ્યાં તે ગામ જાવ આરા૦
મા કુવો સહીઆરો ત્રણ જણનો વા૦
તેને સ્વપનું આપો જુગમાત આરા૦
મા પ્રસ્તી નાગરદાસ છે વા૦
તે કરશે તારો દીપ આરા૦
મા સ્વપનું આપે તેને વા૦
દીવો કરવાને કાજે આરા૦
મા ના કહ્યું દીવા તણું વા૦
એટલે કોપ્યાં જુગની માત આરા૦
મા દીવો કરૂ તો સુખ ભોગવો વા૦

નહિતો હમણાં કાઢું પ્રાણ આરાસુર રાણીરે૦
મા દીવો કરતો આયુષ ભોગવો વા૦
નવ કરૂ તો લઇશુ પ્રાણ આરા૦
મા માનવ મુખથી બોલીયો વા૦
કરવું હોય તે કરજો માત આરા૦
મા ક્રોધ કરી માતા બોલીયાં વા૦
સાંભળજે તારી છત આરા૦
મા આજથી પંચ દીન થસે વા૦
ત્યારે જાસે તારા પ્રાણ આરા૦
મા વચન નવ પાળ્યું જડ માંનવી વા૦
પાંચમે દહાડે ખોયા પ્રાણ આરા૦
મા આઠ દીવસ થઇ ગયા વા૦
કરયું ગામ ધણીને જાહેર આરા૦
મા પ્રગટ થઇ ગામ ગુંદરે વા૦
મારા દીવાની કરજે શંભાળ આરા૦
મા પટલ મુખથી બોલીયો વા૦
એવું નવ કહેસો મુજને માત આરા૦
મા કોપે ચઢયાં વાઘ વાહીની વા૦
મને પત કરી નહિ કો જન આરા૦
મા વચન મુખથી વાળીયું વા૦
જા તારો જાસે વંસ આરા૦
મા છ માસ થયા જાહરે વા૦
નવ વરસનો મુવો બાળ આરા૦

મા ત્યાર પછી ગામ ભણી મુવો વાઘેશ્વરીરે૦
પછી સેવકને કરીશું જાણ આરા૦
મા ના પાડી વાલા નેહમાં વા૦
ગાંમનું બગડવા નિસાન આરા૦
મા અવીચળ અંબા બોલીયાં વા૦
હવે પ્રગટો મારી જોત આરા૦
જેવું હોય તેવું કહે વા૦
હવે નહિ સાંખુ તુજ બોલ આરા૦
મા સેવક મુખથી બોલીયો વા૦
નવ કરૂ જાસે પ્રાણ આરા૦
મા દઇત્ય મારવા જેમ રૂઠીયાં વા૦
એમ રૂઠીયાં જુગની માત આરા૦
મા તે સમે ધરણી ઢાળયો વા૦
દીન એકવીસની લાંઘણ થય આરા૦
કાયા તો સોસી લીધી વા૦
પ્રાણ લેવા તતપર થાય આરા૦
મા એકવીશએ દીવસે પ્રાતસકાળમાં વા૦
મા વાઘે થયાં સ્વાર આરા૦
મા સેવકના પ્રાણ સોસવા વા૦
આવ્યાં જયાં સુતો છે બાળ આરા૦
મા જમણી બાજુ આવી ઉભાં વા૦
જાણે કાળ તણાં એ કાળ આરા૦
મા કાળ ભર્યા માજી બોલતાં વા૦

જાહેર કરોને છઠીલા બાળ આરામુર રાણીરે૦
મા ક્રોધ કરીને બોલતાં વા૦
અધ્યાને લઇસું પ્રાણ આરા૦
મા સેવક મન વીચારીયું વા૦
હવે જીવ્યાની શી આસ આરા૦
મા જે મુખે મેં ના કહી વા૦
પ્રાણ જાતાં કેમ કહું હા આરા૦
મા અંગો અંગ કાળ વ્યાપીયો વા૦
મારૂં કહ્યું નવ કરે બાળ આરા૦
મા પ્રાણ સોસણ વખત થયો વા૦
બાળા કુરકટ થયાં સ્વાર આરા૦
મા સનમુખ રહી માજી બોલતાં વા૦
બેની આસો છે ઉતપાત આરા૦
મા અમૃત દ્રષ્ટિએ જુવો વા૦
નવ લેશો એના પ્રાણ આરા૦
મા જનુની જે આ બાળ તણી વા૦
તેણે સોંપ્યો મુજને બાળ આરા૦
મા પગે ચાલીને ગોખ આવસે વા૦
બ્રહ્મ ભોજન કરાવે ત્યાંય આરા૦
મા આંગી ધરવિ તારા ગોખમાં વા૦
ત્યાં સુધી સોંપ્યો બાળ આરા૦
મા એવું આકીન એની માતા તણું વા૦
દુધની થઇ છે બંધન આરા૦

મા તે દીનથી હું ચોકી કરૂં વ.ઘેઘરીર૦
નવ કરશો વાંકો વાળ આરા૦
મા આજ તાહરોને કાલે માહરો વા૦
આપણ સરખા સરખી જોડ આરા૦
મા અગીઆરસો એકવીસ વરસ વા૦
તમે સોંપ્યો મુજને બાળ આરા૦
મા છ જનમ એના થયા વા૦
હું લેતી એની સંભાળ આરા૦
મા એવી સોંપણી એની માતા તણી વા૦
કેમ ના લેઉં સંભાળ આરા૦
મા ચાહ્યા જાવ તમ મારગે વા૦
નહિ તો થાસે મોરો ઉતપાત આરા૦
મા વાઘ વાહીની આવું સાંભળી વા૦
અમી દ્રષ્ટે જુવે ત્યાંય આરા૦
મા બાળા અષ્ટ ભુજા સંપી ચાલીયાં વા૦
બેલડીએ બાઝી જાય આરા૦
મા સાવણ શુદી ચોદમી વા૦
અનજળ મુકાવ્યું માત આરા૦
મા ભાદરવા સુદી પંચમી વા૦
માયે કરાવ્યું ભોજન આરા૦
મા ઓગણીસ માસ દિન ત્રણ થયા વા૦
માનો બંધન છુટયો ત્યાંય આરા૦
મા પાંચ બ્રાહ્મણે ભોજન કર્યાં વા૦

માની આંગળી ધરાવી ગોખ આરાસુર રાણીરે૦
મા બાધા છોડાવી દુત્રની વા૦
બંધનથી છુટી માત આરા૦
મા પાયે નમી માને અરજ કરે વા૦
માજી રાખજો મારિ લાજ આરા૦
મા ભવો ભવ સેવક તાહરો વા૦
સંકટ સમે કરજો વાર આરા૦
મા પંચ રાત્રી ત્યાં રહ્યા વા૦
પછી આવ્યો પોતાને ઘેર આરા૦
મા ઘેર આવ્યો દિન સાત થયા વા૦
પછી સ્વપ્નું આપ્યુ માત આરા૦
મા સેવક વાણી ઓચર્યો વા૦
મારે ગામ પધારો માત આરા૦
મા કુવામાં પધરાવીયાં વા૦
તમો નીકળ્યાં કુવાની બહાર આરા૦
મા એમ આવો નરપુરમાં વા૦
તો પુંજુ જગની માત આરા૦
માં માજી મુખથી બોલીયાં વા૦
તારા હાથે બેધુ ગોખ આરા૦
મા નવ લોઈ તારો પ્રતિમા વા૦
નવ ઝાડુ ચુંદડી હાથ આરા૦
મા દેવી છું ચાર જુગની વા૦
સત, હોય તો આવો મુજ ઘેર આરા૦

મા નહી તો દીપક નવ કરૂં વાધેશ્વરીરે૦
નવ લેઉં તારૂં નામ આરા૦
મા અમૃત વાંણી મુખ બોલીયાં વા૦
સેવક રાખજે મારૂં માન આરા૦
મા નટપુરથી પશ્ચિમમાં વા૦
જયાં વશે છે ખોડીઆર આરા૦
મા ત્યાં આવી વાશો વસું વા૦
ત્યાં તેડવા આવજે બાળ આરા૦
મા આ સ્વપનું મળસકે થયું વા૦
સેવકને ચીંતા થાય આરા૦
મા હું બોહયો તે તમે પાળયું વા૦
હવે પધારવું મુજ ઘેર આરા૦
મા પુર્વ ગોર પોતા તણો વા૦
જેનું નામ છે લક્ષ્મીરામ આરા૦
મા ઘટીકા રાત્રી ચાર હતી વા૦
તેડાવ્યા ગોર મહારાજ આરા૦
મા ગોર બસાવી સેવક બોલીયો વા૦
તમો પધારો જયાં ખોડીઆર આરા૦
મા માજી પધાર્યાં ખોડીઆર ગોખમાં વા૦
તમે ત્યાં વસો રજાય આરા૦
મા પુંજાપો લઇ પરવરો વા૦
પુંજા કરીને લાવો ઘેર આરા૦
મા પંડયા લક્ષ્મીરાંમ પરવર્યા વા૦

જ્યાં છે ખોડીઆરનું દેવળ આરાસુર રાણીરે૦
મા ખોડીઆર દેવળે તાળું દીઠું વા૦
ચીંતામાં પડીઆ ગોર આરા૦
મા તાળુ વાસેલુ જોઇને વા૦
એટલે પાછા ફરીઆ ગોર આરા૦
મા ખબર કહી જેવી હતી વા૦
એટલે બોલ્યો સેવક ત્યાંય આરા૦
મા તાળુ જોઇ પાછા વળ્યા વા૦
આવવું હસે તો ખોલસે દ્વાર આરા૦
મા જો ઉત્રડે તો માજી લાવજો વા૦
નહિ તો રહેસે ખોડીઆર ગોખ આરા૦
મા એંધાણી છે માજી તણી વા૦
તમે સાંભળજો ગોર મહારાજ આરા૦
મા મોટું સ્વરૂપ માતા તણું વા૦
અષ્ટ ભુજા વાઘેસ્વર આરા૦
મા બીજુ સ્વરૂપ ચતરૂભુજ છે વા૦
બે ભુજે ધર્યાં હથીઆર આરા૦
મા પદ્દમાસન વાળી બેઠા વા૦
ઢીંચણ તળે બે છે વાઘ આરા૦
મા એવું સ્વરૂપ માજી તણું વા૦
સાચું હોય તો લાવજો ઘેર આરા૦
મા હરખભેર ગોર ચાલીયા વા૦
આવ્યા માતાને ભોવન આરા૦

મા જાળી આગળ ગોર આવીયા વાઘેશ્વરીરે૦
જાળી ખખડી ઉઠી ત્યાંય આરા૦
મા તાળુ ઉઘડી દુર પડયું વા૦
માનાં ઉઘડી ગયાં દ્વાર આરા૦
મા શોખે દીવો ગોરે કર્યો વા૦
નીરખતા જગની માત આરા૦
મા શેવકે જે કહ્યું હતું વા૦
તે નીરખે ગોર મહારાજ આરા૦
મા નીરખી સઉ નયણે ભર્યાં વા૦
તેને હૈયે હરખ ના માય આરા૦
મા પુજા કરીને પગે લાગીયા વા૦
માને પધારાવ્યાં થાળી માંય આરા૦
મા થાળમાં બેસારી ગોર લાવીયા વા૦
વરત્યો છે જેજેકાર આરા૦
મા હરખ ભર્યો સેવક આવીયો વા૦
માને ફરી રીને લાગે પાય આરા૦
મા દીપક કર્યા અતી હરખથી વા૦
માને કુમ કુમ કીધી આડ આરા૦
મા બેઉ કરજોડી સેવક અરજ કરે વા૦
મારો ગુનો કરજો માફ આરા૦
મા ગાંડો ઘેલો તાહરો વા૦
મુજ પર કરજો માજી મહેર આરા૦
મા ખોડીઆરના સેવકે જાણીયું વા૦

ગયો લક્ષ્મીરાંમને ઘેર આશાપુર રાણીરે૦
જીર્ણું દેવળ ઉધાડીયું વા૦
તેની જોખમ કેને શીર આશા૦
મા ઝોળ જળતા બોલીયા વા૦
ચાલો ચોર બતાવું આજ આશા૦
મા સેવકને તેડી આવીયા વા૦
જ્યાં માજી પધાર્યાં ત્યાંય આશા૦
મા જળ હુળ જોતા ત્યાં જોઈ વા૦
સેવક થઇ ગયો છે લીન આશા૦
મા બોલ્યું મારૂં માફ કરો વા૦
નવ કરસો મુજપર રીસ આશા૦
મા પાયે લાગીને સેવક ચાલીયો વા૦
માની સેવા કરવા કાજ આશા૦
મા સંવત ઓગણીસો છતરીસમાં વા૦
રૂડો આસો દસેરા દીન આશા૦
મા પ્રાતસકાળે પધારીયાં વા૦
બીરાજયાં સેવક ભોવન આશા૦
મા બે વરસ એમ વહી ગય વા૦
પછી લઢીયા માંહોમાંય આશા૦
મા અણ વેચ્યું ઘર આપણું વા૦
તેમાં કર્યો માતાનો ગોખ આશા૦
મા જેવો ગોખ બ્રમાણીનો વા૦
ભાઇ એવું આપણું ઘર આશા૦

મા એઉ ભાઇ એવું બોલતાં વાગ્યેશ્વરીરે૦
માજીએ જાણી પેર આરા૦
મા રાત્રે સ્વપનુ આપીયુ વા૦
મને બેસાડ જંગલ માંય આરા૦
મા તાકીદ કરજે સેવક માયરા વા૦
હવે નહિ રહું તુજ ભોવન આરા૦
મા એવું વચન માજી બોલીયાં વા૦
સેવક ગભરાયો છે ત્યાંય આરા૦
મા વળતી માજી બોલીયાં વા૦
હીમત રાખજે મન આરા૦
મા સેવક કરજોડી કહે વા૦
માજી પધારવું ખેતર માંય આરા૦
મા ગોખ કરાવું રળીઆમણો વા૦
તેમાં બીરાજો જગતની માત આરા૦
મા પંદર દીવસે ગોખ તૈયાર કરૂ વા૦
સુભ મહુરતે બેસો માત આરા૦
મા એવી વાત કુટુંબે જાણી વા૦
બોલાવે સઘળા ભ્રાત આરા૦
મા વિચાર કરી સૌ બોલીયાં વા૦
આપણે કુવે બેસાડયો માત આરા૦
મા કુવારમણું રળીયામણું વા૦
તે ઉપર કરવો ગોખ આરા૦
મા સૌ ભાઇઓનો વમનથી વા૦

માનો કરવા માંડયો ગોખ — આશાસુર રાણીરે૦
મા ગોખનું કામ પુરૂં થયું — વા૦
આવ્યો શુભ મહુરતનો દિન — આરા૦
મા ખોડીયાળથી માતા પધારીયાં — વા૦
રૂડો દીન દશરા પ્રભાત — આરા૦
મા ત્યાર પછી વરસ બે થયાં — વા૦
ત્રણ માસને દીવસ તેર — આરા૦
મા ઓગણી આડત્રીસમાં — વા૦
રૂડો પોસ માસ પાવન — આરા૦
મા શુભ અષ્ટમી ગુરૂ વાર છે — વા૦
માજી પધાર્યાં છે ગોખ — આરા૦
મા નવ ચંડી હોમ હરખે કર્યો — વા૦
માંહે શ્રીફળ ચુંદડી હોમાય — આરા૦
મા ઉત્તર ગોખ બીરાજતાં — વા૦
થઈ રહયો છે જય જયકાર — આરા૦
મા સંવત ૧૯૪૩ માં — વા૦
સેવક ઉપરે કીધી મહેર — આરા૦
મા ચૈતર સુદી પંચમી — વા૦
હુકમ માગે પીતાજી પાસ — આરા૦
મા૦ પીતા ક્રોધ ચઢાવીને — વા૦
ના કહયું ચઢાવી કાળ — આરા૦
મા સેવક ત્યાં ઝંપલાઇ ગયો — વા૦
ના મુખથી કાઢયું વેણ — આરા૦

મા છઠને દિવસે કરે વિનંતી વાઘેશ્વરીરે૦
તોય નવ કીધી જવાની વાત આરા૦
મા સેવકને માઠું લાગીયું વા૦
અન્નજળનો કીધો ત્યાગ આરા૦
મા સાતમ દિન હવે ગયો વા૦
નીદ્રાવશ થયો છે બાળ આરા૦
મા નીરાશ થયો સેવક ઊંઘતો વા૦
સ્વપનું આપે વાઘેશ્વરીમાત આરા૦
મા હસમુખી અંબા ઓચર્યાં વા૦
તત્પર થજે મારા બાળ આરા૦
મા પાછલી રાતના પ્રાત:કાળમાં વા૦
ચુંવાળથી આવશે બહુચર માત આરા૦
મા સ્નાન કરી સુદ્ધ થઇને વા૦
ઉભો રહેજે ચાચરમાંય આરા૦
મા રથે બેસાડી પાવે લઇ જવું વા૦
સુખે કરો કાળીનાં દર્શન આરા૦
મા સાત દિવસ પાવે રહ્યા વા૦
કાળી નીરખો વારંવાર આરા૦
મા સાતમે દિવસ સાયંકાળ સમે વા૦
તને લાવીશ મારે ગોખ આરા૦
મા ખાન પાન અન્ન નહિ મળે વા૦
આવવું હોય તો થાજો તત્પર આરા૦
મા આવુ સ્વપનું મધ્ય ટાણે થયું વા૦

સેવકને આવી હામ આરાસુર રાણીરે૦
મા તત્પર થઇ ગોખ આવીયો વા૦
જળ કાઢીને કીધું સ્નાન આરા૦
મા પખાલ કીધી માજી તણી વા૦
માજી આગળ કર્યો ધુપ દીપ આરા૦
મા બે ઘડી રાત જ્યારે રહી વા૦
આવ્યો બાળાનો રથ આરા૦
મા ઘમ ઘમાટ રથ આવીયો વા૦
થોભ્યો માના ચાચરમાંય આરા૦
મા હરખે મળ્યાં જગત અંબીકા વા૦
રથે બેઠાં ત્રીભુવન માત આરા૦
મા અમૃત વાણી માજી બોલીઆં વા૦
સેવક ચાલજે રથની પુઠ આરા૦
મા નટપુર તોડે કુપ નાથ છે વા૦
તેમાં ચામુંડા કેરૂ સ્થાન આરા૦
મા શંકર સ્થાને રથ થોભાવીયો વા૦
એટલે આવ્યાં ચામુડાં માત આરા૦
મા સેવક પગે જોડા હતો વા૦
મુસ્તક હતી પાઘડી લાલ આરા૦
મા તે કુંપમાં નંખાવીયાં વા૦
સ્નાન કરાવ્યું સરોવર માંય વા૦
મા સાબોળ નાહીને સેવક આવીયો વા૦
માએ કીધો ભાન બે ભાન આરા૦

મા સુદ્ધ સાન ગઇ બાળ તણી વ. ક્ષેમેશ્વરી રે૦
નવ રહ્યું શરીરનું ભાન આરા૦
મા કિરણ ફુટયાં સુર્ય તણાં વા૦
માજી આવી ડંકપુર માંય આરા૦
મા વૈંડુવી ગરૂડાથી વા૦
રથ થોભાવ્યો લક્ષ્મીજીને ચોક આરા૦
મા લક્ષ્મીજીને ગોખ પધારીયાં વા૦
ત્યારે આવ્યું બાળકને ભાન આરા૦
મા બાળક બેઠો જાણે ઓટલે વા૦
વીટી વળી બ્રાહ્મણની બાળ આરા૦
મા પૈઇ પૈસો માગે તહીં વા૦
ગભરાવે સેવકને ત્યાંય આરા૦
મા અર્ધો કલાક માજી થોભીયાં વા૦
પછી સેવકની સુરતા જાય આરા૦
મા ત્યાંથી રથ વેગે ચાલીયો વા૦
આવ્યાં કુમારેશ્વરી મહીમાત આરા૦
મા સામી ત્રઠે રથ ઉતારીયો વા૦
સતર માળીના ચોકની માંય આરા૦
મા પુષ્પ હાર માના આરોપીયા વા૦
કરજોડી ઉભો સનમુખ આરા૦
મા સેદલપુર ગામ મહી તેકમાં વા૦
તે રજપુત તણી એ બાળ આરા૦
મા ભાત પત્ની કઠોર હતી વા૦

કુ વચન બોલી બાળ આરાસુર રાણીરે૦
મા રજપુત તનયાને ક્રોધ ચઢયો વા૦
રીસે ભરી ઉઠી બાળ આ.રા૦
મા ચારે કાંઠે મહી માતા વડે વા૦
તે મધ્યે ચાલી બાળ આરા૦
મા સામી ત્રણ બાળા ઉભી વા૦
સત બળ વડે પધારી બોમ આરા૦
મા તે સતીના ગોખમાં વા૦
માજી થોભ્યાં ત્રણ કલાક આરા૦
મા પાંચ શક્તિઓ ટોળે મળી વા૦
તેનો કહુ તમને વીસ્તાર આરા૦
મા બહુચર અષ્ટ ભુજાને ચામુંડા વા૦
સત્તર મારીને મહી માત આરા૦
મા રથ થોભાવી પરવર્યાં વા૦
જ્યારે રહયો પાછલો પહોર આરા૦
મા પોતે આવ્યાં મલપતાં વા૦
આવી બિરાજે રથની માંય આરા૦
મા ત્યારે સેવકની સુરતા ગઇ વા૦
માજી આવ્યાં સીંધવાઇ તણી છે વાવ આરા૦
મા વાવે હવન થાય છે વા૦
જઇ બેઠાં પોતાને આશન આરા૦
મા દિવસ ઘણો વહી ગયો વા૦
સેવકને ચીંતા થાય આરા૦

મા દેવી સૌ અદ્રશ્ય થયાં — વાઘેશ્વરીરે૦
નથી જણાતાં આણે ઠામ — આરા૦
મા નિશ્વાસ મુકી ચાલીયો — વા૦
અહીંથી જતાં રહેશે સૌ જન — આરા૦
મા હવે મારૂં કોઇ નથી — વા૦
એમ વિચારે પડીયો બાળ — આરા૦
મા એવે ત્રણ જણ આવીઆ — વા૦
તેની સાથે ચાલો બાળ — આરા૦
મા નિરાશ થઇ સેવક ચાલીઓ — વા૦
આવ્યો ચાંપાનેરની માંય — આરા૦
મા ચાંપાનેરમાં માણસ અતી ઘણાં — વા૦
નહિ ઉભુ રહેવાનો ઠામ — આરા૦
મા સેવક મન વીચારીયું — વા૦
મારે ચાંપાનેર શું કામ — આરા૦
મા દર્શન અર્થે આવીયો — વા૦
મારે જાવું માજીની પાસ — આરા૦
મા એમ જાણી પાવે ચઢયો — વા૦
જ્યાં માંચીમાં વીશ્રામ — આરા૦
મા માંચી જગા રળીઆમણી — વા૦
દરજીનો ઉતર્યો સંગ — આરા૦
મા સ્થળ જોઇ વીશ્રામ કીધો — વા૦
સંઘ આશરે બેઠો બાળ — આરા૦
મા પહોર નીસા ગઇ જયારે — વા૦

ત્યારે સેવકની સંગત થાય આરાસુર રાણીરે૦
મા ચોકી આવી સંગની વા૦
તપાસે સઘળા જન આરા૦
મા જોતા જોતા આવીઆ વા૦
આવ્યા સેવક બેઠા ત્યાંય આરા૦
મા નામ ઠામ સૌ પુછતાં વા૦
ત્યાં સેવક બોલ્યો સત આરા૦
મા મારી જોડમાં કોઇ નહિ વા૦
તેથી આવ્યો તેમને વહેમ આરા૦
મા સતાવી મુને ઉઠાડીઓ વા૦
કાઢી મુકો સેવકને દુર આરા૦
મા સેવકે મન વીચારીયું વા૦
બેસું એકાંત જગા જોઈ આરા૦
મા પાછો ફર્યો હિંમત ધરી વા૦
જયાં નગારથી દરવાજો ત્યાંય આરા૦
મા બે બાજુ છે ઓરડા વા૦
તપાસી જુવે ત્યાંય આરા૦
મા ચારે ભેર કબજો ઘણો વા૦
તેનું મારગ પર છે દ્વાર આરા૦
મા બહાર સાખ ઓથે સંતાઇ પેઠો વા૦
જાણે કોઇ નવ દેખે આંહી. આરા૦
મા પ્રાતઃકાળ જયારે થશે વા૦
ત્યારે જઇશું માને દ્વાર આરા૦
મા આવો વિચાર સેવકનો વા૦
માએ સેવક ઉપર કીધી મહેર આરા૦

મા સિંહવાહથી પરવર્યો	વાઘેશ્વરીરે૦
ગઢ ચઢે જગતની માત	આરા૦
મા રૂમ ઝુમ કરતાં આવીઆં	વા૦
જયાં બેઠા સેવક જન	આરા૦
મા ચોમુખા દીપક થાળમાં	વા૦
હાથમાં લીધું ઉઘાડું ખડગ	આરા૦
મા જયાં સેવક સંતાઇ બેઠાં	વા૦
સનમુખ આવી ઉભાં માત	આરા૦
મા અમી દ્રષ્ટીએ બોલીઆં	વા૦
ઉઠ ચાલ મારી સંઘાત	આરા૦
મા આગળ માજી ચાલતાં	વા૦
જેની હંસ ગમનની ચાલ	આરા૦
મા પુઠે સેવક ચાલતો	વા૦
આવ્યા સંગ પડયો છે ત્યાંય	આરા૦
મા હાલ બેલી ચોકી કરી	વા૦
સંગ મધ્યે ચાલ્યાં માત	આરા૦
મા કંઇ બેઠે કંઇ જાગતાં	વા૦
મહી કેટલા વ્યસનને વશ	આરા૦
મા તે મધ્યે માજી ચાલતાં	વા૦
તેની કોઇ નવ જાણે પેર	આરા૦
મા પાટીયા પોળે મા આવીઆં	વા૦
ચેતાવ્યો સેવક ત્યાંય	આરા૦
મા મીઠી વેણે મા બોલતાં	વા૦

ઢાળ્યા જમણી ડગેશ નહિ બાળ આરાસુર રાણીરે૦
મા એ બાજુ ખરાડ છે વા૦
વચ્ચે પાટીઆ પુલ આરા૦
મા કહ્યા પ્રમાણે ચાલતાં વા૦
એટલે આવ્યો દરવાજો એક આરા૦
મા તેનું નામ પાટીઆ પોળ છે વા૦
ત્યાંથી આવે સરખી ભોમ આરા૦
મા ત્યાંથી આગળ ચાલતાં વા૦
દુધીઆનો આવ્યો ઢાળ આરા૦
મા પળે પળે ચેતાવતાં વા૦
ધીમે રહીને આવજે બાળ આરા૦
મા આગળ દુદીયા ત્રઠ આવી વા૦
માજી આગળ ને પાછળ બાળ આરા૦
મા ચોરસ સહ્યા રળીઆમણી વા૦
તે ઉપર ઉભાં જગદંબાય આરા૦
મા કોકીલા શબ્દ બોલીઆં વા૦
બાળ સ્નાન કરો જળ માંય આરા૦
મા સઘાં વસ્ત્ર સુદ્ધાં નાહ્યો વા૦
સ્નાન કરી નીકળ્યો બહાર આરા૦
મા તરતજ માજી ચાલીયાં વા૦
ચાલે છે દુધીયાની પાસ આરા૦
મા વાંકાં ચુકાં ચાલતાં વા૦
માજી ઉતરતાં ખરાડ આરા૦
મા વાંકુ ચુકુ હીંડતાં વા૦
એક આવ્યું ત્યાં ભુવન આરા૦

મા ભુવનની રચના શી કહું વાઘેશ્વરી૦
તે તો મુખે કહી નવ જાય આરા૦
મા અવળા સવળી બારણાં વા૦
ભુલી જઇએ એવી ભોમ આરા૦
મા તેમાં થઇ માજી ચાલતાં વા૦
પુંઠે સેવક પળાયો જાય આરા૦
મા એટલે આવ્યો ચોરસ ઓરડો
અંબા પેઠાં તેની માંય આરા૦
મા તેમાં એક અકળ રૂપ દીઠું વા૦
તે તો રૂપ કળ્યું નવ જાય આરા૦
મા સ્વરૂપ નહી ત્રીલોકમાં વા૦
એવાં બેઠાં કાળકા માત આરા૦
મા કનક બાજઠ આપ્યાં બેસણાં વા૦
તે ઉપર બેઠાં વાઘેશ્વરી માત આરા૦
મા કોશલ કરી માજી ઉઠીયાં વા૦
બેઉ આવ્યાં દુધીયા પાળ આરા૦
મા બેલડીએ બેઉ ચાલતાં વા૦
ચાલે હંશ ગમની ચાલ આર૦
મા પાળે પગથીઆં આવીઆં વા૦
ધીમે ધીમે ચઢે છે માત આર૦
મા દરવાજો એક આવીઓ વા૦
ભડોભડ ઉઘડયાં ત્યાંય આરા૦
મા આગળ ભેરવ નાથજી વા૦

કરે છડીનો પોકાર આરાસુર રાણીરે૦
મા દેવળ મધ્યે પધારીયાં વા૦
બેઠાં સીંહાસન જઇ માત આરા૦
મા એટલે બહુચર આવીયાં વા૦
બીજી દેવી તણો નહિ પાર આરા૦
મા સેવક સાનમાં સમજાવીયો વા૦
બેસવાનો બતાવ્યો ઠામ આરા૦
મા બાળક ત્યાં જઇ બેઠો વા૦
માજી ચેતાવે છે બાળ આરા૦
મા અહી દેવીઓ ભેગી થશે વા૦
કદરૂપીને રૂપવાન આરા૦
મા વિક્રાળને બિહામણી વા૦
નવ ડરીશ મારા બાળ આરા૦
મા ઘણું ત્યાં સમજાવીઓ વા૦
કોઇને ટોકશો નહિ આ વાર આરા૦
મા તારૂ નામ કોઇ અવલહે વા૦
સુખેથી ઉઘજે બાળ આરા૦
મા હવે હું નહિ આવું વા૦
સપ્તમે દીવસે જોજે વાટ આરા૦
મા એવું કહી વદાય થયા વા૦
ગઢથી હેઠે નવ ઉતરીશ બાળ આરા૦
મા સેવક મનમાં ધ્રૂજી ઉઠયો વા૦
હવે એકલું કેમ રહેવાય આરા૦

મા કાળી અંતરીક્ષ ઉચર્યાં — વાઘેશ્વરીરે૦
તું તો નવ ડરીશ લગાર — આશા૦
મા અષ્ટ ભુજા મને સોંપી ગયા — વા૦
નવ ડરીશ સેવક અહીં — આશા૦
મા છઠ્ઠા દીવસની રાતમાં — વા૦
સાત શકિતનો થશે સમાગમ — આશા૦
મા એમ દીવસ વહી જાય છે — વા૦
આનંદમાં રાત્રી જાય — આશા૦
મા દીવસે સઘળુ જુવે — વા૦
રાત્રે સુવે દેરામાંય — આશા૦
મા છઠા દીવસની રાતમાં — વા૦
સપ્ત શકિતઓ ભેગી થાય — આશા૦
મા મધરાત્રી સૌ આવીઆં — વા૦
સેવકને બોલાવે છે પાસ — આશા૦
મા સેવક થરથર ધ્રુજતાં — વા૦
શું કરશે મુજને આજ — આશા૦
મા અમૃત વચન માજી બોલીયાં — વા૦
માગ્ય માગ્ય મારા બાળ — આશા૦
મા છ ભવનો સેવક મુજ તણો — વા૦
વિચાર ના કરસો બાળ — આશા૦
મા સેવક મુખથી બોલતો — વા૦
કાંઇ નવ જોઇએ મોરી માત — આશા૦
મા છ ભવનુ મને જ્ઞાન આપો — વા૦

હું જાણુ સઘળી પેર આરાસુર રાણીરે.
મા જે અથાવીતી આગળ બની વા૦
તે હું જાણુ સઘળી પેર આરા૦
મા હું કોણ હતો કોણ જાતનો વા૦
તમો સાથી થયા પ્રસન્ન આરા૦
મા કોણ જાત હતી માહરી વા૦
હું કયાં વસતો મોરી માત આરા૦
મા જે થયું તે સઘળુ કહ્યો વા૦
ભ્રમ ભાગજો વાગેશ્વરી માત આરા૦
મા જેવું જે આગળ બન્યું વા૦
માજીએ માંડીને કીધી વાત આરા૦
મા ફુલ હાર કાઢયો કંઠથી વા૦
મુજ કંઠમાં નાંખ્યો માત આરા૦
મા હીમત આવી અતી ઘણી વા૦
જાણે બેઠા સગાં સહોદર માંય આરા૦
મા માગવા તણું જે વચન કહયું વા૦
તમો વચન આપો મોરી માત આરા૦
મા બોલ્યાં મુખથી અંબીકા વા૦
તું કહું તે કરૂં હું આજ આરા૦
મા દ્રઢ વિશ્વાસ આવ્યો સેવકને વા૦
બોલ્યો હીંમત ધરીને આજ આરા૦
મા જાણ થયું છાનું માનું વા૦
જે મે કર્યાં સઘળાં કાજ આરા૦

મા સાતમો જનમ મેં ધર્યો — વાઘેશ્વરીરે.
તમો મુજને થયાં પ્રસન્ન — આરા૦
મા ધન દોલત મારે જોઇએ નહિ — વા૦
નવ જોઇએ રાજને પાટ — આરા૦
મા એક નામનો આસરો તાહરો — વા૦
મુજપર રાખો આઠે હાથ — આરા૦
મા ભુલ ચુક મારી માફ કરજો — વા૦
મારા ગુના કરજો માફ — આરા૦
મા આ વચન મારૂ પાળજો — વા૦
બીજી અરજ સાંભળજો માત — આરા૦
મા જે ભોમે પધરાવું મુજ હાથથી — વા૦
ત્યાં સઉની પુરજો આસ — આરા૦
મા જેવે ભાવે તમને ભજે — વા૦
તેવે ભાવે ફળજો માત — આરા૦
મા નીરાસ ન જાય તારે ગોખથી — વા૦
આસા પુરજો મોરૂધ્વજી માત — આરા૦
મા છ જનમના જ્ઞાનમાં — વા૦
પુંઠે પ્રજા ના દીઠી માત — આરા૦
મા તમ દીપક કરે ને મુજ નામ રહે — વા૦
એવી આસા રાખુ માત — આરા૦
મા અમો કોણ હતાં ને ક્યાં આવ્યાં — વા૦
હમારા બેઉના કરજો આધાર — આરા૦
મા જનમ મરણની આંટી ઘાંટી — વા૦

મોક્ષ આપજો જગદઅંબાય   આરાસુર રાણીરે.
મા દસે દિસાએ ડંકા તારા વાગે   વા૦
એ દેહુ દેખાડજો માત   આરા૦
મા આવાં વચન સુણી સેવક મોઢે   વા૦
હસતે મુખે બોલ્યાં માત   આરા૦
મા તેં જે કહ્યું તે હું પાળું   વા૦
તારૂં અખંડ રાખેસ નામ   આરા૦
મા વચન આપી અદ્રષ્ટ થયાં   વા૦
ત્યારે રહી છે છ ઘડી રાત   આરા૦
મા પ્રાતસકાળ થયો જાહરે   વા૦
સાતમા દીવસનો ઉગ્યો દીન   આરા૦
મા દુધ સરોવરમાં સ્નાન કરિ   વા૦
માને ડંડવત કરતો અપાર   આરા૦
મા ઘઠ પાવેથી ઉતર્યો   વા૦
સેવક આવ્યો ચાંપાનેર   આરા૦
મા મધ્યાન સુધી શઉ નીરખીયું   વા૦
પછી આવ્યો સીધવાઈની વાવ   આરા૦
મા પહોર દિવસ રહ્યો એટલે   વા૦
માજી પધાર્યાં સીંધવાઈની પાસ   આરા૦
મા સમદ્રષ્ટી થઇ માજી તણી   વા૦
એટલે ગઇ છે સુધને સાન   આરા૦
મા શયનકાળ જયારે થયો   વા૦
આણ્યાં નટપુર તોડે માત   આરા૦

મા જોડો માવડી કુપ નાંખીયાં — વાલેશ્વરીરે.
તે બતાવે જખતની માત — આરા૦
મા જગત દેખત તે કાઢીયું — વા૦
નથી ભીજયું તે લગાર — આરા૦
મા સંવત ઓગણીસો તેતાળીસ — વા૦
આ પડછો પુરણ થાય — આરા૦
મા જે ગાયું તે સત્ય છે — વા૦
તેમાં ભુલ નહિ લગાર — આરા૦
મા ઓગણીસો છેતાળીસમાં — વા૦
માયે પડછો આપ્યો એક — આરા૦
મા અહંતર વદી બારસ — વા૦
માજી સુર આપ્યો મધ્યાન — આરા૦
મા વણીક એક વીરક્ષેત્ર તણો — વા૦
તેને પડછો આપે માત — આરા૦
મા લીમડી દરબારે કારભારી હતો — વા૦
જેના સુખ તણો નહી પાર — આરા૦
મા દુખ છે એક અતી ઘણું — વા૦
તમે સાંભળો સેવક જન — આરા૦
મા સુરબા સ્ત્રી તે વણીક તણી — વા૦
તેને બાળક જનમ્યો એક — આરા૦
મા વરસ ચારનો બાળક થયો — વા૦
મધ્યાને છોડે દેહ — આરા૦
મા ચાર પુત્ર એમ પરવર્યા — વા૦

ગામ લીમડી કેરી માંય — આરાસુર રાણીરે૦
મા પાંચમો પુત્ર પ્રગટ થયો — વા૦
તે દીન દીન મોટો થાય — આરા૦
મા સુકલ પક્ષનો ચંદ્ર — વા૦
તે વધ્રી પામતો અપાર — આરા૦
મા ચાર વરસનો બાળ થયો — વા૦
માત પીતાને ચીંતા થાય — આરા૦
મા બેઉ જણ ત્યાંથી પરવર્યા — વા૦
વીર ક્ષેત્રની ઝાલી વાટ — આરા૦
મા નટપુર ભાગોળે આવીયાં — વા૦
બાળકે છોડી દાય — આરા૦
મા પતી પત્ની રૂદન કરે — વા૦
જેના શોક તણો નહિ પાર — આરા૦
મા ધાડે સ્વરે રૂદન કરે — વા૦
એને શોક પ્રગટયો અપાર — આરા૦
મા ખોળે બાળક લઇને — વા૦
હૈયું માથું કુટે ત્યાંય — આરા૦
મા લોક જોવા ટોળે મળ્યા — વા૦
તેનું દુખ જોયું ન જાય — આરા૦
મા એટલે સેવક આવીયો — વા૦
જોવા ઉભા છે ત્યાંય — આરા૦
મા મીત્ર હતો નીજ સાથમાં — વા૦
બેઉ જણ ઉભા છે ત્યાંય — આરા૦

મા હકીકત સઘળી ભાઇએ કહી　　વાઘેશ્વરીરે૦
　મારા કરમ તણો છે વાંક　　આરા૦
મા ચાર પુત્ર આવી રીતથી　　વા૦
　પલક એકમાં જાય છે પ્રાણ　　આરા૦
મા મેમદાવાદ સ્ટેશનથી　　વા૦
　આવણું ભર્યું ધુજામાંય　　આરા૦
મા આવણું ખાતો ઢળી પડયો　　વા૦
　પળમાં નીકળ્યા એના પ્રાણ　　આરા૦
મા પુત્ર સ્વરૂપ અદભુત છે　　વા૦
　તે જોતાં હૈયું ભરાય　　આરા૦
મા સેવક મીત્ર બોલીયો　　વા૦
　ભાઇ રાખો આની લાજ　　આરા૦
મા માજી દયાળુ આપડાં　　વા૦
　એની આપડી રાખસે લાજ　　આરા૦
મા સેવક વળતો બોલીયો　　વા૦
　આમાં આપડો શો ઉપાય　　આરા૦
મા મડદું નથી ઉઠીયાં　　વા૦
　એમાં નથી આપડું કામ　　આરા૦
મા એટલું કહીને સેવક ચાલીયો　　વા૦
　આવ્યો પોતાને મુકામ　　આરા૦
મા મીત્ર ત્યાં ઉભો રહયો　　વા૦
　તેડી લાવ્યો વણીકને ત્યાં　　આરા૦
મા શ્રી પુરૂષ જ્ઞાન કહે　　વા૦

તે તો દિઠું સહુન કેમ થાય આરાસુર રાણીર૦
મા આશા ભેર લાસ ફેરવે વા૦
સેવકનું ફરીયું મન આરા૦
મા મસ્કરી મારિ કરી વા૦
હવે જાસે મારી લાજ આરા૦
મા લાજ જસે હવે માહરી વા૦
તમે નોધારાના આધાર આરા૦
મા દેવ તણાં દુઃખ ભાગવા વા૦
પ્રગટયાં પ્રદ્યુમન રાજ ભોવન આરા૦
મા કૈરવ કુળ સંહારવા વા૦
પ્રગટયાં દ્રુપતના જગનની માંય આરા૦
મા એવાં કામ ઘણાં કર્યા વા૦
લજયા રાખજો મોરી માત આરા૦
મા ગૌ બ્રાહ્મણનું દુખ ટાળવા વા૦
સ્વેતા ગીરી પધાર્યા માત આરા૦
મા ભંડાસુર રણ રોળીને વા૦
નીરભય કીધા દેવ આરા૦
મા મહીસાસુર સીર છેદીયાં વા૦
રકત બીજના લીધા પ્રાણ આરા૦
મા ચંડ મુંડ ચાંચડ ચોળીયા વા૦
પછી પાવે પધાર્યા માત આરા૦
મા અનેક રૂપે દુખ ભાગીયું વા૦
માટે વ્હારે ચડજો માત આરા૦

મા આયુસ ના હોય એ બાળના   વાઘેશ્વરીરે૦
એકવાર બોલાવો માત   આરા૦
મા મેરૂ સીખરથી ઉતર્યા   વા૦
આવ્યાં મોરધ્વજ પુરીમાંય   આરા૦
મા મોરધ્વજપુરી ભાંગી ગઇ   વા૦
વસીયું રોહીડપુર તે ઠામ   આરા૦
મા રોહીડ પુર ઉજડ કરી   વા૦
પધાર્યા નટપુર માંય   આરા૦
મા આવું કહ્યું સ્વપના વીસે   વા૦
ક્યારે માનું મોરી માત   આરા૦
મા શ્રી પુરણ આનંદથી   વા૦
જાય વીર ક્ષેત્રની માંય   આરા૦
મા બાળક છે વણીક તણા   વા૦
એના વાળ ઉતરે ગોખ   આરા૦
મા બ્રહ્મ ભોજન આદી કરે   વા૦
નર ચંઢી કરે ગોખ   આરા૦
મા વણીક બચન એટલો   વા૦
હવે હું થાઉં છું બંધન   આરા૦
મા શ્રીફળ બાંધું માહરે   વા૦
જ્યારે ઉતરે બાળકના વાળ   આરા૦
મા મોંઘાં થવાનું કામ નથી   વા૦
અંતરીક્ષથી ઉતરજો માત   આરા૦
મા જગત ખરૂં ખોટું કહેસે   વા૦

કેમ સંખારો મોરી માત આરાસુર રાણીરે૦
મા મડદુ લાવી નાંખીયું વા૦
તારા ચાચર કેરી માંય આરા૦
મા જેવું ગમે તેવું કરો વા૦
વારે ચઢજો સંખલપુર દાય આરા૦
મા અરજ મારી કાને ધરો વા૦
કહું છું દાસ તણો માજી દાસ આરા૦
મા એવું કહીને સેવક બોલીયો વા૦
બાળક સુવાડ્યો ઉમરા હેઠ આરા૦
મા કહ્યા પરમાણે તેણે કર્યું વા૦
દુર જઇ બેઠાં નરનાર આરા૦
મા સ્ત્રી પુરૂષને બેસાડીને વા૦
સઉ ગયાં પોતાને ઠામ આરા૦
મા સેવક વખતો બોલીયો વા૦
તારી માતા પુરસે આસ આરા૦
મા એટલું કહી સેવક ચાલીયો વા૦
જઇ વળગ્યો પોતાને કામ આરા૦
મા મંધ્યાને સુવાડીયું વા૦
જ્યારે કલાક થયા છે ચાર આરા૦
મા છતે બાળ સુવાડીયો વા૦
કોડ વંકો કીધો બાળ આરા૦
મા બાળક રોવા લાગીયો વા૦
તે સાંભળે નરને નાર આરા૦

મા આગળ પાછળ નીહાળીયું વ.ધેશ્વરીરે૦
નવ દીઠું તેણે ઠામ આરા૦
મા કહ્યું વચન સેવક તણું વા૦
નવ ગયા ગોખની પાસ આરા૦
મા ચાર ઘડી દિવસ રહ્યો વા૦
ત્યારે આવ્યો સેવક જન આરા૦
મા ગોખ જઇ નીહાળતો વા૦
બાળની ઉઘાડી છે આંખ આરા૦
મા બાળક અજાણ્યું જોઇને વા૦
ચીસ ઉપર નાંખે ચીસ આરા૦
મા પ્રત્યક્ષ જોયું પારણું વા૦
સેવકને હરખ ના માય આરા૦
મા આવતા લોક ભેગા થયા વા૦
સઉ જોવા લાગ્યા ત્યાય આરા૦
મા એટલે સેવક બોલીયો વા૦
બેન લ્યો તમારો બાળ આરા૦
મા સેવક વચન સીર ચઢાવવા વા૦
બોલે છે નરને નાર આરા૦
મા બાળક નથી એ માહરો વા૦
તમો આપશો તો લઇશું બાળ આરા૦
મા હરખ ભર્યો સેવક ઉઠયો વા૦
બાઇને ખોળે મુકયો બાળ આરા૦
મા આશા પુરી વણીકની વા૦

તેને હરખ થયો અપાર આરાસુરરાણીરે૦
મા સ્તુતી કરે બેઉ સ્ત્રી પુરૂષ વા૦
હરખનાં આંસુ જાય આરા૦
મા બાળક જેવો હતો તેવો વા૦
રમે છે ચાચરમાંય આરા૦
મા સ્ત્રી પુરૂષ બોલીયા વા૦
તમો કહો તે કરશુ અહી. આરા૦
મા સેવક વખતો બોલીયો વા૦
બાળકના વાળ ઉતારજો અહિં આરા૦
મા દેવી તુજપર પ્રસન્ન થઈ વા૦
બાધા વખતે રાખજે માન આરા૦
મા એટલું કહયું વણીકને વા૦
વણીક આજ્ઞા માગે ત્યાંય આરા૦
મા હુકમ હોય જો માજી તણો વા૦
તો રજા આપો આજ આરા૦
મા પાયે લાગીને વણીક ચાલીયો વા૦
તેને શુકન કેવા થાય આરા૦
મા ગાતુ વાગતુ વધામણું વા૦
નાય નાકે મળીયું ત્યાંય આરા૦
મા હરખ ભર્યો વણીક ગયો વા૦
ગયો વીર ક્ષેત્રની માંય આરા૦
મા બાર માસ થયા જાહુરે વા૦
બાધાનો કરતો વીચાર આરા૦

મા હુકમ લેવા આવીયા વાઘેશ્વરીરે૦
બીજું કરવું મારે કામ આરા૦
મા મંડપ તમારો સાંકડો વા૦
મોટો કરૂં આંણે ઠામ આરા૦
મા ઇંટો કાઢી પથ્થર ઘાલુ વા૦
ઉંચું કરાવું શીખર આરા૦
મા દરબજો ગોખને કશો નથી વા૦
મજબુત કરાવું દ્વાર આરા૦
મા ગોખ આગળ આવુ કહે વા૦
એટલે રોપ્યાં જગતની માત આરા૦
મા તેજ વખતે પ્રત્યક્ષ થયાં વા૦
અરયા વણીક શું કાઢયું વેણ આરા૦
મા શેવકનું નામ કાઢીને વા૦
તારે ડેરૂ કરવું આ ઠામ આરા૦
મા આવું વેણ તેં કાઢીયું વા૦
તેં વીચાર ના કીધો મન આરા૦
મા કાંકરો ઉખાડ મારા માઢનો વા૦
નક્કી કાઢેસ તારો વંશ આરા૦
મા ક્રોધે ભર્યા વેણ કાઢીયું વા૦
તું નવ આવેશ મારે દ્વાર આરા૦
મા વણીક ત્યાં ગભરાઇ ગયો વા૦
કરજોડી લાગ્યો પાય આરા૦
મા બાય તણી બાધા માહરે વા૦

કરંવાની તારે ગોખ આરાસુર રાણીરે૦
મા બ્રાહ્મણ ભોજન અહી કરે વા૦
નવચંડ કરાવું ચોક આરા૦
મા વળતાં માજી બોલીયા વા૦
મારે નવ જોઇએ એ કામ આરા૦
મા રૂદન કરતો વણીક બોલીયો વા૦
ક્ષમા આપો જગત અંબાય આરા૦
મા જે કહો તે હું કરૂં વા૦
માફી આપો ગોરી માત આરા૦
મા બંધન હું તુજ આગળ થયો વા૦
હવે કયાં છોડવી બાંધ્યા આરા૦
મા વળતો ઉત્તર આપતાં વા૦
વાળ ઉતારજે પાવાગઢ આરા૦
મા હું અપરાધી પ્રાણીઓ વા૦
મુજપર રાખો મહેર આરા૦
મા મનડું મારૂં નહિ માને વા૦
વચનવાળો આરાસુરીરાય આરા૦
માઁ વચનવાળે વાઘ વાહીની વા૦
લટ કાપશે મારો બાળ આરા૦
મા નીરાસ થઇ વણીક ગયો વા૦
સ્ત્રી આગળ કહી સઘળી વાત આરા૦
મા નાર સઘળું પુછતી વા૦
કશી ફીકર ના કરશો નાથ આરા૦

મા અંબા બહુચરને કાળકા વાઘેશ્વરીરે૦
વળી હરસીધને ખોડીઆર આરા૦
મા તુળજા હીંગળાજને ચામુંડા વા૦
ચોસટ શક્તિ એક સ્વરૂપ આરા૦
મા દૈત્યો મારીને બેઠાં વા૦
ત્યાં આધ શક્તિ પુંજાય આરા૦
મા તમે કહ્યું હશે પાળશું વા૦
તમે સેવક મોકલજો માત આરા૦
મા આનંદે વાળ ઉતરાવીસું વા૦
જે કહ્યું તે કહીશું માત આરા૦
મા શેવક લટ ઉતારશે વા૦
ત્યારે પોચશે મનના કોડ આરા૦
મા પાંચ વરસ થવા આવ્યા વા૦
બાધા કરવા સરખો જોગ આરા૦
મા કાગળ લખે ત્યાં સેવકને વા૦
વીરા વેલા પધારજો આપ આરા૦
મા ચૈતર સુદી સપ્તમી વા૦
વાળ ઉતરાવવા ચડતે પહોર આરા૦
મા કંકોતરી વાંચી વીરા આવજો વા૦
મેઘના જેટલી જોઈશું વાટ આરા૦
મા આશા છે વીરા તમતણી વા૦
આવી સુધારો સઘળું કાજ આરા૦
મા નટપુર આવી કંકોતરી વા૦

સઘળી જાણી સેવકે પેર આરાસુર રાણીરે૦
મા અંબા આપે રૂઠીયાં વા૦
શી રીતે મુજથી જવાય આરા૦
મા આવું જાણી નવ ગયો વા૦
રાત્રે સ્વપનું આપે માત આરા૦
મા સ્ત્રી છે નીરમળ મનની વા૦
જા કરજે તેનું કાજ આરા૦
મા બીજે દીન સેવક ચાલીયો વા૦
ગયો વીરક્ષેત્રની માંય આરા૦
મા આગલે દીને સેવક નવ ગયો વા૦
સ્ત્રી કલપાંત કરતી અપાર આરા૦
મા રૂદન કરતી ને આંસુ ઢાળતી વા૦
મહુરત સાચવે નરનાર આરા૦
મા ગાડીઓ બે જોડાવીને વા૦
નીકળ્યાં શહેરની બહાર આરા૦
મા ત્રીજો અશ્વ તૈયાર કરી વા૦
ભાગોળે જુવે વાટ આરા૦
મા એટલે સેવક જઇ પોચ્યો વા૦
સૌ મંડળી ભેગી થાય આરા૦
મા દીન સઘળો ચાલ્યા કર્યું વા૦
સાંજે હાલોલ કીધો વાશ આરા૦
મા હાલોલમાં રાત્રી રહ્યાં વા૦
પ્રાતસકાળે ચાલ્યા જાય આરા૦

મા સીંવવાઇની વાવે આવીયાં વાઘેશ્વરીરે૦
માજીનાં કરીયાં દરસન આરા૦
મા ધુપદીપ ત્યાં તો કરી વા૦
શ્રીફળ વધેર્યું ત્યાંય આરા૦
મા પાયે નમીને ચાલતાં વા૦
પાંચ્યાં સાંપાતેરની મંય આરા૦
મા ભટજી એ સેવક ઓળખ્યો વા૦
તેડી ગયો તેમને ઘેર આરા૦
મા આશના વાસના ઘણી કીધી વા૦
ભટે પુછી સઘળી પેર આરા૦
મા જે હતું તે સઘળું કહ્યું વા૦
માંડીને સઘળી કહી વાત આરા૦
મા સીધાં સઘળાં તૈયાર કરી વા૦
ત્યાં રસોઇ ચાલતી થાય આરા૦
મા હોમ સામગ્રી સઉ તૈયાર કરી વા૦
નવચંડી કરવા કાજ આરા૦
મા સામાન લઇને ચાલીયા વા૦
આને ગઢે કર્યો પ્રવેસ આરા૦
મા સઘળો સાથ સઉ ચાલીયો વા૦
આવ્યા દુધ સરોવર ઘાટ આરા૦
મા અમર સરોવર સ્નાન કીધું વા૦
પ્રલય કીધાં સઘળાં પાપ આરા૦

મા ચાચરમાં સહુ આવીશું વાગેશ્વરીરે૦
માને કીધાં દંડવત પ્રણામ આરો૦
મા હોમ સામગ્રી તૈયાર કરી વા૦
માની વેદી ત્યાં ચીતરાય આરો૦
મા સર્વે સાહીતો તૈયાર થઇ વા૦
નવચંડી ચાલતી થાય આરો૦
મા બ્રાહ્મણ સઘળા પાઠ કરે વા૦
થાય સ્વાહા શબ્દ ઉચ્ચાર આરો૦
મા ધજા નાળીએર ભેઠ કરી વા૦
તરીઆ તોરણ બાંધ્યા દ્વાર આરો૦
મા શ્રીકૃષ્ણ તણાં તોરણ બાંધ્યાં વા૦
બાળના વાળ ઉતારે ત્યાંય આરો૦
મા પુર્ણાહુતી થઇ હોમ તણી વા૦
થઇ રહ્યો જેજેકાર આરો૦
મા પાયે નમીને ગઢ ઉતર્યો વા૦
ત્યાં રસોઇ થઇ છે તૈયાર આરો૦
મા બ્રાહ્મણ ત્યાં ભોજન કરે વા૦
ત્યાં તો દક્ષણાયો અપાય આરો૦
મા ભટજીને ખુશી કર્યા વા૦
શેઠ રહ્યા ત્યાં પંચરાજી આરો૦
મા પાયે નમી સહુ ચાલીયા વા૦
આવ્યા બીરક્ષેત્રનીમાંય આરો૦
મા સેવક નટપુર આવીયો વા૦

માને ચરણે નમે વારંવાર આરાસુર રાણીરે.
મા ઘણા વરસ વીતી ગયાં વા૦
આવી ઓગણી ચોસઠની સાલ આરા૦
મા વણીક એક નટપુરતણો વા૦
વીસા ખડાયતાની નાત આરા૦
મા ઉંચ કુળ ગ્રહસ્થી હતો વા૦
તેને દુખ વાધ્યું અપાર આરા૦
મા વૈદ વારૂ જુવા ભાવડી વા૦
તેણે હુંનર કર્યા હજાર આરા૦
મા દુખ ન મટે તેહને વા૦
દીન દીન વધતુ જાય આરા૦
મા પડતો ને આખડતો વા૦
માની અરજ કરતો અપાર આરા૦
મા અરજ સુણી આરાસુરીયે વા૦
પલક એકમાં ટાળ્યું દુખ આરા૦
મા દુખ ગયું ને સુખાયો થયો વા૦
દેરૂ કરવા કરે વિચાર આરા૦
મા જીનું દેરૂ સુધારવા વા૦
માનો હુકમ માગે શેઠ આરા૦
મા હુકમ ના આપે શેઠને વા૦
હું નવ બેશુ એ જે ઠામ આરા૦
મા સેવક લાંઘણ કરવા બેઠો વા૦
તેને લાંઘણ થઇ છે ચાર આરા૦

મા અરજ કરે ને મુખ બોલતો વાઘેશ્વરી૦
 કુટુંબ કોપ્યું છે જુગની માત આરા૦
મા બેઠાં સહીઆરી સોમમાં વા૦
 મેણાં ખાસે પુઠે વૈષ્ય આરા૦
મા દેવળ કરાવે શેઠીયો વા૦
 તેના મનમાં ઘણો ઉમંગ આરા૦
મા હુકમ આપો વાઘ વાહીની વા૦
 મારા મનના પોચે કોડ આરા૦
મા મહારાણીજીના રાજ્યમાં વા૦
 પસાયતુ આપ્યું માત આવા૦
મા તે સોમે દેવળ કરૂં વા૦
 તેમાં બીરાજો વાઘેશ્વરી માત આરા૦
મા વળતો હુકમ આપીયો વા૦
 તું સાંભળ વણીકના બાળ આરા૦
મા સેવક સાત અવતારનો વા૦
 તેને હાથે બેસુ ગોખ આરા૦
મા તારી બેસાડી નવ બેસુ વા૦
 હું બેસુ સેવકને હાથ આરા૦
મા કહો તે વચન પાળશું વા૦
 તેમાં ચુકુ નહિ લગાર આરા૦
મા પથ્થર દેવળ ચણાવીયું વા૦
 તેની શોભાનો નહિ પાર આરા૦
મા અગમ વાયક ઉચર્યાં વા૦

મારૂં ઉચું દેવળ નવ થાય આરાસુર રાણીરે૦
મા છત્રીસો કારીગરમાં વા૦
રાજા તેડાડ આવે આ ઠામ આરા૦
મા ગણત કોડ એ નારેચે વા૦
મારૂ શીખ્ખર વાળસે એહ આરા૦
મા વાવ્ય બંધાવે સાંમી પારે વા૦
કરસે શોભા અપર પાર આરા૦
મા નવા પાયા ખોદાવસે વા૦
ધાળુ ધાલસે દેવલમાંય આરા૦
મા સોના કળસ ચઢાવસે વા૦
મારી ધજા ફરકે ગગન આરા૦
મા આવું વચન માજી બોલીયાં વા૦
તું સાંભળ વણીકના બાળ આરા૦
મા વચન માજીનું પાળ્યું વા૦
માનો હુકમ ચઢાવ્યો શીશ આરા૦
આસો શુદી શરદ પુનમ છે વા૦
માજી બીરાજ્યાં ઉગમણે ગોખ આરા૦
મા ઉરૂ ધર્મશાળા કર્યા વા૦
ઓગણીસે પાંસઠની સાલ આરા૦
મા પંચ દીવસ હોમ કર્યા વા૦
બ્રહ્મ ભોજનનો નહિ પાર આરા૦
મા તમે કહ્યું ને મેં લહ્યું વા૦
માજી ભુલ્યો ચુક્યો કરજો માફ આરા૦

મા નથી ભણ્યો ને નથી ગણ્યો વાઘેશ્વરીરે૦
નથી જાણતો શાસ્ત્રનું નામ આરા૦
મા ભુલ ચુક મારી ઘણી હસે વા૦
ગાનારા કરજો માફ આરા૦
મા જોસી પુરાણીને જે કવી વા૦
ભુલ હોય તે કરજો માફ આરા૦
મા જે ગાય શીખેને સાંભળે વા૦
તેની અંબા પુરે આશ આરા૦

આ અંબુજી ઉમંગ ભરીરે,
આસો સુદી પુનમને દીનજો;
જગત જનુની નવલે ગોખે બીરાજીયાંરે,
ચરણ ગોપીને પહેરી માથે ચુંદડીજો
અંગો અંગમાં સણગાર સોભતારે,
અષ્ટ ગંધની આડ લલાટે કીધીજો;
બીંદુ ત્રીકોણ અર્ધ સરીરમાંરે.
ચાર વરણ ને જુગ ચાર માજી વેદમાંજો,
મા સરદ પુનમ નવખંડ ખરીરે;
નારણની જનુની વાઘેશ્વરીજો.
ત્રણ દેવનું એ તત્વ ખરીરે.

સમાપ્ત.

આરતી.

જે ઉદીયા શક્તિ મા, જે ઉદીયા શક્તિ,
અખંડ બ્રહ્માંડ નીપાવ્યાં મા. અખંડ બ્રહ્માંડ નીપાવ્યાં;
પડવે પંડે માય, જયો જયો મા જગતંબે. ૧
દ્વિતિયા બે સ્વરૂપ, શિવસક્તિ જાણું મા, શિવશક્તિ જાણું
બ્રહ્મા ગુણપતિ ગાઉં મા, બ્રહ્મા ગુણપતિ ગાઉં;
હર ગાઉં હરમા, જયો જયો મા જગતંબે. ૨
તૃતિયા ત્રણ સ્વરૂપ ત્રિભુવનમાં બેઠા મા, ત્રિભુવનમાં બેઠા,
ત્રયસથંકી તરવેણી મા, ત્રયસથકી તરવેણી;
તુ તરવેણી માત, જયો જયો મા જગતંબે. ૩
ચોથે ચતુરા મહાલક્ષ્મીજી સચરાચર વ્યાપ્યા મા,
સચરાચર વ્યાપ્યા,
ચાર ભુજા ચોદીસામા, ચાર ભુજા ચોદીસા;
પ્રગટયાં દક્ષિણમાં, જયો જયો મા જગતંબે. ૪,
પંચમી પંચરૂષી પંચમા ગુણ પદમા મા, પંચમા ગુણપદમાં
પંચ સહસ્ત્ર ત્યાં સોહીયે મા, પંચસહસ્ત્ર ત્યાં સોહીયે;
પંચે તત્વો માં, જયો જયો મા જગતંબે. ૫
ષષ્ટી તુ નારાયણી મહિસાસુર માર્યો મા, મહિસાસુર માર્યો,
નરનારીને રૂપે મા, નરનારીને રૂપે;
વ્યાપ્યાં સઘળે માત, જયો જયો મા જગતંબે. ૬
સાંતમી સપ્તમી પાતાળ સાવીત્રી સંધ્યામાં સાવીત્રી સંધ્યા,

ગૌ ગંગા ગાયંત્રી મા, ગૌ ગંગા ગાયંત્રી;
ગત્રરી ગીતા માય, જયો જયો મા જગતંબે. ૭
અષ્ટમી અષ્ટ ભુજા નંદી આનંદા મા, નદી આનદા,
શુરી નર મુનીવર જનમ્યા મા, સુરીનર મુનીવર જનમ્યા;
દેવ દૈત્યો માં, જયો જયો મા જગતબે. ૮
નવમી નવકુંળ નાગ સેવે નવદુરગા મા, સેવે નવદુરગા,
નવરાત્રીનાં પુજન સીવરાત્રીનાં અરચ્યન;
કીધાં છે બ્રહ્મા જયો જયો મા જગતંબે.
દશમી દસ અવતાર જય વિજીયા દશમી મા,
જયવિજીયાં દમી,
રામે રામ રમાડયા મા, રામે રામ રમાડયા,
રાવણ રોળ્યો માત, જયો જયો મા જગતબે. ૧૦
એકાદશી અગીઆરસ કાત્યાયની કામા મા કાત્યાયની કામા
કામ દુરગા કાળીકા મા કામ દુરગા કાળીકા
સામા ને રામા જયો જયો મા જગતંબે. ૧૧
બારસે બાળારૂપ બહુચરી અંબામા બહુચરી અંબા
બટુક ભેરવ સોહીએ મા કાળ ભેરવ સોહીએ
તારાં છે તુંજ માત. જયો જયો મા જગતંબે. ૧૨
તેરસે તુળજારૂપ તમો તારૂણી મા તમો મા તમો તારૂણીમાતા
બ્રહ્મા વિષ્ણુ સદાસીવ મા બ્રહ્મા વિષ્ણુ સદાસીવ
ગુણ તારા ગાતા. જયો જયો મા જગતંબે. ૧૩
ચૌદસે ચૌદારૂપ ચંડી ચામુંડા મા ચંડી ચામુંડા,
ભક્ત ભાવ કરી આપો મા પોતાનાં કરી સ્થાપો;

સીંહ વાહીણી માતા જયો જયો મા જગતંબે. ૧૪

પુનમે કુંભ ભર્યો સાંભળજો કરૂણામા સાંભળજો કરૂણા.
વસિષ્ટ દેવે વખાણ્યાં મારકુંડ દેવે વખાણ્યાં
ગાઇ શુભ કવિતા. જયો જયો મા જગતંબે. ૧૫

સંવત સોળ સતાવન સોળે તે ભાવ્યાંમા સોળે તે ભાવ્યાં
સંવત સોળે મા પ્રગટયાં મા સંવત સોળે મા પ્રગટયાં
મા રેવાની તીરે. જયો જયો મા જગતંબે. ૧૬

આવી ત્રંબાવટી નગરીમા રૂપાવતી નગરીમા રૂપાવતી નગરી
સોળ સહસ્ત્ર ત્યાં સોહીએ મા સોળ સહસ્ત્ર ત્યાં સોહીએ
ખમા કરો ગવરી જયો જયો મા જગતંબે. ૧૭

શીવ શક્તિની આરતી જે કોઇ ગાસે મા કોઇ ગાસે
ભણે શીવાનંદ સ્વામી સુખ સંપત થાસે હરકૈલાસે જાશે
મા અંબા દુઃખસે જયો જયો મા જગતંબે. ૧૮



બહુચરાની આરતી.

જે બહુગર બાળીમા જે બહુચર વાળી આરાસુરમા
અંબે મા આરાસુરમાં અંબે મા પાવેગઢવાળી જેજે
જે જે બહુચરવાળી. ૧
પહેર્યાં નૌતમ ચાર પહેરી કડકડતી સાડીમા પહેરી
કડકડતી સાડી દર્પણ લઇને હાથમા દર્પણ લઇને
હાથ મુખ જુઓ નિહાળી. જે જે જે બહુચરવાળી. ૨
રંગ ભર્યો સીંદુર રવીસુત અજવાળી મા રવીસુત
અજવાળી નાકે વેશરમોર મા નાકે વેશરમોર
મોતીની વાળી જે જે જે બહુચરવાળી. ૩
હીમાગળમાં રંગે રમતાં તુમા રઢીઆળી માતું મા
રઢીઆળી દેવકાજ બહુ કીધાં મા દેવકાજ બહુ કીધાં
માતા મન જાણી જેજે જે બહુચબાળી ૪
નીરમળ જોત સ્વરૂપ જોતાં દીવાળીમા જોતા દીવા
મા કુકડા કરે કલોલ મા કુકડા કરે કલોલ હીંડે
મતવાળી જેજે જે બહુચરબાળી ૫
હણ્યા દૈત્ય અનેક ત્રીસુળે ઘાલી મા ત્રીસુળે ઘાલ,
દાનવ હણવાકાજ મા દાનવ હણવાકાજ
રથ એસી ચાલી જે જે જે બહુચરવાળી ૬
હરખ્યા મન મહાદેવ વાગ્યા તે પાળીમા વાગ્યા તે
પાળી અવનીજ પડીયો ભંગ મા અવનીજ પડીયો
ભંગ જોતાં થઇ લાલી જે જે જે બહુચરવાળી ૭

ભવસાગર ભરપુર લેજો ઉગારી મા લેજો ઉગારી
વર્ણન કરવાકાજ મા વર્ણન કરવાકાજ
જીભ્યા નવ ચાલી જે જે જે બહુચરવાળી ૮
પડીયાં દવસંગાથુ ઉપની ખુશાલી મા ઉપની ખુશાલી
કહે વલભ કરજોડી મા કહે વલભ કરજોડી
લેજો ઉગારી જે જે જે બહુચરવાળી ૯

સ્તુતી.

પ્રથમ સરસ્વતી માતને પાય લાગુ
વળીને વળી હું રસીકવાણી માગું
ભવોભવ ભવાંની કરૂ સ્તુતી તારી
કૃપારૂપ જગતંબે આનંદકારી
આઇ તું સકળ વિસ્વની મુળ માયા
હરીહર વિરંચી ત્રિગુણાત્મક જાયા
રચ્યો સર્વ સંસાર તેં સુખકારી
કૃપારૂપ જગતંબે આનંદકારી
તારી કીર્તી કહેવા મને આશપુરી
આઇદાસ સ્થાપી ધો વાણી મધુરી
વદનમાં વસો બ્રહ્મ કન્યા કુમારી
કૃપારૂપ જગતાંબે આનંદકારી
મારે માત તું તાત તું ભ્રાત ભગની
સહોદર પરીવાર તું મુજ વગની
તારે શર્ણું છું હું ત્રિશુળ ધારી

કૃપારૂપ જગતંબે આનંદકારી
નથી જાણુતો ધર્મ ખટકર્મ શેવા
નથી ભણુતો જપ તપ ધ્યાન દેવા
તારા નામનો ભરૂશોજ ભારી
કૃપારૂપ જગતંબે આનંદકારી
નથી જાણુતો જ્ઞાનની વાત સાચી
રહ્યો તે થકી મોહ માયાને રાચી
કરો જ્ઞાનવંતો કુબુદ્ધિની વારી
કૃપારૂપ જગતંબે આનંદકારી
નથી જાણુતો વેદ કે મંત્ર વિદ્યા
સકળ શાસ્ત્રનું સારતું સર્વ શિધા
મને ભકત જાણી મેલો ભવ ટાળી
કૃપારૂપ જગતંબે આનંદકારી
મહા મંદમતી હીન હું છું ભવાની
તમારી કરી વાત સર્વે થવાની
કોને જઇ ભણુ તું વીના માત મારી
કૃપારૂપ જગતંબે આનંદકારી
પડી પીંડને પેટની વેઠ મોટી
તેને જ્ઞાનની વાત કીધી છે ખોટી
મારાં દુખ દારીદ્ર નાંખો વીદારી
કૃપારૂપ જગતંબે આનંદકારી
હુંતો દીન દુર્બળ થઇ શરણુ આવ્યો

ભવાંની વળી ભકત તારો કહેવાયો
તેની લાજ છે તુને સારી નઠારી
કૃપારૂપ જગતંબે આનંદકારી
ભણે શાંભળે વીનતી ભાવ આંણી
તેને દાસ સ્થાપે અંબાદ્દીન જાણી
મહા પાપના તાપથી લો ઉગારી
કૃપારૂપ જગતંબે આનંદકારી
દાસ તારાની વીનતી મન આણી
મને દાસના દાસનો દાસ જાણી
ધરી દ્રષ્ટી મીઠી મુને રાખો ઠારી
કૃપારૂપ જગતંબે આનંદકારી

સ્તુતિ.

આરાસુરી અકળ અંબા અતી દયાળી
તું સત્ય એક જગમાં સુખદાની હાળી
બ્રહ્માદિ દેવ અહ્મેદ સ્તવે મયાળી
શ્રી વાઘેશ્વરી કરૂણા કરજો કૃપાળી
લક્ષ્મી દયા વસુધરા તુહી આદ્ય દેવી
વૃતી સમૃતિ ભાગવતી ગણી માત સેવી
વિશ્વેશ્વરી ત્રિવેણુ રૂપ રૂપે રૂપાળી
શ્રી વાઘેશ્વરી કરૂણાં કરજો કૃપાળી
ક્ષાન્તી શીવા પરમચેતન વિશ્નુમાયા

તૃષ્ણા ક્ષુધા બહુચરી મતી જાતિ છાયા
આનંદ કંદ કરૂ વંદ શીશ ઢાળી
શ્રી વાઘેશ્વરી કરૂણા કરજો કૃપાળી
શાન્તી રૂપે સરવમાં વસી વાસ શક્તિ
ભ્રાંન્તી થકી ભ્રમિત થઇ ભુલુ ભાવ ભક્તિ
કાન્તી મનોહર સકતી માતે મહા વિશાળી
શ્રી વાઘેશ્વરી કરૂણા કરને કૃપાળી
તેં ભકતકાજ ધરી રૂપક રામકાળી
માર્યા અસુર કુર ત્રિસુળથી ઉછાળી
નારાયણી નીગમના ગમલે નીહાળી
શ્રી વાઘેશ્વરી કરૂણા કરજો કૃપાળી
આવી વસ્યાં નટપુરે ધરી નેહ ઝાઝો
પુર્વા ભીમુખ કરી વ્યાઘ્ર ચઢી વીરાજો
દેજો સદા દરસન તાપ ત્રિવીધકાળી
શ્રી વાઘેશ્વરી કરૂણા કરજો કૃપાળી
કાપી કુબુદ્ધિ જનુની શુભ બુદ્ધિ આપો
તારી ભવાબ્ધિ મમ કિલ્વિષ માત કાપો
ભોળી ભવાની ભલી ભુતમ ભર્યા ભાળી
શ્રી વાઘેશ્વરી કરૂણા કરજો કૃપાળી
આવી સદાચરણમાં કરજોડી પાઠે
ગાસે વસંત તિલકા સ્તુતી પાઠ આઠે

આપે સદા અભય તું પદ મા જયાળી
શ્રી વાઘેશ્વરી કરૂણા કરજો કૃપાળી

દોહરો

લાલ વહાલ ધરી વીનવે ભણે ભાવથી છંદ
ચરણ શરણ દો દાસને જય જય શ્રી જગદંબ

અવતાર

મા આદીત્યે આનંદ અંબા નીરખીરે
ગુણ ગાવા મન ઉભરાય રૂડુ હરખી રે
મા સોમે હરી સુધ બુધ દરસન આપી રે
વણ મુલે કીધો દાસ દુખડાં કાપી રે
મા ભોમે ભવાની માત મુજને વાલીરે
થઇ વાઘની ઉપર સ્વાર ત્રીશુળ વાલી રે
મા બુધે બાળ સ્વરૂપ દીઠી બાળી રે
મા બેઠી સજી શણગાર ગબ્બર વાળી રે
મા ગુરૂવારે શોભાય ગરૂડ સ્વારી રે
મેં અકળગતી ના કળાય નીરખી તારી રે
મા શુક્રવાર સમીસાંજ જોઉં બલીહારી રે
કરી પંચ તિરથ જાત્રાય માજી તારી રે
મા શનીવારે સંતાપ તનમાં થયો રે
કરી દરસન સાકો સંઘ પંથ પમાયે રે
આ સાતવાર જે ગાય સુખી તે થાયે રે
દાસ તારાને તેડ ગુણ તુજ ગાયે રે

થાળ.

આરોગો અંબા મોરી માય જમ જમ લારા સુખીયા થાય
મા કનક કળસ ગંગાજળ ભરી વાગેશ્વરી
આગળ થાયજ ધરી
મા. દ્રાક્ષ ચારોળી બદામ અખોડ પસતાં લીંબુને ફ્રરસાં બોર.
મા. સીંગોડાં સાકર શેલડી ખડબુચાં આંબા કાકડી.
મા. કેળાં ખાંડ ઘ્રત પુરણુ કરી આરોગો વાઘેશ્વરી ચીત્ત ધરી.
મા. પછી પેંડાજન લાવ સાર જલેબી લાડુ ઘેબર સાર.
મા. થાય પુરી માજી આગળ ધરી, અનેક અનેકનાં ભજીયાં કરી.
મા. મગના લાડુ શેવોસાર, પેંડા ધારીને દુધપાક.
મા. ખારા તીખાંને તમતમાં આદુ લીંબુને મહિ કરમટ ઘણાં.
મા. શ્રીફળ માજી લેજો ભોગ, અનેક અનેકના સર્વ સંજોગ.
મા. ખીર ખાંડ ઘ્રત પોરીસાર આરોગો વાઘેશ્વર કંસાર.
માલેચીલાપસીને ચુરમાં વડાં, સારી સારી વેડમીને શાકજ ઘણું।
મા. કેસરી કુરમાંદહીં ભરપુર, જીરૂ રસમાં જમીએ પુર.
મા. આરોગીને ઉઠો મોરીમાત એંઠાં જુઠાં જન માગી માગી ખાય
મા સીંહાસન ઉપર સુંદરી, બેઠાં વાઘેશ્વરી મરવરી માત.
મા બેઠે ણરાસે બીડી કરી વાઘેશ્વરી માએ મુખમાં ધરી.
મા. એકજ દાસી ઢોળે વા, મા એક દાશીની આગળ નૃત્ય મા કરે.
મા. વાગે પંચ શબ્દ નીશાન, ભેર ભુંગળ વાગે પરીમાણ.
મા. સકળ મનોરથ પુરો મોરીમાય બેઉ કરજોડી કહે તારો દાસ

મા મહિસાસુર મધની હો માત આરોગો અંબે
મા તમે કરો સેવકને સહાય સુધબુધ અવલંબે
મા આવી અકળીત છો અંબાય સચરાચર વ્યાપી
મા. મહેર કરો મોરીમાય ગુણ ગાયે દાસ
મા. સુવર્ણ કેરી થાય માજી મેં આણી
મા. ભોજન કરવાને કાજ દાસ કહેવાણી.
મા. પ્રીત્યે કર્યાં પકવાન સુંદર સુખલડી
મા. માજીનું જોતાં મુખ ભાખે ભુખલડી.
મા. સુંદીર કીધાં મેં શાક નાના વીધ વીધનાં
મા. પ્રીતે નીપાજ્યો પાક સાહિત્ય શો કીધી
મા. અંબા અપસાહે મા । રમવા મનવાણી.
મા. શુધ આ ચમન કરવા સુંદર છે પાણી.
મા. આરોગો મુખવાસ મુખ સુંદીર થાયે
મા, માત પ્રીતે આપો પ્રસાદ દાસ મયો ગાયે.



જાહેર ખબર.

શ્રી માતાજીના ગરબાની ચોપડી અમારા તરફથી બહાર પડેલી છે. તેની કીંમત આઠ આના રાખેલી છે. તેના કદના પ્રમાણમાં તેની કીંમત ઘણીજ ઓછી રાખેલી છે. પણ દરેક ગૃહસ્થો તે વાંચવાનો લાભ લેઇ શકે તેજ ઇરાદાથી તેની કીંમત ઓછી રાખેલી છે. અમારી આ ચોપડી જે સાહેબો વાંચશે તેમને હાથમાંથી નીચે મુકવાનું મન થશેજ નહિ, એવા દરેક ગરબાઓ તથા આરતીઓ વીગેરેનો સમાવેશ કરેલો છે. આ ચોપડીમાં સ્વાર્થ તેમજ પરમાર્થ સમાયેલો છે. કારણકે ચોપડીની છપામણી વીગેરેના ખર્ચના પૈસા બાદ જતાં જે નફો રહેશે તે શ્રી માતાજીના ખર્ચમાં ધર્માદા આપવાના છે. જથાબંધ લેનારને સારૂં કમીસન આપવામાં આવશે. અમારી આ ચોપડીઓ દરેક જાણીતા બુકસેલરો પાસેથી મળશે. જે સખ્સોને અમારી આ ચોપડીઓ વેચવા રાખવાનો વિચાર હશે તેમને આપવામાં આવશે. તેમણે રૂબરૂમાં મળવું અગર પત્ર લખી ખુલાસો મંગાવવો. પત્ર વ્યવહાર નીચેના શીરનામે કરવો. નોટપેડ પત્ર લેવામાં આવશે નહિ.

શા. જેઠાલાલ બાપુજી.

બુકસેલર–છોટાલાલ ત્રીકમદાસની દુકાને,

ઠે. તલાટી પોળમાં—મુ. નડીયાદ.